RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 187 Dt. 31-01-2026 Page : 08 Price : Rs 3

આપના મોબાઇલમાં રાજકોટ મિરર મેળવવા ઇચ્છો છો?
QR કોડ સ્કેન કરો અને જોડાવ અમારા whatsapp ગ્રુપમાં

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

# સોનું-ચાંદી તૂટતા રોકાણકારો ઊંધામાથે!

## ચાંદીમાં ૧,૦૭,૯૭૧નો કડાકો, બજારમાં 'પેનિક સેલિંગ' : સોનું ૧૫-૨૦ હજાર તૂટ્યું : તેજીના ધોવાણથી બજારમાં હાહાકાર

નવીદિલ્હી, તા. ૩૦

સોના-ચાંદીમાં તેજીની ચાલ બાદ આજે બંને દાતુંમાં તીવ્ર કડાકા બોલી જતા બજારમાં હાહાકાર મચી ગયો છે. તેજીના પૂરમાં સામે ચાલીને તરવા ગયેલા સેંકડો રોકાણકારોના એકજ દિવસમાં કરોડોનું ધોવાણ થઇ ગયું છે. એક તબક્કે બજારમાં ''પેનિક સેલિંગ'' એટલેકે તેજીની આશાએ મોટી ખરીદી કરનાર રોકાણકારો હવે ગભરાટ વચ્ચે નીકળવા માંગતા હોવાથી વેચવાલી ચાલુ કરતા ચાંદીમાં અભૂતપૂર્વ કડાકો બોલી ગયો છે.

આજે શુક્રવારે ચાંદીના કડાકાએ ભૂતકાળના તમામ દાયકાના રેકોર્ડ તોડી નાખ્યા હતા. થોડા દિવસોથી શરુ થયેલી તેજીના વળતા પાણી થતા અને માત્ર ૨૪ કલાકમાં ચાંદીના ભાવમાં આવેલો આ ઘટાડો ઈતિહાસના સૌથી મોટા ઘટાડો ગણાવાયો હતો. મલ્ટી કોમોડિટી એક્સચેન્જ પર આજે શુક્રવારે રાત્રે ૧૧:૧૫ કલાકે ચાંદીના ભાવમાં ₹૧,૦૭,૯૭૧ જેટલો મોટો ઘટાડો થતા ચાંદી બજાર હાલક-ડોલક થઇ ગઈ હતી.

ચાંદી (૫ માર્ચ ૨૦૨૬ વાયદો) ઘટીને રૂ. ૨,૯૧૯૨૨ પ્રતિ કિલોગ્રામ પર પહોંચી ગઈ છે. માત્ર એક જ ટ્રેડિંગ સેશનમાં ચાંદીમાં રૂ. ૧,૦૭,૯૭૧ નો ધરખમ ઘટાડો નોંધાયો છે. ચાંદીના ભાવમાં સીધો ૨૭.૦૦% નો મોટો કડાકો જોવા મળ્યો છે.

દિવસ દરમિયાન ચાંદી રૂ. ૩,૮૯,૯૮૬ની ઊંચાઈ પર પહોંચ્યા બાદ સતત ગગડતી રહી અને રૂ. ૨,૯૧,૯૨૨ ના લો લેવલ પર સરકી ગઈ હતી.

બજારમાં જોવા મળી રહેલા આ ડાઉનવર્ડ ટ્રેન્ડ પાછળનું મુખ્ય કારણ 'લોંગ અનવાઈન્ડિંગ' માનવામાં આવે છે. એટલે કે, જે લોકોએ તેજીની આશાએ મોટા પ્રમાણમાં ખરીદી કરી હતી, તેઓ હવે ગભરાઈને પોતાની પોઝિશન ખાલી કરી રહ્યા છે, જેને કારણે ભાવમાં સતત ઘટાડો થઈ રહ્યો છે.

ચાંદીમાં ૨૭%ના ઘટાડાની અસર સોનાના ભાવ પર પણ પડી છે. ભારતમાં સોનાના ભાવમાં પણ રેકોર્ડ સ્તરેથી પીછેહઠ જોવા મળી છે અને તે હાલ ₹૧.૬૩ લાખ (પ્રતિ ૧૦ ગ્રામ) ની આસપાસ ટ્રેડ થઈ હતું. આજે સોનામાં ૧૫ હજારથી વધુનો ઘટાડો નોંધાયો છે. ન્યુયોર્કમાં એક જ દિવસમાં ચાંદીમાં ૩૩ ટકા અને સોનામાં ૧૨ ટકાના ગાબડા પડ્યા હતા.



### રોકાણકારોના કરોડો રૂપિયા ધોવાયા

**છેલ્લા ત્રણ દિવસમાં ચાંદી જે રીતે દરરોજ ₹૩૦,૦૦૦ થી વધુ વધી રહી હતી અને ₹૪.૨૦ લાખની સર્વોચ્ચ સપાટીએ પહોંચી હતી, તે બધી જ તેજી આ એક જ દિવસના તીવ્ર કડાકામાં સાફ થઈ ગઈ છે. શુક્રવારની આ મંદીએ બજારમાં 'પેનિક સેલિંગ' (ગભરાટમાં વેચાણ)ની સ્થિતિ ઊભી કરી છે. જો કે રાત્રીના બાર વાગ્યે સોનામાં ઘટાડો વધ્યો હતો અને ચાંદીમાં ઘટાડો ઘટ્યો હતો. જેમાં સોનું ૨૦ હજાર તૂટીને ૧.૫૪ લાખની સપાટીએ હતું. જ્યારે ચાંદી ૯૮ હજારના કડાકા સાથે ૩.૨૮ લાખની સપાટીએ પહોચી હતી.**

# ભડકાઉ ભાષણ અંગે ખડગેને દિલ્હી હાઈકોર્ટની નોટિસ

## ખડગેએ ૨૦૨૩માં કર્ણાટકમાં એક ચૂંટણી રેલીમાં RSS અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ ભડકાઉ ભાષણ આપ્યું હતું : ૨૭ મી ફેબ્રુઆરીએ સુનાવણી

રાજકોટ, તા. ૩૦

દિલ્હીની એક કોર્ટે ૨૦૨૩ માં કર્ણાટકમાં એક ચૂંટણી રેલી દરમિયાન કથિત રીતે ભડકાઉ ભાષણ આપવાના સંદર્ભમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને નોટિસ ફટકારી છે. દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે ખડગેને નોટિસ ફટકારી જવાબ માંગ્યો હતો. અગાઉ, નવેમ્બર ૨૦૨૪ માં, દિલ્હીની તીસ હજારી કોર્ટે ખડગે વિરુદ્ધ દાખલ ફરિયાદ પર ધ્યાન આપવાનો ઇનકાર કર્યો હતો, જેમાં અરજી ફગાવી દેવામાં આવી હતી. અરજદાર રવિન્દ્ર ગુપ્તાએ રાઉઝ એવન્યુ કોર્ટ સેશન્સ કોર્ટમાં તીસ હજારી મેજિસ્ટ્રેટ કોર્ટના આદેશને પડકાર્યો હતો. એવો આરોપ




છે કે ખડગેએ ૨૦૨૩ માં કર્ણાટકમાં એક ચૂંટણી રેલીમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ ભડકાઉ ભાષણ આપ્યું હતું. કોર્ટ હવે ૨૭ ફેબ્રુઆરીએ કેસની સુનાવણી કરશે.

આરએસએસના સભ્ય દ્વારા આ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. ફરિયાદમાં આરોપ છે કે ખડગેએ એપ્રિલ ૨૦૨૩ માં કર્ણાટકમાં એક ચૂંટણી રેલી દરમિયાન ભડકાઉ ભાષણ આપ્યું હતું, જેમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ અપમાનજનક ટિપ્પણીઓનો સમાવેશ થતો હતો.

ડિસેમ્બર ૨૦૨૪ માં પણ આ મુદ્દો સામે આવ્યો હતો જ્યારે કોર્ટે કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે વિરુદ્ધ FIR નોંધવાનો નિર્દેશ આપવાનો ઇનકાર કર્યો હતો. ફરિયાદી, RSS સભ્ય રવિન્દ્ર ગુપ્તાએ આરોપ લગાવ્યો હતો કે ખડગેએ કર્ણાટકમાં એક ચૂંટણી રેલી દરમિયાન RSS અને BJP વિરુદ્ધ ભડકાઉ અને દ્વેષપૂર્ણ ભાષણ આપ્યું હતું. દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે ખડગેને નોટિસ જારી કરીને જવાબ માંગ્યો હતો. નવેમ્બર ૨૦૨૪ ની શરૂઆતમાં, દિલ્હીની તીસ હજારી કોર્ટે ખડગે વિરુદ્ધ દાખલ કરેલી ફરિયાદ પર ધ્યાન આપવાનો ઇનકાર કર્યો હતો, અરજી ફગાવી દીધી હતી.

## સ્થળાંતરને રોકવા, આદિવાસી ઓળખને સુરક્ષિત રાખવા મતદારોને ફરીથી ભાજપને સમર્થન અનુરોધ કરતા કેન્દ્રીય ગૃહમંત્રી

# કોંગ્રેસના શાસનમાં આસામમાં ઘુસણખોરી વધી'તી : શાહ

નવી દિલ્હી, તા.૩૦

ગૃહમંત્રી અમિત શાહે શુક્રવારે કહ્યું કે કોંગ્રેસના ૨૦ વર્ષના શાસન દરમિયાન આસામની વસ્તી વિષયક સ્થિતિ બદલાઈ ગઈ છે, અને ચેતવણી આપી હતી કે રાજ્યના સાત જિલ્લાઓમાં ''૬.૪ મિલિયન ઘુસણખોરોનું વર્ચસ્વ છે.'' તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ફક્ત ભાજપ જ ઘુસણખોરી રોકી શકે છે અને આગામી વિધાનસભા ચૂંટણીમાં લોકોને ફરીથી પાર્ટીને ચૂંટવા માટે અપીલ કરી હતી. અરુણાચલ પ્રદેશ સરહદ નજીક ધેમાજીમાં એક રેલીને સંબોધતા શાહે કહ્યું કે ફક્ત ભાજપ જ આસામમાં ઘુસણખોરીના વલણને ઉલટાવી શકે છે. ''આપણા સાત જિલ્લાઓ - ધુબરી, બારપેટા, દરંગ, મોરીગાંવ, બોંગાઈગાંવ, નાગાંવ અને ગોલપારા - ઘુસણખોરોનું વર્ચસ્વ બની ગયા છે. કોંગ્રેસના ૨૦ વર્ષના શાસનમાં, આ સાત જિલ્લાઓ, જ્યાં પહેલા કોઈ ઘુસણખોર નહોતા, હવે ૬.૪ મિલિયનની વસ્તી છે.'' જો આપણે ઘુસણખોરી રોકવા માંગીએ છીએ, તો



આપણે શું કરવું જોઈએ?

હું એમ નથી કહેતો કે લોકોએ હથિયાર ઉપાડવા જોઈએ અને ઘુસણખોરી રોકવા માટે સરહદ પર જવું જોઈએ. હિમંતા બિસ્વા શર્માની સરકાર તે કરશે. ચિંતા કરશો નહીં. પરંતુ જો તમે ઘૂસણખોરી રોકવા માંગતા હો, તો આગામી ચૂંટણીમાં ફરી એકવાર ભાજપને ટેકો આપો. અહીં ભાજપની સરકાર પસંદ કરો. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકાર આસામમાં વસ્તી વિષયક પરિવર્તનનો સામનો કરવા માટે અનેક પગલાં લઈ રહી છે. તેમણે કહ્યું કે રાજ્યમાં સતત બે ભાજપ સરકારોએ ઘૂસણખોરો દ્વારા કથિત અતિક્રમણથી આશરે ૧.૨૬ લાખ એકર જમીન સાફ કરી છે.

શાહે ગેરકાયદેસર વસાહતીઓને ઉપલા આસામમાં પ્રવેશતા અટકાવવામાં આસામના મુખ્ય આદિવાસી જૂથોમાંના એક, મિસિંગ સમુદાયની ભૂમિકા પર પણ ભાર મૂક્યો. તેમની ''કઠોર પરિશ્રમની સંસ્કૃતિ'' ની પ્રશંસા કરતા તેમણે કહ્યું કે તેમની જીવનશૈલી ઘૂસણખોરી સામે કુદરતી અવરોધ તરીકે કામ કરે છે.

''ઘૂસણખોરી અટકાવવી એ મિસિંગ સમુદાયની જવાબદારી છે. તમારે બંદૂકો ઉપાડવાની જરૂર નથી. તમારી મહેનતુ સંસ્કૃતિને કારણે, ઘૂસણખોરો અહીં આવી શક્યા નથી,'' શાહે કહ્યું. તેમણે વધુમાં આરોપ લગાવ્યો કે કોંગ્રેસના શાસનકાળ દરમિયાન, ઘણા આદિવાસી સમુદાયોને તેમની ઓળખ જાળવી રાખવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો.

# મોહમ્મદ ગઝનવી હિન્દુસ્તાનને લૂંટનારો : હામિદ અન્સારી

## ભૂતપૂર્વ ઉપરાષ્ટ્રપતિ હામિદ અન્સારીએ મોહમદ ગઝનવી અને લોદી શાસકોને 'ભારતીય લૂંટારા' કહીને સર્જ્યો વિવાદ

નવીદિલ્હી, તા. ૩૧

ભૂતપૂર્વ ઉપરાષ્ટ્રપતિ હામિદ અન્સારીના તાજેતરના નિવેદનથી રાજકીય ચર્ચા શરૂ થઈ છે. એક મુલાકાતમાં તેમણે મહમૂદ ગઝનવી અને લોદી વંશના શાસકોને ''ભારતીય આક્રમણકારો'' ગણાવ્યા હતા. અન્સારી દલીલ કરે છે કે જેમને ઇતિહાસના પુસ્તકો વિદેશી આક્રમણકારો કહે છે તેઓ ખરેખર ભારતીય હતા અને બહારથી આવ્યા નહોતા. તેમના નિવેદન બાદ, ભારતીય જનતા પાર્ટી (ભાજપ) એ તેમના પર આકરા પ્રહારો શરૂ કર્યા. ભાજપ કહે છે કે આ નિવેદન માત્ર ઐતિહાસિક તથ્યોનો વિરોધાભાસ કરે છે પણ વિદેશી આક્રમણકારોનું પણ મહિમા કરે છે. આ વિવાદે ફરી એકવાર ઇતિહાસના પાના ફેરવી નાખ્યા છે જેના પર વર્ષોથી મતભેદ છે.

હામિદ અન્સારીએ તેમના મુલાકાતમાં જણાવ્યું હતું કે ગઝની અને લોદી જેવા શાસકોને વિદેશી કહેવું ફક્ત રાજકીય રીતે અનુકૂળ છે. તેમના મતે, આ શાસકો બધા ભારતીય આક્રમણકારો હતા. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે તેઓ બહારથી આવ્યા નથી. તેમના નિવેદનનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં જ વિવાદ વધુ તીવ્ર બન્યો. અન્સારીએ એ પણ સંકેત આપ્યો કે ઇતિહાસને જે લેન્સ દ્વારા જોવામાં આવે છે તેમાં સુધારો કરવાની જરૂર છે. તેમના દલીલથી ઇતિહાસકારો અને રાજકીય વર્તુળોમાં ખળભળાટ મચી ગયો છે, કારણ કે બંનેને વિદેશી આક્રમણકારો તરીકે લેબલ કરવામાં આવ્યા છે. ગઝનવી એક એવો માણસ હતો જેણે ૧૭ વખત ભારત પર આક્રમણ કર્યું હતું. ''ગઝનવી'' શબ્દનો અર્થ ''ગઝનીના રહેવાસી'' અથવા ''ગઝનવી રાજવંશનો'' થાય છે. તેમનું પૂરું નામ સુલતાન મહમૂદ ગઝનવી હતું. તેઓ ઇતિહાસમાં તેમની ક્રૂરતા અને મંદિરોની લૂંટ માટે જાણીતા



છે. જોકે, ગઝનવી એ હાલના અફઘાનિસ્તાનમાં સ્થિત એક શહેરનું નામ છે. તે સમયે તે એક શક્તિશાળી સામ્રાજ્ય (ગઝનવી સામ્રાજ્ય) ની રાજધાની હતી.

ઐતિહાસિક દસ્તાવેજો હામિદ અન્સારીના દાવાથી સંપૂર્ણપણે અલગ વાર્તા કહે છે. મહમૂદ ગઝનવી અફઘાનિસ્તાનમાં ગઝનવી સામ્રાજ્યના શાસક હતા. તેમણે ૧૦મી અને ૧૧મી સદી દરમિયાન ૧૭ વખત ભારત પર આક્રમણ કર્યું હતું. તેમનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતની સંપત્તિ લૂંટવાનો અને તેમના ગઝનવી સામ્રાજ્યને મજબૂત કરવાનો હતો. ઇતિહાસકારો જણાવે છે કે તેમણે સોમનાથ મંદિર સહિત અનેક હિન્દુ મંદિરોને નિશાન બનાવ્યા હતા. તેઓ ભારતમાં સ્થાયી થવા માટે નહીં પરંતુ લૂંટ સાથે તેમના વતન ગઝનીમાં પાછા ફરવા આવ્યા હતા. તેથી, તેમને ભારતીય કહેવા એ ઐતિહાસિક તથ્યોનો સંપૂર્ણ ઇનકાર છે.

ભાજપે હામિદ અન્સારીના નિવેદનને ''બીમાર માનસિકતા''નું પ્રતીક ગણાવ્યું છે. ભાજપના પ્રવક્તા સુધાંશુ ત્રિવેદીએ કહ્યું કે વિદેશી આક્રમણકારો પ્રત્યે અંસારીનો જુસ્સો નિંદનીય છે. તેમણે દલીલ કરી હતી કે મુઘલો અને અન્ય મુસ્લિમ શાસકો બગદાદના ખલીફાના પ્રતિનિધિ તરીકે શાસન કરતા હતા, જેમ બ્રિટિશ વાઈસરોય લંડનમાં રાણી માટે કામ કરતા હતા. શહજાદ પૂનાવાલાએ કહ્યું કે સોમનાથ મંદિરને અપવિત્ર કરનાર ગઝનવીની પ્રશંસા કરવી એ હિન્દુઓનું અપમાન છે. ભાજપે આને કોંગ્રેસ અને તેના સાથીઓની હિન્દુ વિરોધી રાજનીતિનો ભાગ ગણાવ્યો. ઐતિહાસિક સંશોધન અને પુરાવા દર્શાવે છે કે ગઝનવી અને લોદી બંને ભૌગોલિક અને સાંસ્કૃતિક રીતે ભારતની બહારથી આવ્યા હતા. ગઝનવીનું ભારતમાં કોઈ કાયમી નિવાસસ્થાન નહોતું; તે એક આક્રમણખોર હતો. જ્યારે લોદી રાજવંશે ભારતને પોતાનું ઘર બનાવ્યું હતું, ત્યારે તેમની સેના અને શાસનમાં અફઘાન પ્રભાવ સ્પષ્ટપણે દેખાતો હતો. કોઈપણ વિદેશી આક્રમણકારને ફક્ત એટલા માટે 'ભારતીય' કહી શકાય નહીં કારણ કે તેણે ભારતીય ભૂમિ લૂંટી હતી અથવા તેના પર શાસન કર્યું હતું.

મહાશિવરાત્રી મેળાના સુચારૂ આયોજન અંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં સાધુ-સંતો અને વહીવટી તંત્ર સાથે મહત્વની બેઠક યોજાઈ

# મહાશિવરાત્રીનો મેળો યાદગાર બનાવાશે : સંઘવી

## સાધુ સંતોના આગમનને વધુ ભવ્ય બનાવવા તા. ૧૧ ફેબ્રુઆરીએ સૌ પ્રથમવાર અલૌકિક નગર પ્રવેશ સાથે નગરયાત્રા નીકળશે

## પવિત્ર નાગા સાધુઓની રવેડીનો રૂટ લંબાવવામાં આવ્યોઃ રવેડી રૂટમાં ૫૦૦ મીટરનો વધારો કરીને ૨ કિ.મી રૂટ કરાયોઃ રવેડીના દર્શનનો લાભ મહત્તમ શ્રદ્ધાળુઓ લઈ શકશે

## સમગ્ર રૂટ ઉપર ભક્તિમય વાતાવરણ સાથે ભગવાન ભોલેનાથની થીમ પર સુશોભન કરાશે : શાહી સ્નાન સમયે મહાશિવરાત્રી મેળાનું લાઈવ સ્ટ્રીમીંગ કરવામાં આવશે

જુનાગઢ, તા.૩૦

જૂનાગઢમાં ગીરનારની તળેટીમાં યોજાતા વિશ્વ પ્રસિદ્ધ મહાશિવરાત્રી મેળાના સુચારૂ આયોજન માટે આજે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં સાધુ-સંતો અને વહીવટી તંત્ર સાથે મહત્વની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સાધુ સંતો અને શ્રદ્ધાળુઓની સુવિધાઓ માટે અનેક નિર્ણયો લેવામાં આવ્યાં હતા. આગામી તા. ૧૧ થી ૧૫ ફેબ્રુઆરી દરમિયાન યોજાનાર આ મહાશિવરાત્રી મેળાને વધુ યાદગાર અને ભવ્ય બનાવવા માટે આ વર્ષે પ્રથમવાર સાધુ સંતોના નગર પ્રવેશ સાથે અલૌકિક નગરયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૧૧ ફેબ્રુઆરીએ સાંજે તમામ સાધુ સંતોના આગમન સમયે તેમનું ભવ્ય સ્વાગત કરવા ભવ્યાતિભવ્ય નગરયાત્રાનું આયોજન કરાયું છે.

મહાશિવરાત્રી મેળા અંગે વિગતે માહિતી આપતા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં આ વર્ષનો મેળો અત્યાર સુધીનો સૌથી મોટો અને યાદગાર મેળો બની રહેશે. જૂનાગઢમાં યોજાતા 'મીની કુંભ' મહાશિવરાત્રી મેળામાં પધારતા સાધુ સંતો અને શ્રદ્ધાળુઓને આવકારવા વહીવટી તંત્ર સજ્જ છે. શ્રદ્ધાળુઓની આસ્થાને ધ્યાનમાં રાખીને દર વર્ષે રવેડી રૂટ ૧.૫ કિ. મી. નો હોય છે જેમાં ૫૦૦ મીટરનો વધારો કરીને આ વર્ષે ૨ કિ.મી કરવામાં આવ્યો છે, જેથી પવિત્ર નાગા સાધુઓની રવેડીના દર્શનનો મહત્તમ શ્રદ્ધાળુઓને લાભ મળી શકે તેવો આશય છે.

નાયબ મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, સરકાર દ્વારા આ વર્ષે મેળામાં આવતા લાખો શ્રદ્ધાળુઓ માટે ખાસ વ્યવસ્થાઓ કરવામાં આવશે. દર વર્ષે અંદાજે ૧૬૦૦ પોલીસ જવાનોને ફરજો સોંપવામાં



આવે છે જેની સંખ્યા વધારીને આ વર્ષે ૨૯૦૦થી વધુ કરવામાં આવી છે. મેળામાં કોઈપણ અનીચ્છનીય બનાવ ન બને તે હેતુથી સમગ્ર વિસ્તારમાં CCTV કેમેરા દ્વારા સતત દેખરેખ રાખવામાં આવશે. આ ઉપરાંત પાર્કિંગ, અવર જવરના રસ્તાઓ, રહેવાની સુવિધા માટે ડોર મેટરી જેવી અનેક વ્યવસ્થાઓ કરવામાં આવી છે.

રાજ્ય સરકારના ટૂરિઝમ વિભાગ દ્વારા સમગ્ર રૂટનું ભગવાન ભોલેનાથની થીમ પર સુશોભન કરવામાં આવશે. જૂનાગઢ શહેરને પણ રોશનીથી શણગાર કરવામાં આવશે. સમગ્ર રૂટમાં અનેક સેલ્ફી પોઈન્ટ, ઈન્ફોર્મેશન સેન્ટર પણ મુકવામાં આવશે. આ ઉપરાંત શાહી સ્નાન સમયે મહાશિવરાત્રી મેળાનું લાઈવ સ્ટ્રીમીંગ પણ કરવામાં આવશે તેમ તેમણે ઉમેર્યું હતું.

આ વર્ષે જૂનાગઢ પોલીસ દ્વારા પ્રથમવાર ૧,૦૦૦ થી વધુ સ્થાનિક યુવાનોને વોલેન્ટિયર તરીકે જોડી મેળાની વ્યવસ્થામાં સામેલ કરવામાં આવશે. ૩૦૦ થી વધુ સામાજિક સંસ્થાઓ દ્વારા ભાવિકો માટે ઉતારા અને ભોજન (પ્રસાદ)ની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. મેળાના રૂટ પર શુધ્ધ પીવાના પાણીની તથા સ્વચ્છ શૌચાલયની વ્યવસ્થા કરવામાં આવી છે.

આ બેઠકમાં મહાશિવરાત્રી મેળા સંદર્ભે તૈયાર કરવામાં આવેલા ગીતનું પણ લોન્ચીંગ કરવામાં આવ્યું હતું. ભવનાથના આંગણે યોજાતા ભક્તિ અને શ્રદ્ધાના આ પર્વમાં રાજ્ય સહિત દેશભરના સાધુ-સંતો અને શ્રદ્ધાળુઓને સહભાગી થવા નાયબ મુખ્યમંત્રીએ નિમંત્રણ પાઠવ્યું છે. સાથે જ સ્થાનિક નાગરિકોને મેળામાં આવતા શિવભક્તોનું ઉમળકાભેર સ્વાગત કરવા અને વ્યવસ્થા જાળવવામાં સહયોગ આપવા વિનંતી કરી છે.

આ બેઠકમાં યુવક સેવા અને સાંસ્કૃતિક રાજ્ય મંત્રી ડો.જયરામ ગામીત, સાધુ સંતઓ, જૂનાગઢ જિલ્લાના પદાધિકારીઓ, યાત્રાધામ તેમજ પ્રવાસન વિભાગના ઉચ્ચ અધિકારીઓ સહિત જૂનાગઢ જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જંકશનમાં ચેઈનની ચીલઝડપ

## મહિલા પોતાના દિકરાને ટ્યુશનમાંથી લઈ પગપાળા ઘરે જતાં હતાં ત્યારે બનાવ, ચુંદડી પણ ખેંચતા ગયા : પ્ર. નગર પોલીસે નોંધ્યો ગુનો



રાજકોટ, તા.૩૦

શહેરમાં ચિલઝડપની વધુ એક ઘટના સામે આવી છે. ગાયકવાડી શેરી નં. ૦૨ માં રહેતા એક મહિલા જ્યારે પોતાના બાળકને ટ્યુશનમાંથી લઈને ઘરે પરત ફરી રહ્યા હતા, ત્યારે બાઈક સવાર બે અજાણ્યા શખ્સોએ તેમના ગળામાંથી સોનાના ચેઈનની ચીલઝડપ કરી ફરાર થઈ ગયા છે.

ફરિયાદી ભાગ્યશ્રીબેન અરુણભાઈ મુરપાણીના જણાવ્યા અનુસાર ગત ૨૯મીએ સાંજના આશરે સવા સાત વાગ્યે તેઓ પોતાના પુત્ર શિવાંશને જંકશન પ્લોટ શેરી નં. ૦૩માં આવેલા ટ્યુશન ક્લાસથી લઈને પગપાળા ઘરે જઈ રહ્યા હતા.

તેઓ જ્યારે જંકશન પ્લોટ ગાયકવાડી શેરી નં. ૪/૮ના જાહેર રોડ પરથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે પાછળથી એક મોટરસાયકલ પર બે શખ્સો આવ્યા હતા. મોટરસાયકલની પાછળ બેઠેલા શખ્સે જોરથી આંચકો મારી ભાગ્યશ્રીબેનના ગળામાં પહેરેલો ૦૮ ગ્રામનો સોનાનો ચેઈન જેની અંદાજિત કિંમત રૂ. ૧,૦૦૦,૦૦ દર્શાવેલ છે તે તોડી લીધો હતો. આ લૂંટ દરમિયાન મહિલાની ચુંદડી પણ શખ્સો સાથે ખેંચી ગયા હતા.

ઘટના બાદ મહિલાએ બૂમાબૂમ કરતા આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા, પરંતુ લૂંટારુઓ મોટરસાયકલ પર પૂરઝડપે ફરાર થઈ ગયા હતા. મહિલાએ તાત્કાલિક તેમના પતિને જાણ કરી હતી. પ્રાથમિક તબક્કે પુત્ર નાનો હોવાથી અને ગભરાઈ ગયેલ હોવાથી ફરિયાદ નોંધાવી ન હતી, પરંતુ ત્યારબાદ આજે પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશન ખાતે વિધિવત ફરિયાદ નોંધાવવામાં આવી છે.

પોલીસે આ મામલે ગુનો નોંધી, તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. પોલીસ સબ ઈન્સ્પેક્ટર એમ. જે. વરૂએ આ કેસની તપાસ હાથ ધરી છે અને આસપાસના સીસીટીવી ફૂટેજના આધારે આરોપીઓને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

સમગ્ર ભરતી પ્રક્રિયામાં ટેક્નોલોજીના મહત્તમ ઉપયોગ સાથે 'ઝીરો એરર' ટાર્ગેટ માટે ફૂલપ્રુફ વ્યવસ્થા

# ગુજરાત પોલીસ ભરતી બોર્ડ : ટેક્નોલોજી, પારદર્શિતા અને 'ઝીરો એરર'નો ત્રિવેણી સંગમ

## શારીરિક કસોટીમાં દરેક સેકન્ડની ચોકસાઈ રાખવા ઉમેદવારોના પગમાં RFID ચિપનો ઉપયોગઃ ઉમેદવારની ઊંચાઈ માપણી કે પ્રક્રિયામાં અસંતોષ હોય તેવા ઉમેદવાર માટે સ્થળ પર જ 'અપીલ બોર્ડ'ની વ્યવસ્થા : ગુજરાત પોલીસ ભરતી બોર્ડના અધ્યક્ષ નીરજા ગોટરુ

ગાંધીનગર, તા.૩૦

ગુજરાતના લાખો યુવાનોના 'ખાખી' પહેરવાના સ્વપનને સાકાર કરવા માટે ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા પીએસઆઈ અને એલઆરડી કેડરની કુલ ૧૩,૫૯૧ જગ્યાઓ માટે સંપૂર્ણ પારદર્શકતા સાથે ભરતી પ્રક્રિયાનો પ્રારંભ થઈ ચૂક્યો છે. રાજ્યના ૧૫ નિર્ધારીત શહેરો અને SRP તાલીમ કેન્દ્રો ખાતે અંદાજે ૧૦ લાખથી વધુ ઉમેદવારો પોતાની શારીરિક ક્ષમતા સાબિત કરી રહ્યા છે. આ આયોજન અંતર્ગત પુરૂષ ઉમેદવારો માટે ૧૧ ગ્રાઉન્ડ પર તા. ૧૩ માર્ચ, ૨૦૨૬ સુધી અને મહિલા તથા માજી સૈનિકો માટે ૪ ગ્રાઉન્ડ પર ૬ માર્ચ, ૨૦૨૬ સુધી કસોટીઓ યોજાશે. ખાસ વાત એ છે કે ઉમેદવારોની શારીરિક કસોટી આરોગ્ય વિભાગના નિષ્ણાંત તબીબી અધિકારીઓની દેખરેખ હેઠળ કરવામાં આવે છે તેમ, ગુજરાત પોલીસ ભરતી બોર્ડના અધ્યક્ષ નીરજા ગોટરુએ જણાવ્યું હતું.

નીરજા ગોટરુએ વધુ વિગતો આપતાં કહ્યું હતું કે, આ વખતની ભરતી પ્રક્રિયા માત્ર સંખ્યાબળની દ્રષ્ટિએ જ નહીં, પરંતુ 'સંપૂર્ણ પારદર્શિતા', 'ઝીરો એરર' અને 'અદ્યતન ટેકનોલોજી' ના ત્રિવેણી સંગમ તરીકે ઉભરી આવી છે. સંપૂર્ણ ભરતી પ્રક્રિયામાં પારદર્શિતા જળવાય તે માટે ટેક્નોલોજીના મહત્તમ ઉપયોગ સાથે ફુલપ્રુફ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે જેમાં ઉમેદવારની પસંદગી માત્ર તેની ક્ષમતા અને મહેનતના આધારે જ કરવામાં આવે છે.

અમારો મુખ્ય ઉદ્દેશ્ય ગુજરાતના યુવાનોને એક એવું પ્લેટફોર્મ પૂરું પાડવાનો છે જ્યાં તેમને પોતાની મહેનત પર પૂરો ભરોસો રહે. છેવાડાનો યુવાન પણ પોતાની ક્ષમતાથી પોલીસ સેવામાં જોડાઈ શકે તે હેતુથી ભરતી પ્રક્રિયામાં ટેકનોલોજીને મહત્તમ પ્રાધાન્ય આપવામાં આવ્યું હોવાનું તેઓએ જણાવ્યું છે. ભરતી પ્રક્રિયાને પારદર્શક અને ક્ષતિરહિત બનાવવા માટે વિશેષ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. જેમાં, હાજર રહેનાર તમામ ઉમેદવારોનું બાયોમેટ્રીક રજીસ્ટ્રેશન ફરજિયાત કરવામાં આવ્યું છે. તમામ ગ્રાઉન્ડના રિયલ-ટાઈમ મોનીટરીંગ માટે ગાંધીનગર ખાતે કંટ્રોલરૂમ પણ કાર્યરત કરવામાં આવ્યો છે તેમ પણ તેમણે વધુમાં જણાવ્યું હતું.

### લાખો યુવાનોના વિશ્વાસને મજબૂત કરતી આધુનિક સિસ્ટમ

**લાખો યુવાનોના વિશ્વાસને મજબૂત કરતી આધુનિક સિસ્ટમ - ટેક્નોલોજી વિષે જાણવા જેવું છે. તેમાં અમલી વિવિધ ટેક્નોલોજી વિષે મળેલી માહિતી અહી પ્રસ્તુત છે.**

**RFID ટેક્નોલોજીઃ** શારીરિક કસોટીમાં દરેક સેકન્ડનો ચોકસાઈપૂર્વક હિસાબ રાખવા માટે ઉમેદવારોના પગમાં Radio Frequency Identification- RFID ચિપ લગાવવામાં આવે છે. જેનાથી દોડનો સમય ઓટોમેટિક સિસ્ટમમાં નોંધાય છે.

**બાયોમેટ્રિક વેરિફિકેશનઃ** કોઈ પણ ગેરરીતિ અટકાવવા માટે દરેક તબક્કે ઉમેદવારનું બાયોમેટ્રિક ફિંગરપ્રિન્ટ અને ફેબરબસ રેકગ્નિશન દ્વારા વેરિફિકેશન કરવામાં આવે છે.

**CCTV સર્વેલન્સઃ** સમગ્ર ગ્રાઉન્ડ અને ભરતીના તમામ તબક્કાઓ ઈઈઝટ સર્વેલન્સ હેઠળ કરવામાં આવે છે. દરેક ઉમેદવારની સમગ્ર પ્રક્રિયાનું રેકોર્ડિંગ કરવામાં આવે છે.

**ડિજિટલ માપણીઃ** ઊંચાઈ અને છાતી માપીને તેના ફોટો ઉમેદવારને કમ્પ્યુટરમાં બતાવવામાં આવે છે.

**અપીલ બોર્ડઃ** જો કોઈ ઉમેદવારને અસંતોષ હોય, તો તેના નિરાકરણ માટે સ્થળ પર જ 'અપીલ બોર્ડ' પણ રાખવામાં આવ્યું છે. જેની સમક્ષ રજૂઆત કરી ઉમેદવાર પોતાના પ્રશ્નોનું સ્થળ પર જ નિરાકરણ લાવી શકે છે.

અપીલ બોર્ડમાં એક એસ.પી કક્ષાના અધિકારી અને એક મેડિકલ ઓફિસર સહિત ચાર સભ્યો હોય છે. અપીલ બોર્ડમાં રજૂઆત થાય તો આ ઉચ્ચ અધિકારીઓની હાજરીમાં પુનઃ ચકાસણી કરવામાં આવે છે. ઉમેદવારોને કોઈ અગવડતા ન પડે તે માટે ગ્રાઉન્ડ પર પીવાનું પાણી, ORS, ૧૦૮ એમ્બ્યુલન્સ સહિતની મેડિકલ ટીમની પૂરતી વ્યવસ્થા પણ કરવામાં આવી છે. ટેકનોલોજીના માધ્યમથી આ પરીક્ષાના પરિણામો પણ સ્થળ પર જ જાણવા મળી જાય છે. તા.૨૨ થી ૨૯ જાન્યુઆરી સુધીમાં ૧,૮૭,૮૭૪ ઉમેદવારો બોલાવવામાં આવ્યા, ૧,૧૬,૦૭૫ ઉમેદવારોએ શારીરિક કસોટી આપી તે પૈકી ૫૦,૩૮૩ ઉમેદવારો ઉતીર્ણ થયા છે.સમગ્ર પ્રકિયાની ચુસ્ત સુરક્ષા અને દેખરેખ માટે દરેક ગ્રાઉન્ડના ઈન્ચાર્જ તરીકે નાયબ પોલીસ મહાનિરીક્ષક (DIGP) અથવા પોલીસ અધિક્ષક (SP) કક્ષાના અધિકારી તથા તેમની મદદ માટે ૯૦થી વધુ પોલીસ સ્ટાફને ફરજ સોંપવામાં આવી છે. આ ઉપરાંત, ઉચ્ચ સ્તરીય સુપરવિઝન માટે DIGP/IGP કક્ષાના અધિકારીઓને વિશેષ જવાબદારી સોંપવામાં આવી છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આપેલો સેચ્યુરેશનનો વિચાર ગુજરાતની બધી જ ગ્રામ પંચાયતોને પોતાના પંચાયત ઘરથી સાકાર કરાવવા રાજ્ય સરકારનો મહત્વપૂર્ણ નિર્ણય

# પોતીકા ગ્રામ પંચાયત ઘર યોજનાનો લાભ ૨૬૬૬ ગામોને મળશે

## ૬૬૩ કરોડના કુલ ખર્ચે નિર્માણ થનારા ગ્રામ પંચાયત ઘર કમ તલાટી આવાસોનું એક સાથે એક જ સ્થળેથી ઇ-ખાતમુહૂર્ત કરવાનો સમારોહ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલેની અધ્યક્ષતામા યોજાયો

ગાંધીનગર, તા.૩૦

રાજ્યની ૨૬૬૬ ગ્રામ પંચાયતો માટે પોતીકા ગ્રામ પંચાયત ઘર કમ તલાટી આવાસના એક સાથે એક જ સ્થળેથી ઈ-ખાતમૂહર્ત કરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આત્મનિર્ભર ભારત માટે ગામોના ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ પર જે ફોકસ કર્યુ છે તેમાં ગુજરાત અગ્રેસર રહેવા પ્રતિબદ્ધ છે.

વડાપ્રધાનએ ૧૦૦ ટકા લક્ષ્યાંક સિદ્ધીનો આપેલો સેચ્યુરેશન એપ્રોચ ગુજરાતમાં સાકાર કરવા આગામી દિવસોમાં રાજ્યની બધી જ ગ્રામ પંચાયતોને પોતીકા પંચાયત ઘર કમ તલાટી આવાસ આપવાનો મહત્વકાંક્ષી નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે. રાજ્યના આ ૨૬૬૬ ગામોમાં કુલ રૂ. ૬૬૩ કરોડના ખર્ચે નિર્માણ થનારા ગ્રામ પંચાયત ઘર કમ તલાટી આવાસને પરિણામે ગ્રામીણ નાગરિકોને સ્થાનિક સ્તરેથી જ સરકારી સેવાઓ સરળતાએ ઉપલબ્દ્ધ થશે તેવો વિશ્વાસ મુખ્યમંત્રીએ આ પ્રસંગે વ્યક્ત કર્યો હતો.

'મુખ્યમંત્રી ગ્રામોત્થાન યોજના'નું રાજ્યવ્યાપી લોન્ચીંગ પણ પંચાયત મંત્રી રૂષિકેશભાઈ પટેલ અને અન્ન નાગરિક પુરવઠા મંત્રી રમણભાઈ સોલંકી તેમજ પંચાયત અને ગ્રામ વિકાસ રાજ્ય મંત્રી સંજયસિંહ મહિડા અને અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં કર્યુ હતુ. રાજ્યના ૧૧૪ તાલુકા મથકના એવા ગામો જે તાલુકા મથક છે પરંતુ નગરપાલિકા નથી તેને 'મુખ્યમંત્રી ગ્રામોત્થાન યોજના'ના પ્રથમ તબક્કામાં આવરી લઈને રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, પાણી, સ્વચ્છતા, સોલાર સ્ટ્રીટ લાઈટ, ઈ-ગ્રામ, કોમ્યુનિટી હોલ સહિતની શહેરી સમકક્ષ આધુનિક સુવિધાઓ પુરી પાડવામાં આવશે તેવી સરકારે જાહેરાત કરી છે,

શહેરો પરનું ભારણ ઓછું થાય અને શહેરો જેવી જ સુવિધાઓ ગામોમાં મળે તેવા આશયથી આગામી સમયમાં રાજ્યમાં ૧૦ હજારથી વધુ વસ્તી ધરાવતી ગ્રામ પંચાયતોને 'મુખ્યમંત્રી ગ્રામોત્થાન યોજના' અંતર્ગત આવરી લેવાનું રાજ્ય સરકારનું લક્ષ્ય છે. આના પરિણામે ગ્રામ્ય અને શહેરી વિકાસ વચ્ચેનો તફાવત ઘટશે તથા સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસનો વડાપ્રધાનએ આપેલો મંત્ર સમગ્ર અને સંતુલિત વિકાસથી સાકાર થશે તેવું મનાય છે.

મુખ્યમંત્રીએ વિકાસની રાજનીતિને ગતિ આપનારા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લિડરશીપનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, વિકાસનો સ્કેલ અને સ્પીડ વધ્યા છે. શહેરોમાં વધતા શહેરીકરણના દબાણને સંતુલિત કરવા ગ્રામ વિકાસને કેન્દ્રસ્થાને રાખીને વિશેષ આયોજન કરવામાં આવી રહ્યું છે. તેમાં ગ્રામ પંચાયતોના ઉત્થાન માટે કેન્દ્રિત આવો કાર્યક્રમ રાજ્યમાં




પ્રથમવાર યોજાઈ રહ્યો છે.

પાણી સંરક્ષણ માટે કેચ ધ રેન અભિયાન અંતર્ગત વરસાદી પાણીના સંચય અને ભૂગર્ભ જળ રિચાર્જ માટે વિશેષ પ્રયત્નો હાથ ધરવામાં આવી રહ્યા છે. દરેક ધારાસભ્યને રૂ. ૫૦ લાખની વિશેષ ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. જેથી સ્થાનિક સ્તરે રિચાર્જિંગ વ્યવસ્થાઓ ઉભી કરી શકાય. તેમણે ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ અપનાવવાની અપીલ કરીને જમીનનું સ્વાસ્થ્ય સુધારવા અને આવતી પેઢીને નિરોગી ભવિષ્ય આપવાનો સંકલ્પ લેવા તેઓએ સૌને જણાવ્યું હતું.

૩૦મી જાન્યુઆરીના શહીદ દિવસ તથા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના નિર્વાણ દિવસ નિમિત્તે મુખ્યમંત્રીએ પૂજ્ય બાપુને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ આપીને દેશ માટે સર્વોચ્ચ બલિદાન આપનારા શહીદોનું ભાવ સ્મરણ કર્યું હતું. તેમણે કહ્યું કે, ગાંધીજીએ ગ્રામ સ્વરાજનો સંદેશ આપીને ગામડાઓને સ્વતંત્ર અને આત્મનિર્ભર બનાવવાનો માર્ગ દર્શાવ્યો હતો. તેમની આ વિચારધારા આજે પણ રાષ્ટ્ર નિર્માણ માટે પ્રેરણાસ્ત્રોત બની છે.

મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રૂ. ૬૬૩ કરોડના ખર્ચે સમગ્ર રાજ્યમાં ૨૬૬૬ ગ્રામ પંચાયત ભવનોનું નિર્માણ કાર્ય હાથ ધરવામાં આવ્યું છે, જેનાથી ગુજરાતના ગામડાઓના વિકાસ માટે નવી દિશા મળશે તેવું પંચાયત અને ગૃહ નિર્માણ મંત્રી ઋષિકેશ પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું. ભાદરણના સરપંચ ઉદયભાઈ પટેલને ગામના સર્વાંગી વિકાસ માટે અભિનંદન પાઠવ્યા હતા તથા ઉપસ્થિત વિવિધ જિલ્લાના ગામોના સરપંચઓ ભાદરણ ગામમાંથી પ્રેરણા લેવા મંત્રીએ અનુરોધ કર્યો હતો.

સમગ્ર રાજ્યમાં સરપંચ અને તલાટી કમ મંત્રી એક જ જગ્યાએ બેસીને ગામડાના વિકાસ માટે નક્કર કાર્ય કરી શકે તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ૧૦ હજારથી વધુ આધુનિક ગ્રામ સચિવાલય બનાવવાની નેમ વ્યક્ત કરીને મહાત્મા ગાંધીની કથન ''ગામડાઓમાં ભારતનો આત્મા વસે છે'' તેને સાચા અર્થમાં સાર્થક કર્યું છે, તેમ મંત્રીએ જણાવ્યું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોનું સ્વાગત કરતા મંત્રી રમણભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે, આજનો દિવસ ગુજરાતના ગ્રામીણ વિકાસ માટે ગૌરવપૂર્ણ છે. રાજ્યની ૨૬૬૬ નવી ગ્રામ પંચાયતોના ઈ-ખાતમુહૂર્ત અને ૧૧૪ ગામોમાં ''મુખ્યમંત્રી ગ્રામોત્થાન યોજના''ના લોન્ચિંગ સાથે છેવાડાના માનવી સુધી સુવિધાઓ પહોંચાડવાનો સરકારનો સંકલ્પ સાકાર થઈ રહ્યો છે. તેમણે ભાદરણ જેવા પ્રજાભિમુખ વહીવટ ધરાવતા ગામની પસંદગી કરવા બદલ હર્ષની લાગણી વ્યક્ત કરી હતી.

તેમણે વધુમાં ભાદરણ ગામના વિકાસ મોડેલની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે, આ ગામે જન સહયોગ અને સુંદર વહીવટ દ્વારા રાજ્યમાં એક નવી રાહ ચીંધી છે. ખાસ કરીને પાણી માટે મીટર સિસ્ટમ દાખલ કરીને આ ગામે સંસાધનોના કાર્યક્ષમ ઉપયોગનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

આ પ્રસંગે જિલ્લા પ્રભારી સંજયસિંહ મહીડા, નાણાં રાજ્ય મંત્રી કમલેશભાઈ પટેલ, સાંસદ મિતેશભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ હસમુખભાઈ પટેલ, જિલ્લા અગ્રણી સંજયભાઈ પટેલ, ધારાસભ્ય સર્વે વિપુલભાઈ પટેલ, યોગેશભાઈ પટેલ, પંચાયત વિભાગના અગ્ર સચિવ ધનંજય ત્રિવેદી, વિકાસ કમિશનર હિતેશ કોયા, કલેક્ટર પ્રવીણ ચૌધરી, જિલ્લા વિકાસ અધિકારી સુ દેવાહુતી, જિલ્લા પોલીસ અધિક્ષક ગૌરવ જસાણી, નિવાસી અધિક કલેકટર આર.એસ.દેસાઈ સહિત મોટી સંખ્યામાં વિવિધ જિલ્લાના ગામોના સરપંચઓ સહિત ઉપસ્થિત રહ્યાં હતાં.

# વાઈટ LED વાળા વાહનો સામે RTOનું કડક ચેકીંગ

## ૩૫ સામે કેસ નોંધી ૨ લાખનો વસૂલ્યો દંડ : LUX મશીન ન હોવાનું રટણ કરતા આરટીઓ અધિકારી

રાજકોટ, તા. ૩૦

સામાન્ય સ્થિતિમાં હાલ વાહન વ્યવહાર વિભાગ દ્વારા જે વાહનચાલકો નિયમોનો ઉલાળીયો કરતા હોય તેમના પર ચકંજો કસવામાં આવ્યો છે નવનિયુક્ત આરટીઓ અધિકારી ઈન્દ્રજીત ટાંક દ્વારા આજીડેમ નજીક અને માલ્યાસણ પાસે કડક ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું જેમાં અન અધિકૃત એલઈડી ફીટ કરાવેલા વાહનો પર તવાઈ બોલાવવામાં આવી હતી. હાલ અકસ્માતનું પ્રમાણ હાઈવે પર જે જોવા મળ્યું છે તેમાંથી રાહત રહે અને વાહનચાલકોમાં ખરા અર્થમાં નિયમોનું પાલન કરવાની ટેવ પડે તે હેતુસર કડક પગલાંઓ લેવામાં આવી રહ્યા છે.

તાજેતરમાં જ રાજયનાં વાહન વ્યવહાર વિભાગે હાઈ-વે અને રાજમાર્ગો ઉપર દોડતા અનધિકૂત એલઈડી કરવા રાજકોટ સહિત રાજયભરનાં આરટીઓ અધિકારીઓને સુચના આપી હોય નવનિયુકત રાજકોટ જિલ્લા RTO અધિકારી ઈન્દ્રજીત ટાંકની સુચનાથી રાજકોટનાં આજીડેમ નજીક અને માલિયાસણ પાસે કડક ચેકીંગ હાથ ધરવામાં આવેલ હતું.






આ અંગે વિગતો આપતા RTO ટાંકે જણાવેલ હતું કે રાજકોટ જિલ્લાના વાહનચાલકોને જણાવવામાં આવે છે કે, વાહનોમાં લગાડવામાં આવતી અનઅધિકૃત અને અતિ તીવ્રતાવાળી સફેદ LED હેડલાઈટ માર્ગ અકસ્માતોનું મુખ્ય કારણ બની રહી છે. રાત્રિના સમયે આવી લાઈટોના કારણે સામેથી આવતા વાહનચાલકોની આંખો અંજાઈ જતી હોય છે, જેના પરિણામે ગંભીર અકસ્માતો અને ક્યારેક માનવ મૃત્યુની ઘટનાઓ પણ બને છે.

હાલ જે વિગતો મળી રહી છે તેને ધ્યાને લેતા રાજ્ય સરકાર દ્વારા આદેશ કરવામાં આવ્યો છે કે આરટીઓ રાજકોટ તેમજ રાજકોટ શહેર અને જિલ્લા પોલીસ દ્વારા સંયુક્ત રીતે સ્પેશિયલ ડ્રાઈવનું આયોજન કરવામાં આવે જેના અનુસંધાને સઘન ચેકિંગ મુખ્ય માર્ગો અને હાઈવે પર કરવામાં આવ્યું હતું. ચેકિંગ દરમિયાન ૩૫ વાહન ચાલકો સામે કેસ નોંધી બે લાખનો દંડ પણ વસૂલવામાં આવ્યો હતો અને માત્ર એક જ દિવસ પૂરતી ઝુંબેશ સીમિત નહીં રહેતા આવનારા દિવસોમાં પણ આ સ્પેશિયલ ડ્રાઈવ યથાવત હાથ ધરાશે તેવું હાલ જાણવા મળી રહ્યું છે. અને જો કોઈપણ વાહન ચાલક આ પ્રકારની લાઈટ નો ઉપયોગ કરશે તો તેમની સામે કડક કાર્યવાહી પણ થશે.

રાજકોટ આર.ટી.ઓ. દ્વારા જાહેર જનતાને અપીલ કરવામાં આવી છે કે, જો તમારા વાહનમાં અતિ તીવ્ર સફેદ LED લાઈટો લગાવેલી હોય, તો તેને તાત્કાલિક દૂર કરવી. માર્ગ સલામતી જાળવવી એ સૌની જવાબદારી છે. અકસ્માત મુક્ત રાજકોટ બનાવવા માટે તંત્રને સહકાર આપવો.

### રાજકોટમાં ACBનો સપાટોઃ ગિરનાર ટોકીઝ પાસે છટકું

# ૪ લાખના એરીયર્સ બિલ મંજૂર કરવા ૪૫ હજારની લાંચ લેતા ત્રણ ઝડપાયા

## મિનિસ્ટ્રી ઓફ ફાઈનાન્સના આસિસ્ટન્ટ એકાઉન્ટ્સ ઓફિસર રવિકુમાર જાંગીડ, નિવૃત ઈન્કમટેક્સ ઈન્સ્પેક્ટર શૈલેષ ચૌહાણ અને ઈન્કમટેક્સ ઓફિસના પટાવાળા અક્ષય વાગડીયાની ધરપકડ

રાજકોટ, તા.૩૦

લાંચ રુશ્વત વિરોધી બ્યૂરોએ રાજકોટમાં એક મોટી કાર્યવાહી હાથ ધરીને ભ્રષ્ટાચારી તત્વોમાં ફફડાટ ફેલાવી દીધો છે. કેન્દ્રીય નાણાં મંત્રાલયના આસિસ્ટન્ટ એકાઉન્ટ્સ ઓફિસર સહિત ત્રણ વ્યક્તિઓને ૪૫,૦૦૦ની લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડવામાં આવ્યા છે.

ઘટનાની વિગત જોઈએ તોફરિયાદીનું ૪ લાખનું એરિયસ બિલ મંજૂર કરવાનું બાકી હતું. આ કામ માટે મુખ્ય આરોપી રવિકુમાર સુરેશકુમાર જાંગીડ (આસિ. એકાઉન્ટ્સ ઓફિસર, મિનિસ્ટ્રી ઓફ ફાઈનાન્સ)એ બિલના ૨૦% લેખે ૮૦,૦૦૦ની લાંચ માંગી હતી. લાંબી રકઝક બાદ ૫૦,૦૦૦ નક્કી થયા હતા, જેમાંથી ૫,૦૦૦ અગાઉ એડવાન્સમાં લેવાઈ ચુક્યા હતા.

બાકીના ૪૫,૦૦૦ આજે તા. ૩૦/૦૧/૨૦૨૬ ના રોજ આપવાનું નક્કી થયું હતું. ફરિયાદી લાંચ આપવા માંગતા ન હોવાથી તેમણે અઈઈનો સંપર્ક કર્યો હતો.

અઈઇ પી.આઈ. આર.આર. સોલંકી અને તેમની ટીમે ગીરનાર ટોકીઝ પાસે, 'બજરંગ ઈમિટેશન'ની દુકાન પાસે છટકું ગોઠવ્યું હતું.




આરોપી રવિકુમારના કહેવાથી નિવૃત ઈન્કમટેક્સ ઈન્સ્પેક્ટર શૈલેષ ચૌહાણે ફરિયાદી સાથે વાતચીત કરી હતી અને ત્યારબાદ ત્રીજા આરોપી અક્ષય વાગડિયાએ લાંચની રકમ સ્વીકારતા ત્રણેયને સ્થળ પર જ દબોચી લેવાયા હતા.

ઝડપાયેલા આરોપીઓમાં રવિકુમાર સુરેશકુમાર જાંગીડ (ઉં.વ. ૩૮): આસિ. એકાઉન્ટ્સ ઓફિસર, મિનિસ્ટ્રી ઓફ ફાઈનાન્સ, રાજકોટ, શૈલેષ કે. ચૌહાણ: નિવૃત ઈન્કમટેક્સ ઈન્સ્પેક્ટર, રહે. ભુજ અને અક્ષય શૈલેષભાઈ વાગડિયા (ઉં.વ. ૩૩): કન્ટીજન પટાવાળા, ઈન્કમટેક્સ ઓફિસનો સમાવેશ થાય છે.

ACB વડા પિયુષ પટેલ અને તેમની ટીમની દેખરેખ હેઠળ પી.આઈ. આર.આર. સોલંકીએ માત્ર એક જ મહિનામાં આ ત્રીજું સફળ ટ્રેપ ઓપરેશન પાર પાડીને સફળતાની હેટ્રિક નોધાવી છે. હાલ અઈઇ એ ત્રણેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# શાળાઓમાં ફાયર-આપત્તિ અંગે તાલીમ

રાજકોટ, તા. ૩૦

સરકારી પ્રાથમિક શાળાઓમાં શાળા સલામતી સપ્તાહ અંતર્ગત ફાયર એન્ડ સેફ્ટી પ્રાથમિક સારવાર અને ડિઝાસ્ટર આપત્તિઓ અંગે તાલીમો આપવામાં આવી હતી રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સતામંડળ ગાંધીનગરના ઉપક્રમે શાળા સલામતી સપ્તાહની ઉજવણી શરૂ કરવામાં આવી છે ત્યારે મહાનગરપાલિકા હસ્તકની પ્રાથમિક શાળાઓમાં રોજ પાંચ શાળાઓમાં અલગ અલગ ડેમોસ્ટ્રેશન દ્વારા તાલીમો આપવામાં આવે છે. આ તાલીમમાં ફાયર વિભાગ દ્વારા ફાયર સેફ્ટી, ઈન્ડિયન રેડ ક્રોસ દ્વારા પ્રાથમિક સારવાર અંગે તાલીમ અને આગાખાન એનજીઓ દ્વારા આપત્તિઓ અંગે તાલીમમાં આપવામાં આવી હતી.






તારીખ:૨૭ થી તા. ૨૯ દરમિયાન શ્રી કિશોરસિંહજી પ્રાથમિક શાળા નંબર-૦૧, શ્રી બાવાજી રાજ પ્રાથમિક શાળા નંબર-૪, શ્રી રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી પ્રાથમિક શાળા નંબર-૮, શ્રી મહાત્મા ગાંધી પ્રાથમિક શાળા નંબર-૧૧ અને શ્રી લાલ બહાદુર પ્રાથમિક શાળા નંબર-૧૪, તારીખ:૨૮/૦૧/૨૦૨૬ના રોજ શ્રી મંગલ પાંડે પ્રાથમિક શાળા નંબર-૧૭, શ્રી જે જે પાઠક શાળા નંબર-૧૯, શ્રી સુભાષચંદ્ર બોઝ પ્રાથમિક શાળા નંબર-૨૦બી, શ્રી એનીબેસન્ટ પ્રાથમિક શાળા નંબર-૨૮ અને શ્રી વીરલાલા હરદયાળ પ્રાથમિક શાળા નંબર-૪૦ અને તારીખ:૨૯/૦૧/૨૦૨૬ના રોજ શ્રી લોકમાન્ય તિલક શાળા નંબર-૪૬, શ્રી અકબરી શાળા નંબર-૪૭, શ્રી સમ્રાટ અશોક શાળા નંબર-૪૯બી, શ્રી ચાણક્ય શાળા નંબર-૫૬ અને શ્રી અહલ્યાભાઈ હોલકર શાળા નંબર-૫૭ માં ફાયર એન્ડ સેફટી તાલીમ અને એસટીન્ગ્યુસર દ્વારા ડેમોટેશન કરીને તાલીમમાં આપવામાં આવી હતી તથા શાળામાં લગાવેલ ફાયર સિસ્ટમનો કઈ રીતે ઉપયોગ કરવો તેની સમજૂતી આપવામાં આવી હતી અને ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી દ્વારા પ્રાથમિક સારવાર, સી.પી.આર, અકસ્માત સમયે જોખમી હાલતમાં શું કરવું અને શું ન કરવું જેવી બાબતો અંગે ડેમોટેશન કરીને તાલીમો આપવામાં આવી હતી. આગાખાન હેબિટ્સ ફોર ઈન્ડિયા એજન્સી દ્વારા ભૂકંપ સુનામી,વાવાઝોડું,પૂર જેવી આપત્તિઓ અંગે સમજૂતી આપવામા આવી હતી તથા આપત્તિ આવે ત્યારે કઈ કઈ બાબતોનું ધ્યાન રાખવું એ અને કયા પગલાં લેવા જેની ડેમોસ્ટ્રેશન દ્વારા સમજૂતી આપવામાં આવી હતી.

# આખરે જાગ્યાં: ૧૧ કિલોથી વધુ પ્લાસ્ટિક જપ્ત

### સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની કાર્યવાહી

રાજકોટ, તા.૩૦

મહાનગરપાલિકાની સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા લાંબા સમય બાદ ફરી પટમાં આવી હોય તેમ તા. ૨૯ના રોજ પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (એમેન્ડમેન્ટ) રૂલ્સ-૨૦૨૧ અન્વયે ત્રણેય ઝોન વિસ્તારમાં અલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની તથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરી કુલ ૧૧ કિલો ૮૦૦ ગ્રામ પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કર્યું હતું અને કુલ ૯૧ આસામીઓ પાસેથી રૂ ૨૭૬૦૦નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.






# મતદાર યાદીમાં સ્થાન મેળવવા ૬.૮૮ લાખ લોકોની અરજી

## ૯.૮૮ લાખ લોકોએ નામ કમી કરવા કરી અરજી : ૧૯ ડિસેમ્બરે પ્રસિદ્ધ થઈ મુસદ્દારૂપ યાદી

રાજકોટ, તા. ૩૦

દેશના ૧૨ રાજ્યોમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન એટલે કે મતદાર સુધારણા કામગીરી ચાલી રહી છે જેના ભાગરૂપે રાજ્યભરમાં આ કામગીરી હાથ ધરવામાં આવી છે મળતી માહિતી મુજબ ડ્રાફ્ટ મતદાર યાદીમાં નામ કમી કરવા અને ફરી જોડાવા માટેના અનેક પગલાંઓ લેવામાં આવી રહ્યા છે એટલું જ નહીં મતદાર યાદીમાં નામ ઉમેરવા માટે ફોર્મ નંબર છ પણ હાલ ભરવામાં આવી રહ્યા છે અને આશરે ૬.૮૮ લાખ લોકોએ મતદાર યાદીમાં સ્થાન મેળવવા માટેની અરજી કરેલી છે.

રાજયભરમાં મતદાર યાદી ખાસ સઘન ૪ સુધારણા ઝુંબેશ અંતર્ગત ડ્રાફટ મતદાર ૧ યાદીમાં નામ ઉમેરવા માટે ૬.૮૮,૧૧૬ લોકોએ ફોર્મ નં.૬ અને ફોર્મ નં.૬ એ મળ્યા છે. જયારે ૯,૮૮,૬૨૧ લોકોએ મતદાર યાદીમાંથી પોતાના નામ કરાવવા અરજી કરી છે.




ભારતના ચુંટણી પંચની સૂચના અનુસાર ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.

તા. ૨૭ ઓક્ટોબરથી રાજ્યભરમાં શરૂ કરવામાં આવેલી (સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન) ઝુંબેશની ગણતરીના તબક્કાની અસરકારક કામગીરી બાદ ૧૯ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ મુસદ્દા મતદાર યાદી પ્રસિધ્ધ કરવામાં આવી હતી. સબંધી જે કંઇ વાંધા-દાવા રજૂ કરવા માંગતા હવે આજ સાંજ સુધીમાં જે મતદારો મતદાર યાદીમાં પોતાના નામ સમાવવા અથવા મતદાર યાદીમાંથી નામ બાકાત થવા હોય તેઓ તે રજૂ કરી શકશે. જેના અનુસંધાને આખરી મતદાર યાદીમાં નામ ઉમેરવા માટે તા.૨૮ જાન્યુઆરી, ૨૦૨૬ સુધીમાં કુલ ૬,૮૮,૧૧૬ ફોર્મ ૬ અને ૬એ મળ્યા છે. જ્યારે જે-તે વિધાનસભા મતવિસ્તારમાંથી નામ કમી કરવા માટે ૯,૮૮,૬૨૧ ફોર્મ ૭-મળ્યા છે. ચૂંટણી અધિકારીઓ દ્વારા-વાંધાઓની સત્યતા ચકાસી તેના નિકાલની પણ સાથે સાથે કામગીરી હાથ ધરવામાં આવશે.

# ફૂડ શાખાએ જિલ્લા ગાર્ડન પાસેથી રી-યુઝ્ડ તેલ-ફરસાણના નમુના લીધા





રાજકોટ, તા. ૩૦

મહાનગરપાલિકાની ફુડ શાખાએ જિલ્લા ગાર્ડન પાસેથી રી યુઝ્ડ તેલ અને ફરસાણના નમુના લીધા હતા. ફુડ સેફ્ટી સ્ટાન્ડર્ડ એક્ટ હેઠળ બાપુનગર શેરી નં.૦૬, જીલ્લા ગાર્ડન પાસે આવેલા બી-નવા સ્નેક્સમાથી રી યુઝ્ડ પામોલિન તેલ અને કઠોળ સ્ટીક ફરસાણના નમુના લીધા હતા

આ ઉપરાંત ફૂડ વિભાગની ટીમે ઋજ્જઠ વાન સાથે શહેરના ગોર્વધન ચોક થી માધવપાર્ક ગેટ સુધીના વિસ્તારમાં ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૨૦ ધંધાર્થીઓની ચકાસણી હાથ ધરી ૧૨ ધંધાર્થીઓને લાઈસન્સ બાબતે સૂચના આપવામાં આવી તેમજ ખાદ્ય ચીજોના ૨૦ નમૂનાની સ્થળ પર ચકાસણી કરાઈ હતી.


જેઓને લાયસન્સ માટે સુચના અપાઈ છે તેમાં ક્રિષ્ના ડેરી ફાર્મ- તુલસી પ્રોવિઝન સ્ટોર- શ્રી ગોકુલ પાર્લર- શ્રી દ્વારકેશ સુપર માર્કેટ- મહાકાળી પાણીપુરી- ખોડલ સોડા શોપ- ઉમા પ્રોવિઝન સ્ટોર- અંબે લાઈવ વેફર્સ ક્રિષ્ના પાણીપુરી- અક્ષર પ્રોવિઝન સ્ટોર અને અક્ષર ડેરી ફાર્મને લાઈસન્સ મેળવવા બાબતે સૂચના અપાઈ હતી.

જ્યારે ઘનશ્યામ ડેરી ફાર્મ ઋઉં ૦૫ ફેન્સી ઢોસા ,ન્યુ ઓનલી ઢોસા ,મેરીન મેડીસીન્સ રજવાડી આઇસ્ક્રીમ ,ગોપાલ ડેરી ફાર્મ, ખોડલ પ્રોવિઝન સ્ટોર ,વૃંદાવન ડેરી ફાર્મ અને ભોલે ખમણ ખીરુંની ચકાસણી કરવામાં આવી હતી.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# ગતિ તેજ

## ફાસ્ટ ગ્રોઈંગ સિટીમાં રાજકોટનો સમાવેશ અભિનંદનીય, પણ..



વિશ્વના સાતમા સૌથી ઝડપથી વિકસતા શહેર તરીકે રાજકોટનું નામ ચમક્યું છે. આ સમાચાર દરેક નાગરિક માટે ગૌરવ સમાન છે. શહેરની આર્થિક પ્રગતિ અને વધતું કદ આ આંકડાઓમાં સ્પષ્ટ દેખાય છે. પરંતુ, શું આ ઝડપી વિકાસ સામાન્ય નાગરિકના જીવનમાં સુખ લાવ્યો છે? વાસ્તવિકતા કંઈક અલગ જ ચિત્ર રજૂ કરે છે. વિકાસની આ આંધળી દોડમાં સુખાકારી ક્યાંક ખોવાઈ ગઈ છે.

રાજકોટ આજે સિમેન્ટનું જંગલ બની ગયું છે. ઉદ્યોગો વધ્યા અને વેપાર વધ્યો, પણ સાથે જ સમસ્યાઓનું પોટલું પણ વધ્યું છે. જ્યારે કોઈ શહેર આટલી ઝડપે વિકસે, ત્યારે તેનું માળખાગત આયોજન પણ એટલું જ મજબૂત હોવું જોઈએ. કમનસીબે, રાજકોટનું સ્થાનિક તંત્ર આ બાબતમાં ઉણું ઉતર્યું છે. તંત્રની અદૂરદર્શિતાને કારણે શહેરનો વિકાસ જ હવે શહેર માટે મોટી આફત બનવા લાગ્યો છે.

ટ્રાફિકની સમસ્યા રાજકોટની ઓળખ બની ગઈ છે. રસ્તાઓ તો પહોળા થયા, પણ દબાણો અને આડેધડ પાર્કિંગે તેને સાંકડા બનાવી દીધા છે. પીવાના પાણી માટે આજે પણ અનેક વિસ્તારોમાં વલખાં મારવા પડે છે. ડ્રેનેજ લાઈનો વારંવાર ઉભરાય છે, જે સ્વાસ્થ્ય માટે ખતરો છે. પ્રદૂષણનું સ્તર પણ ભયજનક રીતે વધી રહ્યું છે. શું આને જ આપણે વિકાસ કહીશું?

વિકાસ એટલે માત્ર ઊંચી ઈમારતો કે નવા બ્રિજ નહીં. સાચો વિકાસ એ છે જેમાં નાગરિકને શુદ્ધ હવા, પૂરતું પાણી અને સલામત રસ્તા મળે. તંત્ર દ્વારા લેવામાં આવતા નિર્ણયો ઘણીવાર કાગળ પર સારા લાગે છે, પણ જમીની હકીકત જુદી હોય છે. ભ્રષ્ટાચાર અને આયોજનના અભાવે સામાન્ય જનતા પીસાઈ રહી છે. સરકારી કચેરીઓમાં ફાઈલોની ગતિ ધીમી છે, પણ શહેરની વસ્તીની ગતિ ખૂબ તેજ છે.

હજુ પણ સમય છે કે સ્થાનિક તંત્ર જાગે. જો વિકાસ સાથે સુખાકારી નહીં વધે, તો આ 'ફાસ્ટ ગ્રોઈંગ'નો ટેગ કોઈ કામનો નથી. રાજકોટને માત્ર સ્માર્ટ સિટી બનાવવાની વાતો કરવાને બદલે તેને રહેવા લાયક શહેર બનાવવાની જરૂર છે. પ્રજાના પૈસાનો સદુપયોગ થાય અને પાયાની સુવિધાઓ મજબૂત બને તે અનિવાર્ય છે. વિકાસ ત્યારે જ અભિનંદનીય ગણાય જ્યારે તે નાગરિકના ચહેરા પર સ્મિત લાવે.



# વૈશ્વિક ઊર્જામાં ભારતની મજબૂત ભૂમિકા

## ભારત સ્થિર, વિશ્વસનીય અને વ્યવહારિક નેતા તરીકે થયું સ્થાપિત

નવીદિલ્હી, તા. ૩૦

કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીએ ઇન્ડિયા એનર્જી વીક (IEW) ૨૦૨૬ ના સમાપન સમારોહને સંબોધિત કર્યો. તેમણે જણાવ્યું કે ભારતે વૈશ્વિક ઉર્જા બજારોમાં સતત ભૌગોલિક રાજકીય અસ્થિરતાને પહોંચી વળવા માટે મજબૂત તૈયારી દર્શાવી છે. તેમણે ભાર મૂક્યો કે ભારત આંતરરાષ્ટ્રીય ઉર્જા પરિદશ્યમાં કેન્દ્રિય ભૂમિકા ભજવવાનું ચાલુ રાખશે. આ કાર્યક્રમ ૨૭ થી ૩૦ જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન ગોવામાં યોજાયો હતો. કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું કે ભારતની ઉર્જા વ્યૂહરચના પરિવર્તન પર આધારિત છે. આપણે સતત કટોકટીનો સામનો કર્યો છે. પુરવઠા સ્ત્રોતોના વૈવિધ્યકરણ અને સ્વચ્છ ઇંધણ તરફ ઝડપી સંક્રમણ દ્વારા, આપણે દરેક પડકારને તકમાં પરિવર્તિત કર્યો છે. પુરીએ જણાવ્યું કે દેશ આજે ત્રીજો સૌથી મોટો ઉર્જા ગ્રાહક, ચોથો સૌથી મોટો રિફાઈનર અને પેટ્રોલિયમ ઉત્પાદનોના ટોચના નિકાસકારોમાંનો એક છે. તેમણે એમ પણ કહ્યું કે ભારત વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે પણ ઉર્જા ઉપલબ્ધતા, પોષણક્ષમતા અને ટકાઉપણું સુનિશ્ચિત કરવાનું ચાલુ રાખશે.

કેન્દ્રીય મંત્રીએ પરંપરાગત ઇંધણમાં સતત રોકાણ સાથે બાયોગેસ (CBG), ગ્રીન હાઇડ્રોજન અને સ્વદેશી સ્વચ્છ ઉર્જા તકનીકો વિકસાવવાના સરકારના પ્રયાસો પર ભાર મૂક્યો. તેમણે કહ્યું, ''પરંપરાગત ઊર્જાની જરૂરિયાત ચાલુ રહેશે, પરંતુ ઇથેનોલ મિશ્રણથી લઈને CBDG, હાઇડ્રોજન અને બાયોફ્યુઅલ સુધી આપણે જે પ્રગતિ કરી રહ્યા છીએ તે આપણને વિશ્વાસ અપાવે છે કે ગ્રીન ઇંધણની ભૂમિકા વધુ વધશે.'' પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના સચિવ ડો. નીરજ મિત્તલે ભારતની વિકાસ યાત્રાને વેગ આપવા માટે સરકારની યોજના રજૂ કરી. સચિવે જણાવ્યું, ''૭ ટકાથી વધુના અંદાજિત આર્થિક વિકાસ સાથે, ઊર્જાની માંગ ઝડપથી વધશે. અમારું ધ્યાન બે મુખ્ય સ્તંભો પર છેઃ સ્થાનિક સંશોધન અને ઉત્પાદનને મજબૂત બનાવવું, અને ભારતને વિશ્વને શુદ્ધ ઉત્પાદનોના વિશ્વસનીય સપ્લાયર તરીકે સ્થાપિત કરવું. ભારત ઊર્જા સપ્તાહ ૨૦૨૬ સકારાત્મક નોંધ પર સમાપ્ત થયું. ઝડપથી વિકસતા વૈશ્વિક ઊર્જા પરિદશ્યમાં ભારત સ્થિર, વિશ્વસનીય અને વ્યવહારિક નેતા તરીકે સ્થાન પામ્યું. અંતિમ દિવસે, કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરીએ જણાવ્યું હતું કે વૈશ્વિક ઉથલપાથલ છતાં ભારત સંપૂર્ણપણે તૈયાર છે.

# અયોધ્યામાં હિન્દુ નવા વર્ષની તૈયારીઓ શરૂ

## રાષ્ટ્રપતિ રામ મંદિર સંકુલમાં બાંધકામ કાર્યમાં રોકાયેલા આશરે ૪૦૦ કામદારોનું કરશે સન્માન

રાજકોટ, તા. ૩૦

ઉત્તર પ્રદેશના અયોધ્યામાં હિન્દુ નવા વર્ષની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. રામ મંદિર નિર્માણ સમિતિના અધ્યક્ષ નૃપેન્દ્ર મિશ્રા શુક્રવારે ૧૯ માર્ચે આવતા હિન્દુ નવા વર્ષ માટે અયોધ્યા પહોંચ્યા હતા. તેમની મુલાકાત દરમિયાન તેમણે મીડિયા સાથે રામ મંદિર સંબંધિત અનેક મહત્વપૂર્ણ અપડેટ્સ શેર કર્યા. મિશ્રાએ જણાવ્યું હતું કે ૧૯ માર્ચે હિન્દુ નવા વર્ષ નિમિત્તે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અયોધ્યાની મુલાકાત લેવા માટે અનૌપચારિક કરાર થયો છે. આ ખાસ પ્રસંગે, રાષ્ટ્રપતિ રામ મંદિર સંકુલમાં બાંધકામ કાર્યમાં રોકાયેલા આશરે ૪૦૦ કામદારોનું સન્માન કરશે અને ભગવાન રામના દર્શન પણ કરશે. તેમણે ઉમેર્યું હતું કે રામ મંદિરના સાંસ્કૃતિક અને ધાર્મિક વારસાને વધુ સમૃદ્ધ બનાવવા માટે, દિલ્હીની સેન્ટ્રલ કલ્ચરલ યુનિવર્સિટીએ લગભગ ૪૦૦ વર્ષ જૂની વાલ્મીકિ રામાયણ રામ મંદિર ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાયને સોંપી હતી અને તે હવે રામ મંદિર પહોંચી ગઈ છે.

ચેરમેન નૃપેન્દ્ર મિશ્રાએ જણાવ્યું હતું કે કાંચી કામકોટી પીઠના શંકરાચાર્ય દ્વારા ચંપત રાયને ભેટ આપેલ રામયંત્ર સ્તોત્ર પણ મંદિર સંકુલમાં લાવવામાં આવ્યું છે. આ બે પવિત્ર અવશેષો રામ મંદિરના ગર્ભગૃહમાં સ્થાપિત કરવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે દેશ અને વિદેશમાં વિવિધ ભાષાઓમાં ઉપલબ્ધ પ્રાચીન રામાયણો પસંદ કરવા માટે રામ મંદિર ટ્રસ્ટ દ્વારા એક ખાસ સમિતિની



રચના કરવામાં આવી રહી છે. તેમણે જણાવ્યું હતું કે દુર્લભ અને પ્રાચીન રામાયણો ધરાવતા લોકો તેમને સમિતિને સબમિટ કરવાની મંજૂરી આપવા માટે ટૂંક સમયમાં જાહેર જાહેરાત જારી કરવામાં આવશે. ચકાસણી અને પ્રમાણીકરણ પછી, પસંદ કરેલા રામાયણો મંદિર સંકુલમાં મૂકવામાં આવશે.

નૃપેન્દ્ર મિશ્રાએ જણાવ્યું હતું કે ભગવાન રામ લલ્લા જ્યાં રહે છે તે અસ્થાયી મંદિર ફેબ્રુઆરીના અંત સુધીમાં સ્મારક તરીકે પૂર્ણ થશે. રામ મંદિર ચળવળમાં પોતાના જીવનું બલિદાન આપનારા ભગવાન રામના ભક્તો માટેનું સ્મારક માર્ચ સુધીમાં પૂર્ણ થશે. તેમણે એમ પણ કહ્યું હતું કે LT અને ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ તેમની બધી જવાબદારીઓ પૂર્ણ કરશે અને એપ્રિલના અંત સુધીમાં સ્થળ છોડી દેશે. આ ઉપરાંત, રામ મંદિર સંકુલમાં રવેશ લાઇટિંગ અને સાઇનેજનું કામ પણ શરૂ થઈ ગયું છે. રામ મંદિર નિર્માણ સમિતિના અધ્યક્ષ નૃપેન્દ્ર મિશ્રા શુક્રવારે ૧૯ માર્ચે આવતા હિન્દુ નવા વર્ષ નિમિત્તે ઉત્તર પ્રદેશના અયોધ્યા પહોંચ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અયોધ્યાની મુલાકાત લેવા માટે અનૌપચારિક સંમતિ થઈ ગઈ છે.

# કુવૈતથી દિલ્હી જતી ઈન્ડિગો ફ્લાઈટને બોમ્બની ધમકી

## ફ્લાઈટનું અમદાવાદમાં ઈમર્જન્સી લેન્ડિંગ : તમામના સામાનની કરાઈ ચકાસણી




નવીદિલ્હી, તા. ૩૦

કુવૈતથી દિલ્હી જતી ઇન્ડિગોની ફ્લાઇટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. ધમકી મળતાં જ ફ્લાઇટને અમદાવાદ ડાયવર્ટ કરવામાં આવી હતી અને ત્યારબાદ અમદાવાદમાં ઇમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. ટિશ્યુ પેપર પર લખેલી એક નોટમાં ધમકી મળી આવી હતી, જેમાં ફ્લાઇટને હાઇજેક કરીને ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી હતી. બધા ૧૮૦ મુસાફરો અને તેમના સામાનની સંપૂર્ણ તપાસ કરવામાં આવી રહી છે. કોઈપણ મુસાફરો પાસેથી કોઈ શંકાસ્પદ વસ્તુ મળી નથી. હાલમાં આખા વિમાનની તપાસ કરવામાં આવી રહી છે. તેથી, એ ચોક્કસ છે કે મુસાફરોને દિલ્હી પહોંચવામાં થોડો સમય લાગી શકે છે. દેશભરમાં દરરોજ વિમાન અથવા શાળાઓ સામે બોમ્બથી ઉડાવી દેવાની ધમકીની આવી ઘટનાઓ નોંધાય છે. આવી જ એક ઘટનામાં, શુક્રવારે ઇન્ડિગોની ફ્લાઇટને હાઇજેક કરવાની ધમકી મળી હતી. ફ્લાઇટમાંથી બોમ્બની ધમકી અને હાઇજેક અંગેની માહિતી ધરાવતું ટિશ્યુ પેપર મળી આવ્યું હતું. ટિશ્યુ પેપર મળ્યા બાદ, બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્ક્વોડ (BDDS) ઘટનાસ્થળે પહોંચીને તપાસ શરૂ કરી હતી.

ધમકીની માહિતી મળ્યા બાદ, પાઇલટે એર ટ્રાફિક કંટ્રોલને જાણ કરી હતી અને વિમાનને અમદાવાદ તરફ વાળવામાં આવ્યું હતું. લેન્ડિંગ પછી, બધા મુસાફરોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. ત્યારબાદ સુરક્ષા કર્મચારીઓ અને એરપોર્ટ સ્ટાફે વિમાનની સંપૂર્ણ તપાસ કરી હતી. એરપોર્ટના એક અધિકારીએ જણાવ્યું હતું કે અત્યાર સુધી કોઈ શંકાસ્પદ વસ્તુ મળી નથી. અંતિમ મંજૂરી મળ્યા પછી ફ્લાઇટ ઉડાન ભરી શકે છે. થોડા દિવસ પહેલા, ઇન્ડિગોની ફ્લાઇટમાં બોમ્બની ધમકી પણ મળી હતી. આ માહિતી એક ટીશ્યુ પર પણ મળી હતી. તે સમયે, વિમાન લખનૌમાં લેન્ડ કરવામાં આવ્યું હતું. શુક્રવારે બપોરે કુવૈતથી દિલ્હી જતી ઇન્ડિગોની ફ્લાઇટને હાઇજેક અને બોમ્બની ધમકી મળી હતી. તે પછી તરત જ, ફ્લાઇટનું અમદાવાદ એરપોર્ટ પર ઇમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું. ફ્લાઇટમાં ૧૮૦ મુસાફરો હતા.

# શબ્દ બ્રહ્મ

### સદગુરૂ કૃપા હી કેવલમ્...

# માનસ સુંદર કાંડ

## સુંદરકાંડમાં નવ સુંદરતાની વાત છે, અને નવ પૂર્ણાંક છે, એટલે સુંદરકાંડ પૂર્ણ છે



માનસ સુંદરકાંડની ત્રીજા દિવસની કથામાં પ્રવેશતાં પૂજ્ય બાપુએ કહ્યું કે વાલ્મિકીનાં સુંદરકાંડમાં તમને ઘણી જુદી જુદી વાતો મળશે, પરંતુ આપણાં કેન્દ્રમાં તુલસીકૃત રામચરિત માનસ છે, અને ભવિષ્યનાં લોકો માટે એક વિશિષ્ટ રૂપમાં એમણે આ ગ્રંથનું સંપાદન કર્યું છે. રામચરિત માનસના સુંદરકાંડમાં કુલ નવ સુંદરતાને સમાવતો એવો આ સુંદરકાંડ છે.

પહેલાં એક પ્રશ્ન છે, કે બાપુ તમે આજે વિચાર પ્રસ્તુત કરી રહ્યાં છો, એ વિચારો તમને ક્યાંથી આવે છે? એના કેન્દ્ર બિંદુ ક્યાં છે? તમે સૌ મારા છો, એટલે ઘરનાં જાણીને વાત કરું છું કે મને ત્રણ જગ્યાએથી વિચાર આવે છે, જે હું તમારી સાથે પ્રસાદ રૂપે વહેંચતો રહું છું. પહેલી જગ્યા છે મારો જુલો, મારો હીંચકો, રાતનાં સન્નાટામાં જ્યારે હું એકલો ઝુલા પર બેસું છું, ત્યારે એ વિચારો આવવાં લાગે છે જે સવારે પ્રસાદના રૂપમાં વહેંચું છું, મોટાભાગે હું ઝુલા પરત સુવું છું, ઝુલા પર જ બેસું છું, ને ઝુલા પર જ જમું છું. કેન્દ્રમાં તો મારા ગુરુની કૃપા છે, પરંતુ આ મારું છે ઉદગમ સ્થાન છે. બીજું કેન્દ્ર બિંદુ મારો યજ્ઞકુંડ, અગ્નિ પાસે બેસું, રાતનાં સન્નાટામાં ચૂપચાપ બેઠો રહું, ત્યારે પ્રિય વિચારો શરૂ થાય છે. ત્રીજું કેન્દ્ર બિંદુ રામચરિત માનસનો પાઠ, જ્યારે પાઠ કરું ત્યારે વિચારો શરૂ થઈ જાય છે, તો હું ગુરુકૃપાને આધારે, એ વિચારોને આધારે તમારી સાથે સંવાદ કરું છું! અહીં બધું વ્યાસનું બોલેલું જ બોલે છે, છતાં નિત નૂતન છે!

સિંધુ તીર એક ભૂધર સુંદર,
કૌતૂક કૂદિ ચઢેઉ તા ઉપર.

પહેલી સુંદરતામાં એક પર્વત છે, પર્વતમાં ઊંચાઈ હોય છે, પર્વત જેટલો ઊંચો એટલો અનટચ હોય છે, અસંગ હોય છે, જેમ કે કૈલાશ! એવરેસ્ટને સ્પર્શ થયો છે, પરંતુ કૈલાશ અનટચ છે. એટલે પર્વતમાં ઊંચાઈ હોય, અને બીજું અસંગ હોય, પર્વતનું ત્રીજું લક્ષણ અચલ હોય છે, આપણી ઉન્નતિ, આપણી ઊંચાઈ, આપણી પ્રગતિ, ત્રણ લક્ષણોમાં સંપન્ન થાય ત્યારે એ સુંદર છે.

કનક કોટ વિચિત્ર મુનિ કૃત સુંદરાયતના ઘના,

હનુમાનજીએ લંકામાં જઈને જોયું સોનાનો કિલ્લો જોયો, અને એમને થયું કે સુંદર મકાન છે. આયાતના એટલે મકાન, ઘર, રહેવા યોગ્ય સ્થાન બધું સુંદર. કેવા ઘરને આપણે સુંદર કહીશું જે ઘર સુઘડ હોય, જેને બહારથી અને અંદરથી બંધ કરી શકાય, એને સુંદર કહી શકાય. જેને અંદરથી બંધ કરી ન શકાય, એને તો જેલ કહેવાય, ઘર તો આપણી ઈચ્છા મુજબ ખોલીને બંધ કરી શકાય, આપણી ઈચ્છા હોય તો જ કોઈક આવી શકે, કે જઈ શકે. આ ઉપરાંત ઘર એ જ સુંદર છે, એમાં દરવાજો હોય. કલહમુક્ત ઘર સુંદર છે. કોઈપણ ઘર હોય એને ચાર દિવાલ હોય છે, માનસમાં આવા ઘરની ચર્ચા છે. તુલસી કહે છે કે જીવાત્મા ચાર દીવાલોમાં કેદ છે. તુલસીનાં મતે ચાર દિવાલ કાલ, કર્મ, સુભાવ ગુન ઘેરા. કાલ કર્મ સ્વભાવ અને ગુણ એ ચાર દીવાલોની અંદર આપણે કેદ છીએ આપણી સ્વતંત્રતા કે પરતંત્રતાના કારણ પણ એ ચાર છે.

ઘરમાં અનુકૂળતા મુજબ આપણે એસી લગાવી શકીએ ગરમી હોય તો હીટર લગાવી શકે વર્ષાઋતુ હોય તો છત્રી લઈ જઈ શકે પરંતુ પ્રકૃતિનો જે કાળ છે એટલે કે ઋતુ પ્રમાણેનો ફેરફાર આપણે બદલી શકતા નથી બીજો કાળ છે આપણું મૃત્યુ છે એને પણ આપણે બદલી શકતા નથી. આપણા કર્મ મુજબ આપણું જીવન હોય છે એટલે એ પણ આપણે બદલી શકતા નથી. ગુણ એટલે કે સત્વરે રસ અને તમો એ પણ આપણી જરૂરિયાત છે એની બાદબાકી થઈ શકે નહીં! આ સમ્યકતા જરૂરી છે. પ્રાણ અને પ્રકૃતિ સાથે જાય એમ સ્વભાવ પણ આપણે બદલી શકતા નથી.

સ્યામ સરોજ દામ સમ સુંદર,
પ્રભુ પુજ કરિ કર સમ દસકંદર.

સુંદરકાંડની ત્રીજી સુંદરતા છે, પરમાત્માનો હાથ, ભુજા સુંદર! હાથ કોના સુંદર હોય ગોરા હોય સપ્રમાણ હોય આંગળીઓ પ્રમાણમાં બનાવી હોય એ પણ અહીં એ વાત નથી રામના હાથ માટે તો સવાલ જ નથી પરંતુ હાથ એમના સુંદર છે જે બીજાને આપે છે માત્ર ગ્રહણ કરવું એ હાથની સુંદરતા નથી. હાથ એમના સુંદર છે જે બીજાને સહારો આપે, પડેલાને આધાર આપે, બીજાને ધક્કો મારે એ હાથ કંઈ રીતે સુંદર હોય શકે! દસ ટકાની વાત હું કેટલાય વખતથી કરું છું.

તબ દેખી મુદ્રિકા મનોહર,
રામનામ અંકિત અતિ સુંદર.

સુંદરકાંડ અંતર્ગત ચોથી સુંદરતા ભગવાને જે મુદ્રિકા આપી જેમાં રામ નામ અંકિત છે એ અત્યંત સુંદર છે. તુલસીદાસજીએ આઠ સુંદરતા ની વાત કરી અને નવમી જાનકીની સુંદરતા કઈ પણ આ નવ સુંદરતામાં બે સુંદરતાને તુલસીદાસજીએ અતિ સુંદર કહી શા માટે? રામ નામ અને રામકથા અતિ સુંદર અતિ સુંદર શબ્દનો પ્રયોગ મારા ગોસ્વામીજીએ મુદ્રિકા માટે નથી કર્યું એમાં રામનામ અંકિત છે એટલે અતિ સુંદર છે એમ કહ્યું છે રામનું નામ અતિ સુંદર છે.

પાંચમી સુંદરતા અશોક વાટિકામાં જ્યારે હનુમાનજીને ભૂખ લાગી ત્યારે સીતાજીને કહે છે મા મને અતિશય ભૂખ લાગી છે આ ફળ, ફૂલ અને મોટા ઝાડ, સુંદર છે એને જોઈને મને ભૂખ લાગી છે.

છઠ્ઠી સુંદરતા ભગવાનની કથાની છે ભગવાન શંકર લગ્ન થઈ ગયા જ્યારે હનુમાનજીના મસ્તક પર રામજી આ હાથ મૂક્યો અને ભગવાન કથા કહેતા કહેતા કૈલાશ પર ધ્યાનસ્થ થઈ ગયા કારણકે રામકથા હતી સુંદર છે! કારણ કે કથા તો ઘણા પ્રકારની હોય કેટલીક કથાઓ રજની હોય કોઈ કોઈ કથા તમો ગુણી હોય જેમાં વક્તાઓ શ્રોતાઓને ધમકાવતા જ રહે છે કેટલીક તત્વપ્રધાન પણ હોય છે પરંતુ અતિ સુંદર કથા તો ભગવાન શંકર કહે છે, અને એ ભગવાનની કથા સુંદર છે.

સુંદરકાંડમાં સાતમી સુંદરતા સુકનની, રામે જ્યારે પ્રસ્થાન કર્યું ત્યારે સુંદર સુગંધ થવા લાગ્યા ભગવાને જ્યારે પ્રયાણ કર્યું ત્યારે બધા સુકન સુંદર થવા લાગ્યા.

સઠ સન વિનય, કુટિલ સન પ્રીતિ,
સહજ કૃપન સન સુંદર નીતી.

આખા એ નીતિશાસ્ત્રની ચર્ચામાંથી આ પંક્તિ ઉઠાવવામાં આવી છે કે શર્ટની આગળ વિનયનું કોઈ ફળ નહીં મળે અને કુટીલ સાથે પ્રીતિ નું કોઈ પરિણામ નહીં આવે. તુલસીદાસજીએ સુંદર નીતિને પણ સુંદરકાંડમાં સમાવિષ્ટ કરીને આઠમી સુંદરતા નીતિ દર્શાવી છે.

નવમી સુંદરતા મા જાનકી જે પ્રતિબિંબ છે છાયા છે જાનકી મૂળ રૂપમાં તો અગ્નિમાં સમાઈ ચુક્યા છે અને એ જાનકી તો અતિ સુંદર છે જ સુંદરતાને પણ સુંદરતાની દીક્ષા દેનારી શ્રી જાનકીજી છે, આમ નવ સુંદરતાનો ઉલ્લેખ તુલસીનાં રામચરિત માનસના સુંદરકાંડમાં મળે છે, નવ પ્રકારની સુંદરતા એ સુંદરકાંડની પૂર્ણતાને ઘોષિત કરે છે.

કથાના ક્રમમાં પહેલા દિવસે આપણે હનુમાનજીની વંદના કરી ત્યારબાદ ભગવાનના સખાઓની વંદના અને ગોસ્વામી જીએસ સીતારામજીની વંદના કરી રામચરિત માનસમાં નવ દોહામાં એટલે કે ૭૨ પંક્તિઓમાં રામ નામનો મહિમા અને રામ નામની વંદના છે. પરમાત્માના હજાર નામ છે પરંતુ ગોસ્વામીજી કહે છે કેમાંથી હું રામ નામની વંદના કરું છું રામ નામના મહિમાનું ગાન કરું છું. ભગવાન શંકર નિરંતર રામ નામ જપે છે શંકરે વિસપાન કર્યું ત્યારે રામના પ્રતાપથી વિષ અને રામ જોડાયું એટલે વિશ્રામ થઈ ગયું. પ્રભુનું નામ સર્વોત્તમ છે અને, આખરી સાર તો હરિ નામ જ છે, અને એટલે જ કળિયુગનુ એ સાધન બતાવ્યું છે. આમ રામ નામના મહિમા સાથે ત્રીજા દિવસની કથા અને વિરામ આપ્યો.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

આ તે કેવો એકતરફી પ્રેમાંધઃ જેની સાથે લગ્ન ન થઇ શકયા એ યુવતિના પરિવાર સાથે ખાર રાખી આચર્યો ગંભીર ગુનો

# દૂધવાળાએ કર્યા માતા-પુત્રના અપહરણ

## જેની સાથે લગ્ન કરવાના હતાં એ યુવતિને બીજે પરણાવી દેતાં પહેલા કારથી તેણીના પિતાનો પીછો કર્યોઃ પછી એ યુવતિના માતા-ભાઇને સાધુ વાસવાણી રોડેથી ઉપાડી લીધાઃ યુનિવર્સિટી પોલીસે વધુ એક વખત કલાકોમાં નોંધપાત્ર કામગીરી કરી અપહૃતને છોડાવ્યાઃ ચાર આરોપીની ધરપકડ

રાજકોટ, તા.૩૦

પ્રેમમાં અંધ કે એકતરફી પ્રેમમાં પાગલ હોય એવા ઢગાઓ ઘણીવાર ન કરવાના ધંધા કરી ગંભીર ગુનાને અંજામ આપી દેતાં હોય છે. આવી જ એક ઘટના રાજકોટ શહેરમાં બની છે. અહિ રહેતાં મુળ ગઢડા બોટાદ પંથકના દૂધના ધંધાર્થી શખ્સને રાજકોટની એક યુવતિ સાથે લગ્ન કરવા હતાં. પરંતુ યુવતિના પિતાએ લગ્ન ન કરાવી પોતાની આ દિકરીને બીજા પરિવારમાં પરણાવી દેતાં આ દૂધવાળો રોષે ભરાયો હતો અને દાઝ રાખી યુવતિના માતા તથા ૧૪ વર્ષના ભાઇને કારમાં ઉપાડી જતાં દેકારો મચી ગયો હતો. યુનિવર્સિટી પોલીસે સાધુ વાસવાણી રોડ પર બનેલી આ ઘટનાનો ભેદ કલાકોમાં ઉકેલી અપહૃત મા-બેટાને મુક્ત કરાવી મુખ્ય આરોપી સહિત ચારને દબોચી લઇ કાયદાનું ભાન કરાવ્યું હતું.

વિગતો પર નજર કરીએ તો શહેરમાં રહેતાં અને ખાનગી સ્ટોરમાં નોકરી કરતાં પ્રૌઢની દિકરી કે જે હાલ સાસરે છે તેની સાથે મુળ ગઢડાના જોરડા ગામના અને હાલ રાજકોટ રહી દૂધનો ધંધો કરતાં શખ્સને લગ્ન કરવા હોઇ પણ પ્રૌઢે લગ્નની ના પાડી પોતાની દિકરીના બીજા પરિવારમાં લગ્ન કરાવી દેતાં આ બાબતનો ખાર રાખી આ દૂધના ધંધાર્થી શખ્સે પોતાના મિત્ર સાથે મળી ગઇકાલે પ્રૌઢ ઘરેથી મોટરસાઇકલ હંકારી નોકરીએ જતા હતાં ત્યારે સાધુ વાસવાણી રોડ પર તેમનો પીછો કરતાં તેઓ ઉભા રહી જતાં અને ફોન કરી પત્નિ તથા ચૌદ વર્ષના દિકરાને બોલાવતાં આ બંને અહિ આવતાં પીછો કરનાર બંને કાર લઇ નીકળી જતાં પ્રૌઢ પોતાના પત્નિ-દિકરાને ઘરે રવાના કરી પોતે નોકરીએ જવા નીકળતાં રસ્તામાં જનકપુરી નજીક ક્વાર્ટર પાસેથી દૂધનો ધંધાર્થી પ્રૌઢના પત્નિ અને પુત્રને કારમાં બળજબરીથી નાંખી અપહરણ કરી જતાં દોડધામ મચી ગઇ હતી

ઘટના જાહેર થતાં જ યુનિવર્સિટી પોલીસ હરકતમાં આવી હતી. તુરત જ પોલીસે ચૌદ વર્ષના દિકરા સાથે અપહરણનો ભોગ બનનાર મહિલાના પતિની ફરિયાદ પરથી રાજકોટ સાધુ વાસવાણી રોડ પર આવાસ ક્વાર્ટરમાં રહેતાં અને દુધનો ધંધો કરતાં મુળ બોટાદના જોરડા ગામના કૃણાલ માલાભાઇ મીઠાર અને તેના મિત્ર આજીડેમ ચોકડી માનસરોવરના ઢાળીયા પાસે રહેતાં દૂધના ધંધાર્થી મુળ જસદણના ભંડારીયાના ભરત જીવાભાઇ કળોતરા સામે અપહરણનો ગુનો નોંધી બંનેને કલાકોમાં જ ત્રંબા નજીકથી દબોચી લઇ અપહૃત મા-દિકરીને મુક્ત કરાવ્યા છે. આ ગુનામાં અન્ય બે આરોપીની પણ સંડોવણી સામે આવતાં તેને પણ દબોચી લીધા છે. કૃણાલ ઓગણત્રીસ વર્ષનો અને તેનો ભાઇબંધ ભરત ત્રીસ વર્ષનો છે.







વધુ માહિતી અનુસાર આ બનાવમાં ફરિયાદી પ્રૌઢે પોલીસને જણાવ્યું હતું કે હું પરિવાર સાથે રહુ છું અને છુટક કામ કરુ છું. મારે સંતાનમાં એક દિકરો અને પાંચ દિકરી છે. જેમાં એક દિકરી સાસરે છે. ગુરૂવારે ૨૯મીએ સાંજે આઠેક વાગ્યે હું ટીફીન લઇ નાઇટ ડ્યુટીમાં કેકેવી હોલ નજીક સ્ટોર પર જતો હતો. આ વખતે કૃણાલ અને તેનો મિત્ર ભરત સફેદ રંગની કાર લઇને મારી પાછળ આવતાં હતાં. કાર કૃણાલ ચલાવતો હતો. જેથી હું સાધુ વાસવાણી રોડ પર ગંગોત્રી પાસે ચાની હોટલે ઉભો રહી ગયો હતો. આથી કૃણાલ અને તેની સાથેનો ભરત પણ કાર મારી સામેની સાઇડ રાખી ઉભા રહી ગયા હતાં. જેથી મેં મારા પત્નિને ફોન કર્યો હતો કે કૃણાલ અને તેનો મિત્ર ભરત અર્ટીગા કાર લઇને મારી પાછળ આવે છે.

આથી મારા પત્નિ અને દિકરો ત્યાં આવતાં કૃણાલ અને ભરત કાર લઇ નીકળી ગયા હતાં. કૃણાલને અગાઉ મારી દિકરી જે હાલ સાસરે છે તેની સાથે કૃણાલને લગ્ન કરવા હતાં. પરંતુ મારે મારી દિકરીને કૃણાલ સાથે પરણાવવી નહોતી. આ કારણે તેણે ખાર રાખ્યો હતો. કૃણાલ, ભરત જતા રહ્યા બાદ મેં પત્નિ, દિકરાને ઘરે મોકલી દીધા હતાં અને હું નોકરીએ ગયો હતો. ત્યાં રાતે સવા નવેક વાગ્યે મેં મારા પત્નિને ફોન કરતાં રીસીવ થયો નહોતો. જેથી મને ચિંતા થતાં ઘરે ગયો હતો. એ વખતે મારી પત્નિ નહોતી. મેં દિકરીને આ બાબતે પુછતાં તેણે કહેલું કે મમ્મી અને ભાઇ હજુ ઘરે આવ્યા નથી. આથી હું ફરીથી સાધુ વાસવાણી રોડ પર મૈયાભાઇની હોટલ પાસે કે જ્યાંથી મેં બંનેને ઘરે રવાના કર્યા હતાં ત્યાં તપાસ કરવા જતાં તે ત્યાં પણ મળ્યા નહોતાં.

અહિથી આગળ જનકપુરીના ક્વાર્ટર નજીક મહાદેવના મંદિર પાસે રસ્તા પરના લોકોને પૃછા કરતાં એક ભાઇએ કહ્યું હતું કે એક અર્ટીગા કાર આવી હતી તેમાં એક બહેન અને છોકરાને બળજબરીથી બે જણા બેસાડીને લઇ ગયા છે. આથી મને ખબર પડી હતી કે મારા પત્નિ દિકરાનું અપહરણ કૃણાલ અને તેની સાથેના ભરતે કર્યુ છે. જેથી મેં તુરત પોલીસને જાણ કરી હતી. મારી દિકરી સાથે કૃણાલને લગ્ન કરવા હોઇ પરંતુ મેં ના પાડી હતી અને દિકરીના બીજે લગ્નથઇ ગયા હોઇ તે કૃણાલને ન ગમતાં ખાર રાખી તેણે મિત્ર સાથે મળી કારથી મારો પીછો કર્યો હતો અને બાદમાં સાધુ વાસવાણી રોડ પર હું ઉભો રહી જતાં અને મારા પત્નિ જે પિસ્તાલીસ વર્ષના છે તથા દિકરો જે ચૌદ વર્ષનો છે તેને બોલાવતાં આ બંને આવતાં કૃણાલ અને ભરત ત્યાંથી નીકળી ગયા બાદ હું નોકરી પર જતાં પાછળથી મારા પત્નિ, દિકરાને કારમાં ઉઠાવી જવાયા હતાં. અપહરણની ઘટના જાહેર થતાં જ યુનિવર્સિટી પોલીસે ગુનો દાખલ કરી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

આ બારામાં એએસઆઇ જે. એલ. બાળાએ ગુનો નોંધ્યા બાદ પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી રાકેશ દેસાઇ, એસીપી રાધીકા ભારાઇની સુચના અંતર્ગત પોલીસ ઇન્સપેક્ટર એચ. એન. પટેલ, પીએસઆઇ વી. જી. ડોડીયા, એએસઆઇ જગમાલભાઇ ખટાણા, હેડકોન્સ. વિરદેવસિંહ જાડેજા, વિજુભા જાડેજા, મહિપાલસિંહ જાડેજા, પ્રતાપસિંહ મોયા, ગોપાલસિંહ જાડેજા, કોન્સ. દિવ્યરાજસિંહ જાડેજા, પ્રવિણભાઇ જતાપરા, દિવ્યરાજસિંહ ટેમભા, પ્રાદીત્યસિંહ ઝાલા સહિતની ટીમે તત્કાળ કાર્યવાહી કરી આરોપીઓનું પગેરૂ દબાવી મુખ્ય સુત્રધાર કૃણાલ અને સાથેના ભરતને પકડી લીધા બાદ મદદગારીમાં અન્ય બે નામ ખુલતાં તેને પણ દબોચી લઇ વધુ તપાસ હાથ ધરી હતી. આ લોકો તેને રાજકોટ ભાવનગર હાઇવે તરફ થઇ કોઇ ગામે લઇ જતાં હતાં ત્યારે પકડી લેવાયા હતાં. તમામની વધુ પુછતાછ હાથ ધરવામાં આવી હતી. તાજેતરમાં યુનિવર્સિટી પોલીસે એક અપહૃત સગીરાને પણ હવસખોરની ચુંગાલમાંથી હેમખેમ મુક્ત કરાવી હતી.

---

# લગ્ન પ્રસંગમાં નાના ભાઇની મજાક કરનારને ઠપકો દેતાં યુવાન પર છરીથી હુમલો

## જુના મોરબી રોડ પર બનાવઃ ત્રણ શખ્સો વિરૂધ્ધ બી-ડિવીઝનમાં ફરિયાદ

રાજકોટ, તા. ૩૦

મારામારીનો વધુ એક બનાવ બન્યો છે. જેમાં લગ્ન પ્રસંગમાં નાના ભાઇની મજાક કરનારા શખ્સને મોટા ભાઇએ ઠપકો આપતાં ખાર રાખી તેના પર ત્રણ જણાએ હુમલો કરી ઢીકાપાટુ મારી છરીથી પણ ઘા મારી દીધો હતો. વિગતો પર નજર કરીએ તો બનાવ જુના મોરબી રોડ પર સોહમનગરમાં બન્યો હતો.

આ માથાકુટ મામલ બી-ડિવીઝન પોલીસે પારેવડી ચોક મહાત્મા ગાંધી પ્લોટ-૬માં રહેતાં અને કુવાડવા રોડ પર પરજીયા હોન્ડાના શો રૂમમાં સર્વિસ એડવાઇઝર તરીકે નોકરી કરતાં જયસુખભાઇ હરિભાઇ કટારીયા નામના બત્રીસ વર્ષના યુવાનની ફરિયાદ પરથી જુના મોરબી રોડ પર પર સોહમનગર-૧માં રહેતાં ભુરો મુછડીયા, શામજી મુછડીયા અને આકુલ શામજીભાઇ મુછડીયા વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો. જયસુખભાઇએ જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહુ છું. ૨૯/૧ના ગુરૂવારના રોજ મારા સગા કાકા નારણભાઇ કટારીયાના દિકરા વિપુલભાઇના લગ્ન હોઇ હું સવારના આશરે નવેક વાગ્યે માલીયાસણ ખાતે જાનમાં ગયેલ હતો અને બાદ સાંજના છએક વાગ્યે જાન પરણીને તેના ઘરે જુના મોરબી રોડ સોહમનગર સોસાયટી શેરી નંબર-૩ ખાતે આવી હતી. વિધી પુરી થયા બાદ બધા જમવા ગયેલ અને જમ્યા બાદ મોડી રાત્રે સાડા બારેક વાગ્યે અમો બહાર આટો મારવા નીકળ્યા હતાં.

તે વખતે મારી સાથે મિત્ર રાહુલભાઇ કાનજીભાઇ પરમાર પણ હતો. અમે બંને ત્યાં સોહમનગર મેઇન રોડ-૧ના ખુણે પહોંચ્યા આ વિસ્તારમાં રહેતાં શેરી નં.-૦૧ નાં ખુણે પહોંચતા ત્યાં ભુરો મુછડીયા ઉભો હતો. તેણે લગ્નપ્રસંગમાં મારા નાના ભાઇ શૈલેન્દ્રની કોઇ કારણે મજાક મસ્તી કરી હોઇ જેથી મેં તે સામો મળતાં તેને આ બાબતે ઠપકો આપતાં તેને ગમ્યું નહોતું. આ વખતે તેના સગા શામજીભાઇ મુછડીયા અને શામજીભાઇનો દિકરો આકુલ પણ ત્યાં આવી ગયેલ. આ બાબતે વાતચીત કરતા હતા તે દરમ્યાન આ ભુરો મને ગાળો દેવા માંડતા મેં ના પાડતાં તે નજીકમાં તેનું ઘર હોઇ ત્યાંથી છરી લાવ્યો હતો અને મને છરી બતાવી વધુ ગાળો દીધી હતી.

આ વખતે શામજીભાઇએ મને પકડી લીધો હતો અને ભુરાએ છરીથી મારા હાથમાં ઘા મારતાં મેં જમણો હાથ આડો દેતાં ઇજા થઇ હતી. આ ઘાથી મને બાવડા ઉપર છરકો પડી ગયેલ અને લોહી નીકળવા લાગ્યા હતાં. આ વખતે આકુલે મારો મિત્ર રાહુલભાઇ વચ્ચે પડી અમને છોડાવતો હોઇ તેને ભુંડી ગાળો આપી હતી. પછી ત્રણેયએ મળીને અમને ઢીકાપાટુ માર્યા હતાં. દેકારો થતાં માણસો ભેગા થઇ જતાં અને મારા કાકાના દિકરા ભાઇ, નાનો ભાઇ સહિતના આવી જતાં ભુરો સહિતના ત્રણેય ભાગી ગયા હતાં. મને ઇજા પહોંચી હોઇ હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં સારવાર લીધા બાદ ફરિયાદ કરી હતી. તેમ વધુમાં જયસુખભાઇએ કહેતાં ઇન્સ. એસ. એસ. રાણેના માર્ગદર્શનમાં એએસઆઇ કે. વી. ગોહિલે એફઆઇઆર દાખલ કરી હતી.

---

એક તરફ મંગેતર હોસ્પિટલના ખાટલે હતો, બીજી તરફ તેના ભાઇબંધે ચાલુ કરી ઉઘરાણી

# હોસ્પિટલમાં યુવતિ સાથે મંગેતરના મિત્રનો બખેડો!

## રૈયા રોડ પર હોસ્પિટલના પાર્કિંગમાં થઇ બબાલઃ મારા ચાર લાખ તારો ફિયાન્સ ક્યારે દેશે કહી યુવતિને અને તેના માતાને પણ ગાળો ભાંડી ચાર જણાએ ખૂનની ધમકી દીધીઃ યુનિવર્સિટી પોલીસે દાખલ કરી FIR

રાજકોટ, તા. ૩૦

રૂપિયાની ઉઘરાણી મામલે કે લેતીદેતી મામલે બટાઝટીની ઘટનાઓ અવાર-નવાર બનતી હોય છે. પૈસાને કારણે ઘણીવાર દોસ્તીમાં પણ દરાર પડી જતી હોય છે. ઘણીવાર આવા કિસ્સામાં લેતીદેતીની વાત પછી વ્યાજખોરી સુધી પહોંચતી હોય છે. પૈસા મામલે વધુ એક ડખ્ખો થયો છે. જેમાં ગાંધીગ્રામ નાણાવટી ચોક પાસે રહેતી યુવતિ તેના ફીયાન્સને રૈયા રોડ પર સેલસ હોસ્પિટલમાં દાખલ કર્યો હોઇ ત્યાં હતી ત્યારે પતિના જ મિત્ર સહિત ચાર જણાએ આવીને ચાર લાખની ઉઘરાણી માટે ગાળો ભાંડી જાનથી મારી નાખવાની ધમકી આપતાં ચકચાર જાગી છે.

વિગતો જોઇએ તો યુવતિ પોતે માતા, સાસુ, સસરા સહિતની સાથે રાતે ફિયાન્સ દાખલ હોવાથી હોસ્પિટલ ખાતે હતી ત્યારે તેના ફિયાન્સના મિત્ર એવા મવડી ચોકડીએ રહેતાં શખ્સ અને તેના ભાઇ સહિતના ચાર જણાએ ત્યાં



આવી હોસ્પિટલના પાર્કિંગમાં પૈસાની ઉઘરાણી મામલે માથાકુટ કરી આ યુવતિ અને તેના માતાને ગાળો દઇ મારા રૂપિયા ચાર લાખ આપી દો કહી ઉઘરાણી કરી મારી નાંખવાની ધમકી આપતાં ફરિયાદ થઇ છે. તારો ફિયાન્સ ક્યારે અમારા પૈસા આપશે? તેમ કહીને આ ચારેયએ બઘડાટી બોલાવી હતી.આ બનાવમાં યુનિવર્સિટી પોલીસે નાણાવટી ચોક પાસે ઉમા ખોડલ ચોક પવન બંગલો સોસાયટીમાં રહેતાં સત્યાવીસ વર્ષના કૃપાબા ગંભીરદાન ગઢવીની ફરિયાદ પરથી મવડી ચોકડી ક્રિષ્ના પાર્ક સોસાયટીમાં રહેતાં જય ખાંડેખા, સંજય ખાંડેખા, વિનય ખાંડેખા અને મેહુલ ખાંડેખા વિરૂધ્ધ ગુનો દાખલ કર્યો હતો.

ઘટના બારામાં કૃપાબાએ પોલીસ સમક્ષ ફરિયાદ નોંધાવી જણાવ્યું હતું કે હું મારા પિતા ગંભીરદાન, માતા જામબા ગઢવી, ભાઈ કરણભાઈ તથા ભાભી વૈશાખીબેન એમ સાથે રહુ છું અને મારી સગાઇ હેમાંગ અશોકભાઈ રાવલ સાથે થઇ છે. રાત્રીના અંગીયારેક વાગ્યાના આરસામા સેલસ હોસ્પિટલ રૈયા રોડ ખાતે મારા ફીયાન્સ હેમાંગ રાવલ દાખલ હોવાથી હું તથા મારા માતા જામબા તથા મારા સાસુ રેખાબેન તથા સસરા અશોકભાઈ રાવલ એમ બધા હાજર હતા ત્યારે મારા ફીયાન્સ હેમાંગના મીત્ર જય ખાંડેખા, તેના ભાઈ મેહુલભાઈ ખાંડેખા તથા સંજયભાઈ ખાંડેખા તથા વિનયભાઈ ખાંડેખા એમ ચારેય સેલસ હોસ્પિટલ ખાતે પાર્કીંગમાં આવ્યા હતાં. આ પછી જય ખાંડેખા મારી પાસે આવેલો અને મને કહેવા લાગેલો કે હેમાંગ પાસેથી મારે જે રૂ.૪,૦૦,૦૦૦ લેવાના છે તે ક્યારે આપશે?

જેથી મે તેને કહેલું કે હાલ તે હોસ્પિટલમાં દાખલ હોઇ સારૂ થઈ જશે ત્યારે આપી દેશે. આ સાંભળી જય મારી સાથે જેમ ફાવે તેમ બોલાચાલી કરી ગાળો દેવા માંડ્યો હતો. સાથેના સંજય, વિનય અને મેહુલે પણ મારી સાથે તથા મારા માતા જામબા સાથે મનફાવે તેમ બોલાચાલી કરી ગાળો દીધી હતી. દેકારો થતાં લોકો ભેગા થઇ જતાં મેહુલ અને સંજય સહિતના ત્યાંથી રવાના થયા હતાં. જતાં જતાં આ બંનેએ કહેલું કે-અમારા રૂપિયા પરત આપી દેજે નહીતર તને જાનથી મારી નાંખશું. ધમકી આપી આ લોકો જતા રહ્યા બાદ અમે પોલીસ ફરિયાદ નોંધાવવાનું નક્કી કર્યુ હતુ. તેમ વધુમાં કૃપાબાએ કહેતાં યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના ઇન્સપેક્ટર એચ. એન. પટેલના માર્ગદર્શનમાં આસી સબ ઇન્સ. એમ. એલ. ઝાલાએ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી હતી.

---

મોટા માંડવા અને મોટા દડવા ગામ વચ્ચે કાર પૂલ પરથી ખાબકી અને ભડકો થયો

# કાર અગનગોળો-ત્રણ શિક્ષકના મોત

## છોટાઉદેપુરના બે શિક્ષીકા, એક શિક્ષક ગોંડલ અભ્યાસ કરતાં દિકરાને તેડવા આવ્યા હતાં અને કાળનો કોળીયો બની ગયાઃ અરેરાટી ભર્યા દ્રશ્યો

રાજકોટ, તા. ૩૦

કાળ ક્યારે ક્યારં અને કેવી રીતે ભેટી જાય તે નક્કી હોતું નથી. કંઇક આવી જ એક હૈયા હચમચાવતી ઘટના રાજકોટ નજીના ગોંડલ-આટકોટ હાઇવે પર બની હતી. જેમાં વહેલી સવારે એક કાર બેકાબૂ બનીને પુલ નીચે ખાબકતા તેમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળી હતી. આ ગોઝારી ઘટનામાં કારમાં સવાર બે શિક્ષકા અને એક શિક્ષક સહિત ત્રણ લોકો ઘટના સ્થળે જ બળીને ભડથું થઇ જતાં કાળો કલ્પાંત સર્જાયો હતો.

આ ગોઝારી ઘટનાની વિગતો પર નજર કરીએ તો આ અકસ્માત મોટા માંડવા અને મોટા દડવા ગામ વચ્ચેના વિસ્તારમાં બન્યો હતો. શુક્રવારે વહેલી સવારના સુમારે હાઈવે પરથી પસાર થઈ રહેલી કારના ચાલકે અચાનક સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવી દીધો હતો. જેના કારણે કાર રોડની સાઈડમાં આવેલા પુલ પરથી સીધી નીચે ખાબકી હતી. ચાઈ પરથી કાર નીચે પટકાવવાને કારણે તેમાં સ્પાર્ક થતા અથવા ફ્યુઅલ ટાંકી ફાટવાને કારણે જોરદાર આગ ભભૂકી ઉઠી હતી. આગની જ્વાળાઓ એટલી ઝડપથી અને વિકરાળ રીતે ફેલાઈ ગઈ હતી કે કારમાં સવાર બંને મુસાફરોને બહાર નીકળવાની તક પણ મળી ન હતી.

કાર જોતજોતામાં આગનો ગોળો બની ગઈ હતી અને અંદર રહેલા બાળક સહિત બન્ને વ્યક્તિઓ અગનજવાળામાં લપેટાઈ જતા જીવતા જ ભુંજાઈ ગયા હતા. આ બનાવની જાણ થતા જ હાઈવે પરના વાહનચાલકો અને આસપાસના ગામના લોકો તેમજ સ્થાનિક પોલીસ કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો.



શુક્રવારની સવારે સર્જાયેલી આ ઘટનાએ સમગ્ર પંથકમાં અરેરાટી ફેલાવી દીધી છે. મૃતકોની ઓળખ મેળવવા તપાસ શરૂ કરાઇ હતી.

આ આ અકસ્માત મોટા માંડવા અને મોટા દડવા ગામ વચ્ચેના વિસ્તારમાં બન્યો હતો. વહેલી સવારના સુમારે હાઈવે પરથી પસાર થઈ રહેલી કારના ચાલકે અચાનક સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવી દીધો હતો. જેના કારણે કાર રોડની સાઈડમાં આવેલા પુલ પરથી સીધી નીચે ખાબકી હતી. ચાઈ પરથી કાર નીચે પટકાવવાને કારણે તેમાં સ્પાર્ક થતા અથવા ફ્યુઅલ ટેન્ક ફાટવાને કારણે જોરદાર આગ ભભૂકી ઉઠી હતી. પોલીસની જુદી-જુદી ટીમો દ્વારા મૃતદેહોની ઓળખ મેળવવામાં માટે તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં જાણવા મળ્યુ હતું કે મૃતકો છોટાઉદેપુરના શિક્ષકો હતા. જેઓ ગોંડલ પોતાના સંતાનને લેવા માટે આવી રહયા હતા. છોટાઉદેપુરના શિક્ષક બારૈયા પ્રયાગકુમાર ગણપતભાઇ, ચૌધરી આશાબેન અને ચૌધરી નિતાબેનના મોત થયા હતાં. આશાબેન ચૌધરીનો પુત્ર ગોંડલ સ્વામીનારાયણ ગુરૂકુળમાં ધોરણ દસમાં અભ્યાસ કરે છે. જેની તબિયત સારી ન હોવાથી તેને લેવા માટે ગોંડલ આવી રહ્યા હતા ત્યારે આ દુઘર્ટના સર્જાઇ હતી.

મૃતકોને પ્રથમ જસદણ પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યા હતા જયાંથી રાજકોટ એફએસએલ કરવા માટે મૃતદેહોને ખસેડાયા હતાં. આગની જ્વાળાઓ એટલી ઝડપથી અને વિકરાળ રીતે ફેલાઈ ગઈ હતી કે કારમાં સવાર ત્રણેય મુસાફરોને બહાર નીકળવાની તક પણ મળી ન હતી. કાર જોતજોતામાં આગનો ગોળો બની ગઈ હતી અને અંદર રહેલા ત્રણેયે વ્યક્તિઓ અગનજવાળામાં લપેટાઈ જતા જીવતા જ ભુંજાઈ ગયા હતા. આ ઘટનાએ અરેરાટી ફેલાવી દીધી હતી.

### હું બેંક મેનેજર બોલુ છું તમારી એપ બંધ છે ચાલુ કરવા તાત્કાલીક પ્રોસેસ કરવી પડશે

# બેંકના નામે વૃદ્ધાને છેતરતો ગઠિયો

## ઠગાઇના અન્ય કિસ્સામાં પાંચ વેપારીઓના નામે ત્ર્યાંસી લાખની લોન બારોબાર લઇ લેવાઇઃ બે મહિલા સહિત પાંચ કાવત્રાખોરોને શોધે છે પોલીસ

રાજકોટ, તા.૩૦

સાયબર ગઠીયાઓ અવાર-નવાર ખાસ કરીને વૃધ્ધોને બેંકના નામે ફોન કરી તેની સાથે ઠગાઇ કરી લેતાં હોય છે. તાજેતરમાં રાજકોટમાં બેંક ઓફ બરોડાના નિવૃત અધિકારીને પેન્શન નિવૃતી કાર્ડ કાઢી આપવાના બહાને બેંક કર્મીના નામે ફોન કરી સાડા પંદર લાખ ઉસેડી લેવાયા હતાં. ત્યાં વધુ એક કિસ્સામાંએક વૃધ્ધને બેંકના મેનેજરના નામે ફોન કરી તમારી એપ બંધ થઇ ગઇ છે, પ્રોસેસ કરી ચાલુ કરવી પડશે તેમ કહી સવા ત્રણ લાખ તેમના એકાઉન્ટમાંથી ઉસેડી લીધા હતા. બીજા ઠગાઇના બનાવમાં દુકાનો પર ત્ર્યાંસી લાખ બોંતેર હજારની લોન લઇ પાંચ વેપારીઓ સાથે ઠગાઇ કરવામાં આવી હતી. આમ ઓનલાઇન, ઓફલાઇન ઠગાઇના વધુ બે બનાવ સામે આવ્યા હતાં.

વિગતો પર નજર કરીએ તો કાગડાપીઠ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ભુલાભાઇ ચાર રસ્તા પાસે રહેતા વૃદ્ધને એસ.બી.આઇ બેન્ક મેનેજર બોલું છું કહીને અજાણી વ્યક્તિએ ફોન કરીને તમારી એપ બંધ છે તેવું કહીને પ્રોસેસ કરાવીને બેન્ક ખાતામાંથી રૂા. ૩.૨૫ લાખ કાઢી લીધા હતા. આ બનાવ અંગે કાગડાપીઠ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. કાગડાપીઠ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ભુલાભાઇ ચાર રસ્તા પાસેની ચાલીમાં રહેતા વૃદ્ધે કાગડાપીઠ પોલીસ સ્ટેશનમાં અજાણી વ્યકિત સામે ફરિયાદ નોંધાવી છે કે તેમના ફોનમાં અજાણી વ્યક્તિએ ફોન કરીને એસ.બી.આઇ બેન્ક મેનેજર બોલું છું કહીને ફોન કરીને તમારી એપ બંધ છે તેવું કહીને પ્રોસેસ કરાવી હતી.

ત્યારબાદ બીજા દિવસે વોટ્સ એપ ચાલુ કરવાનું કહેતા વૃદ્ધના બેન્ક ખાતામાંથી રૂપિયા ત્રણ લાખ પચ્ચીસ હજાર કાઢી લીધા હતાં. વૃદ્ધને શંકા જતાં તેમના દિકરાને જાણ કરી હતી. જેથી દિકરાએ ફ્રોડ થયો હોવાની વાત કરી હતી. આ ઘટના અંગે કાગડાપીઠ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. આ પ્રકારે બેંકના નામે અવાર-નવાર ગઠીયાઓ ફોન કરીને અલગ અલગ પ્રોસેસના નામે રૂપિયા ઉસેડી લેતાં હોય છે. આવા ફ્રોડથી બચવા માટે બેંકના નામે આવતાં ફોનમાં વિશ્વાસ ન કરી જો ખાસ જરૂર હોય તો નજીકની બેંકની કોઇ શાખાએ જઇ તપાસ કરી લેવમાં આવે તો ગઠીયાઓની કારીગીરી સફળ થતી નથી.




છેતરપીંડીની બીજી ઘટના જોઇએ તો ધ્રાંગધ્રા શહેરના મુખ્ય બજારમાં આવેલ વિશાલ ચેમ્બરમાં દુકાન ધરાવતા વેપારી સાથે છેતરપિંડી આચરી બારોબર બેંકમાં લોન લીધા હોવાનો ઘટસ્ફોટ થતા બે મહિલા સહિત પાંચ વિરૂધ્ધ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. ભરતભાઈ મેવાડાએ મૂળ માલિક રાજેશભાઈ મણિલાલ પૂજારા પાસેથી વિશાલ ચેમ્બરની દુકાનો ખરીદી હતી. ત્યારબાદ ભરતભાઈએ જૂના ભાડુઆતો અને ગીરોખત ધારકોને પોતે નવા માલિક હોવાનું જણાવી દુકાનો ખાલી કરવા જણાવ્યું હતું.

વધુ વિગતો અનુસાર ભરતભાઈ મેવાડાએ જૂના દુકાનદારોને દુકાનો વેચાણ પેટે આપીને તેમની પાસેથી રૂપિયા લીધા હતા. જોકે, આ જ દુકાનો પર ભરતભાઈ મેવાડા અને અન્ય બે મહિલા સહિત પાંચ શખ્સોએ કેનેરા બેંકમાંથી લોન પણ લીધી હતી. બાદમાં દુકાનોના દસ્તાવેજ કરી આપ્યા હતા. જ્યારે કેનેરા બેંકમાં લોનની ભરપાઈ ન થતાં બેંકના મેનેજમેન્ટે દુકાનદારોનો સંપર્ક કર્યો, ત્યારે પાંચ જેટલા દુકાનદારો પોતે છેતરપિંડીનો ભોગ બન્યા હોવાનું સામે આવ્યું. વેપારીઓએ કુલ રૂ.૮૩.૭૨ લાખની છેતરપિંડી અંગે ધ્રાંગધ્રા પોલીસ સ્ટેશનમાં ભરત મેવાડા, સિધ્ધરાજસિહ દિલીપસિંહ ઝાલા, હરપાલસિંહ દિલુભા વાઘેલા અને જીતુબેન ભરતભાઈ મેવાડા તથા પુનિબેન રમેશભાઈ મેવાડ એફઆઈઆર દાખલ થતાં તપાસ શરૂ થઇ છે.

## એક મહિનામાં પતિ-પત્નિ બંનેના મોત

રાજકોટ, તા.૩૦

નવલનગર શેરી નં. ૩ સ્વામિનારાયણ ચોકમાં રહેતાં ગોંડલીયા પરિવાર પર વજ્રઘાત થયો છે. એક મહિના પહેલા બે ભાઇઓએ પિતા ગુમાવ્યા બાદ હવે માતા પણ ગુમાવી દીધા હતાં. અહિ રહેતાં રમીલાબેન માધુભાઇ ગોંડલીયા નામના પાંસઠ વર્ષના વૃધ્ધાને છાતીમાં દુઃખાવો થતાં ત્રણ દિવસ પહેલા ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવતાં એન્જીયોગ્રાફી કરી સ્ટેન્ટ બેસાડાયુ હતું. દરમિયાન સવારે તેઓ બેભાન થઇ જતાં સારવાર દરમિયાન મોત થયું હતું. તેમના પતિનું પણ એક મહિના પહેલા જ મૃત્યુ થયુ હતું. બનાવની જાણ થતાં માલવીયાનગર પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. મૃતકને સંતાનમાં બે દિકરા છે. તેમના પતિનું એક મહિના પહેલા જ અવસાન થયું હતું. રમીલાબેનના મોતનું ચોક્કસ કારણ જાણવા મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવાયુ હતું. બનાવથી પરિવારમાં શોક વ્યાપી ગયો હતો. ગોંડલીયા પરિવારે એક મહિનામાં જ માતા-પિતા બંનેને ગુમાવી દીધા હતા.

## નિવૃત એડવોકેટની મળી કોહવાયેલી લાશ

રાજકોટ, તા.૩૦

નિવૃત જીવન જીવતા એડવોકેટની તેમના જ ઘરમાંથી કોહવાયેલી લાશ મળતાં ચકચાર જાગી હતી. કુવાડવા રોડ પર રણછોડદાસ આશ્રમ સામેની શેરીમાં ફ્લેટમાં બીજા માળે રહેતાં એડવોકેટ બાલકૃષ્ણભાઇ રતિલાલ ભગદેવ કે જેઓ અઠાવન વર્ષના હતાં તેમની લાશ મળી આવી હતી. વિગતો મુજબ બે ત્રણ દિવસથી ઘરમાંથી બહાર નીકળ્યા ન હોઇ અને ઘરમાંથી દૂર્ગંધ આવતી હોઇ પાડોશીઓએ સગાને જાણ કરતાં ૧૦૮ અને પોલીસને બોલાવાઇ હતી. ઘરમાં તપાસ કરતાં બાલકૃષ્ણભાઇની કોહવાયેલી લાશ મળી આવતાં પોલીસે ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે ખસેડી હતી. મૃત્યુ પામનાર બાલકૃષ્ણભાઇને સંતાનમાં એક દિકરી છે જે પાટણ એમબીબીએસનો અભ્યાસ કરે છે. પોતે હાલ એકલા રહેતાં હોઇ બિમારીની દવા ચાલુ હતી. ત્રણ ભાઇ અને એક બહેનમાં વચેટ હતાં. તેમને તાવ, શરદીની બિમારી કેટલાક દિવસથી હતી. તેની દવા પી સુઇ ગયા બાદ કદાચ હાર્ટએટેક આવી જતાં ત્રણેક દિવસ પહેલા જ મૃત્યુ થયાની શક્યતા જણાવાઇ હતી. પોલીસે મોતનું ચોક્કસ કારણ જાણવા ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. આ બનાવથી વિસ્તારમાં પણ અરેરાટી ફેલાઇ ગઇ હતી.

## મીરા ઉદ્યોગમાં ચાની કેબીનમાથી તેર હજારની ચોરી

રાજકોટ, તા.૩૦

શહેરમાં તસ્કરો જ્યાંથી જે મળે તે ઉસેડી જતાં હોય છે. મકાન, દૂકાન, શો રૂમ, કારખાનાઓ તો ઠીક નાની મોટી કેબીનોને પણ છોડતા નથી. શહેરની ખોખડદળ નદીના પૂલ પાસે શિવધારા સોસાયટી-૧માં રહેતાં પાંત્રીસ વર્ષના નવઘણભાઇ વિરમભાઇ ગમારાને મીરા ઉદ્યોગમાં અજય કાંટાની બાજમુાં મોમાઇ ટી સ્ટોલ નામે ચાની કેબીન હોઇ તેના તાળા તોડી કોઇ અંદરથી રૂા. તેર હજાર રોકડા ચોરી જતાં થોરાળા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.નવઘણભાઇએ જણાવ્યું હતુ કે સંક્રાંતિના રોજ રાતે કેબીન બંધ કરી ત્યારે વકરાના રૂા. ૧૫૫૫૦ હતાં. જેમાંથી ૧૩ હજાર કેબીનના ખાનામાં જ રાખી બાકીની રકમ હું ઘરે લઇ ગયો હતો. બીજા દિવસે સવારે ખબર પડી હતી કે તાળા તોડી કબેનીમાંથી રોકડ ચોરી જવામાં આવી છે. એ પછી હું પ્રસંગમાં હોઇ ફરિયાદ નોંધાવી નહોતી. હવે પોલીસને જાણ કરી હતી. થોરાળાના ઇન્સ. એન. જી. વાઘેલાના માર્ગદર્શનમાં ગુનો નોંધી તપાસ શરૂ કરવામાં આવી હતી.

### દરરોજ કોઇને કોઇ પરિવાર ગુમાવી દે છે પોતાના સ્વજનનેઃ પાંચ કરૂણ ઘટના

# નિવૃત ફૌજી સહિત ૪ના હાર્ટ ફેઈલ

## એક પ્રૌઢ બેભાન થઇ ગયા બાદ મૃત્યુ : તમામે સિવિલ હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લેતાં પરિવારજનોમાં ગમગીનીઃ પોલીસે મોતના ચોક્કસ કારણ જાણવા કરાવ્યા મૃતદેહોના પોસ્ટમોર્ટમ

રાજકોટ, તા.૩૦

દરરોજ કોઇને કોઇ પરિવારના સદસ્યોની વસમી વિદાય થઇ જાય છે. અલગ અલગ કારણોસર બનતી અપમૃત્યુની ઘટનાઓ જે તે હતભાગી મૃતકના સગા સ્વજનોને આઘાતમાં ધકેલતી જાય છે. આવી વધુ પાંચ ઘટના બની છે. જેમાં નિવૃત ફૌજી સહિત ચાર લકોના દિલની દગાખોરીને કારણે મૃત્યુ થયા છે. તો અન્ય એક પ્રૌઢનું બેભાન થઇ ગયા બાદ સારવારમાં ખસેડાયા પછી મૃત્યુ થયું હતું. આ તમામ ઘટનાઓની નોંધ શહેરની પીડીયુ સિવિલ હોસ્પિટલની પોલીસ ચોકીમાં થઇ હતી. બાદમાં જે તે પોલીસ સ્ટેશન દ્વારા જરૂરી કાર્યવાહી કરી મૃતદેહોના પોસ્ટમોર્ટમ કરાવાયા હતાં.

વિગતો પર નજર કરીએ તો આજીડેમ પાસે રહેતાં નિવૃત આર્મી મેન, અમરનગરના એક યુવાન સહિત ચાર લોકોના મૃત્યુ થયા છે. માનસરોવરમાં રહેતાં નિવૃત આર્મી મેન ઘરે બેભાન થતાં અને મવડી અમરનગરના યુવાન ગોંડલ રોડ પર કારખાને કામ કરવા ગયા હતાં ત્યાં હાર્ટએટેક આવી જતાં તેમજ નડીયાદના પ્રૌઢ રાજકોટ ડેરી ખાતે આવ્યા હોઇ ત્યાં ઢળી પડતાં અને જે. ડી. પાઠક પ્લોટના પ્રૌઢ ઘરે બેભાન થઇ ગયા બાદ તમામને સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયા હતાં.







આજીડેમ ચોકડી પાસે માનસરોવર પાર્ક-૩માં રહેતાં ચોપન વર્ષના નાગદાનભાઇ નારણભાઇ રાઠોડ નામના નિવૃત આર્મીમેન રાતે ઘરે હતાં ત્યારે શ્વાસમાં એકાએક તકલીફ થતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં.

પરંતુ અહિ મૃત્યુ થયું હતું. તે ત્રણ ભાઇ અને એક બહેનમાં નાના હતાં. સંતાનમાં ત્રણ દિકરી અને એક દિકરો છે. હાર્ટએટેક આવી ગયાનું સગાએ કહ્યું હતું. તેઓ મુળ ચોટીલાના સણોસરાના વતની હોઇ મૃતદેહને અંતિમ સંસ્કાર માટે વતન લઇ જવામાં આવ્યો હતો. બીજા બનાવમાં મવડી અમરનગર-૨ શેરી નં. ૭માં રહેતાં ચાલીસ વર્ષના ભરતભાઇ જેન્તીભાઇ મોરધરા ગોંડલ રોડ સ્કોડાના શો રૂમ નજીક ક્રિષ્ના ઇન્ડસ્ટ્રીઝમાં કામ કરતાં હતાં ત્યારે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. તે બે ભાઇ અને એક બહેનમાં નાના તથા અપરિણીત હતાં. હાર્ટએટેક આવ્યાનું સગાએ કહ્યું હતું.

જયારે ત્રીજી ઘટનામાં નડીયાદના આખડોળના વતની છપ્પન વર્ષના ઠાકોરભાઇ ભીખાભાઇ પરમાર ડ્રાઇવીંગ કરતાં હોઇ સોફ્ટવેર એન્જિનીયર સાથે રાજકોટ દૂધ સાગર રોડ પર ગોપાલ ડેરી ખાતે આવ્યા હતાં. અહિ કેન્ટીનમાં છાતીમાં દુઃખાવો ઉપડતાં બેભાન થઇ જતાં સિવિલમાં ખસેડાયા હતાં. પરંતુ મૃત્યુ થયું હતું. તેમને સંતાનમાં બે પુત્ર છે. બનાવથી પરિવારમાં શોક છવાઇ ગયો હતો. આ ઉપરાંત ચોથા બનાવમાં ગોંડલ રોડ પીડીએમ પાછળ જે. ડી. પાઠક પ્લોટમાં રહેતાં ત્રેપન વર્ષના અનીલભાઇ જયમલભાઇ ચાવડા ઘરે બેભાન થઇ જતાં સિવિલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. તે બે ભાઇ અને એક બહેનમાં નાના હતાં. સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. પોતે રિક્ષા હંકારી ગુજરાન ચલાવતાં હતાં. હૃદય રોગનો હુમલો આવી ગયાનું જણાવાયું હતું.

આ ઉપરાંત અપમૃત્યુની પાંચમી ઘટના જોઇએ તો પાંચમા બનાવમાં રાજકોટ ભાવનગર હાઇવે પર આવેલા લોઠડા ગામે મીરા કાસ્ટીંગમાં કામ કરતાં અને નજીકની ઓરડીમાં રહેતાં મુળ બિહારના ઓગણપચાસ વર્ષના સુદેશ્વર રૂપલાલભાઇ બીન્દ રૂમ પર બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ નિપજતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. તે ચાર ભાઇ અને ચાર બહેનમાં વચેટ હતાં. સંતાનમાં ત્રણ દિકરી અને એક દિકરો છે. સગાના કહેવા મુજબ તેમને ડાયાબીટીસ સહિતની બિમારી હતી. આજીડેમ પોલીસે મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવી જરૂરી કાર્યવાહી કરી હતી. તમામ બનાવોમાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે આજીડેમ પોલીસ, શાપર પોલીસ, માલવીયાનગર અને થોરાળા પોલીસને જાણ કરી કરતાં પોલીસે આકસ્મિક મૃત્યુની નોંધ કરી કાર્યવાહી કરી હતી.

### ઓનલાઇન અને રૂબરૂ મુલાકાત મારફત ગમે તેની સાથે પ્રેમ કરવાથી ચેતજો


# પૈસા પડાવવા યુવતિને બ્લેકમેઇલ કરતો પ્રેમી

## મંદિરે દર્શન કરવામાં પહેલી મુલાકાત થઇ પછી પ્રેમ થયોઃ યુવતિ પ્રેમમાં અંધ બની પછી ખબર પડી કે પ્રેમી પરણેલો અને બે સંતાનનો બાપ છેઃ સંબંધ પુરો કરવાનું કહેતાં ફોટા-વિડીયો વાયરલ કરવાની દીધી ધમકી

રાજકોટ, તા. ૩૦

ઇન્ટરનેટના યુગમાં મોટા ભાગના છોકરા છોકરીઓ, યુવતિઓ, મહિલાઓ કે પુરૂષો અલગ અલગ સોશિયલ મિડીયા પ્લેટફોર્મનો ઉપયોગ કરતાં હોય છે. આ માધ્યમ દ્વારા બહુ ઝડપથી તેઓ મિત્ર બની જતાં હોય છે અને પ્રેમમાં પણ પડી જતાં હોય છે. પરંતુ આવા માધ્યમો થકી ઘણીવાર લેભાગુ પ્રેમી કે ઠગ પ્રેમિકા ભેટી જતાં હોય છે. જેના કારણે જે તે યુવક કે યુવતિની જિંદગી બરબાદ થતી હોય છે. તો ઘણીવાર રૂબરૂ મુલાકાત કરીને પણ કહેવાતા પ્રેમીઓ પ્રેમજાળમાં ફસાવી શારીરિક, આર્થિક શોષણ કરતાં હોય છે. આવી જ એક યુવતિ પોલીસ સુધી પહોંચી છે. યુવતિની મુલાકાત મદિરે દર્શન વખતે એક યુવાન સાથે થઇ હતી. પછી તેની સાથે પ્રેમ થઇ ગયો હતો. જો કે આ ઢગો પહેલેથી પરણેલો અને બે સંતાનનો બાપ હોવાની યુવતિને ખબર પડતાં સંબંધ પુરો કરતાં આ શખ્સે એક્ટીવા લેવા પૈસા માંગ્યા હતાં અને મારકુટક રી બ્લેકમેઇલ કરી ફોટા વિડીયો વાયરલ કરી દેવાની ધમકી આપી પોતાની અસલી ઔકાત છત્તી કરી હતી.

વિગતો પર નજર કરીએ તો લાલબત્તી સમાન આ ઘટના અમદાવાદની છે. કોઈપણ યુવતિઓ આવા લેભાગુઓનો ભોગ બની શકે છે. બોડકદેવ વિસ્તારમાં રહેતી પાંત્રીસ વર્ષીય યુવતીને અજાણ્યા યુવક સાથે પ્રેમસંબંધ રાખવો ભારે પડ્યો છે. પ્રમજાળમાં ફસાવી બાદમાં અશ્લીલ વર્તન અને બ્લેકમેઈલ કર્યાની ફરિયાદ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં નોંધાવી છે. ઉંઝા ઉમિયા માતાના મંદિરમાં મુલાકાત બાદ બંને વચ્ચે પરિચય થયો હતો અને બાદમાં પ્રેમસબંધ બંધાયો હતો. યુવક પરણિત અને બે બાળકોનો પિતા હોવાનું યુવતીને જાણવા મળ્યું હતું. પૈસા માંગવા મુદ્દે થયેલા ઝઘડા બાદ યુવકે યુવતી સાથે




મારપીટ કરી અને તેના ફોટા-વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ કરવાની ધમકી આપી હતી.

જેથી આખરે યુવતીએ કંટાળી યુવક સામે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. બોડકદેવ વિસ્તારમાં રહેતી પાંત્રીસ વર્ષીય યુવતી તેની મિત્ર સાથે ઝા ઉમિયા માતાના મંદિરમાં દર્શન કરવા માટે ગયા હતા ત્યારે તેમનો સંપર્ક કિરણ પટેલ સાથે થયો હતો. બંને વચ્ચે પરિચય થતા નંબરની પણ આપલે કરી હતી. જે બાદ બંને લોકો એકબીજા સાથે ફોન પર અને સોશિયલ મીડિયા પર વાતચીત પણ કરતા હતા. તાજેતરમાં કિરણ પટેલ તેના વેપારના કામ માટે અમદાવાદ આવ્યો હતો. જ્યાં તેની યુવતી સાથે મુલાકાત પણ થઈ હતી.

જે દરમિયાન બંને વચ્ચે પ્રેમસબંધ બંધાયો હતો. તે બાદ યુવતીને ખબર પડી કે કિરણ પટેલ પરણિત છે, તેમજ બે બાળક પણ છે. પરંતુ કિરણ પટેલે કહ્યું કે તેને તેની પત્નિ સાથે બનતું નથી તેવું કહી યુવતીનો વિશ્વાસ કેળવ્યો હતો. જેથી યુવતીએ કિરણ પટેલ પર વિશ્વાસ રાખીને અવારનવાર બંને ફરવા માટે પણ જતાં હતા.

જે દરમિયાન બંનેએ ફોટો અને વીડિયો પણ લીધા હતા. જે યુવતી તેના લેપટોપમાં સાચવીને રાખતી હતી. આ પછી કિરણ પટેલે નવું એક્ટિવા લેવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. જેના માટે યુવતી પાસેથી રૂપિયા પણ માંગ્યા હતા. પરંતુ યુવતી પાસે રૂપિયા ન હોવાથી તેને આપવાનો ઇનકાર કરતા કિરણ પટેલ અને યુવતી વચ્ચે ઝઘડો થયો હતો. જે દરમિયાન કિરણ પટેલે બે ત્રણ લાફા માર્યા હોવાનો પણ યુવતીએ આક્ષેપ કર્યો છે.

ત્યારબાદ પણ કિરણ પટેલ ફરી યુવતી પાસે રૂપિયા માંગ્યા હતા. પરંતુ યુવતીએ રૂપિયા ન હોવાથી આપવાનો ઈનકાર કરતા કિરણ પટેલ ઉશ્કેરાઈ ગયો હતો. જે બાદ કિરણ પટેલે બીભત્સ વર્તન કર્યું હોવાનો પણ યુવતીએ આક્ષેપ કર્યો છે. તેમ છતાં કિરણ પટેલ મેસેજ કરતો હોવાથી યુવતીએ જવાબ આપવાનું બંધ કરી દીધું હતું. યુવતીએ વાત કરવાની બંધ કરી દેતા કિરણ પટેલે તેની સાથે પડાવેલા ફોટો અને વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ કરવાની ધમકી આપી હતી. જેથી યુવતીએ કંટાળી આખરે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં કિરણ પટેલ સામે ફરિયાદ નોંધાવી છે. પોલીસે કિરણ પટેલ સામે ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી હતી.

શેરીએ ગલીએ મળી રહેતાં હોય છે કહેવાતા પ્રેમીઓ, ચેતજો આવા લેભાગુઓથી

# લગ્નનું દબાણ કરી ઘરારપ્રેમીએ કાપી હાથની નસ

## દાઉદ નામના એકતરફી પ્રેમીની યુવતિના કુટુંબીઓ સાથે પણ દાદાગીરીઃ થાકી હારીને અંતે ફરિયાદ

રાજકોટ, તા. ૩૦

પ્રેમ કરવો એ ખોટુ નથી, પણ સાચ્ચા પ્રેમીઓ હોય તો પ્રેમકહાની સફળ થતી હોય છે. ઘણીવાર એકતરફી પ્રેમીઓ સામેના પાત્રનું જીવવું હરામ કરી દેતાં હોય છે. આવા લેભાગુ એકતરફી પ્રેમીઓ એક ઢૂંઢો હજાર મીલ જાતે હૈ મુજબ ઠેકઠેકાણે પડ્યા રહેતાં હોય છે. એક યુવતિના એક તરફી પ્રેમમાં પાગલ થઇ ગયેલા કહેવાતા પ્રેમીએ યુવતિને તું મારી સાથે લગ્ન નહિ કર તો હું મરી જઇશ કહી તેને બથ ભરી લીધી હતી. યુવતિ વશમાં ન થતાં આ શાહરૂખ સ્ટાઇલ પ્રેમીએ પોતાના હાથ પર છરી હુલાવી લીધી હતી.

ઘરારપ્રેમીની ધતીંગલીલાની વિગતો પર નજર કરીએ તો ઘટના અમદાવાદ શહેરના માધવપુરા વિસ્તારમાં બની છે. અહિ એક તરફી પ્રેમીનો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. જેમાં મકાન માલિક યુવક ભાડે રહેતી પરિણીતા પાસે પહોંચી ગયો હતો અને તેને બાથમાં ભીડીને કહેવા લાગ્યો હતો કે, તું મારી સાથે લગ્ન કરી લે નહીં તો હું મરી જઈશ. પરિણીતા વશમાં નહીં થતા યુવકે તેની પાસે રહેલી છરી કાઢી હતી અને પોતાના હાથમાં મારવાનું શરૂ કરી દીધું હતું. યુવકે ગુસ્સામાં આવીને પરિણીતાના ભાઈ, બહેન તેમજ માતા ઉપર પણ હુમલો કરી દીધો હતો.

આ સમગ્ર કિસ્સામાં પોલીસે એકતરફી ઘરાર પ્રેમીને પાઠ ભણાવવા તેની રોમીયોગીરી ઉતારી નાખવા એફઆઇઆર દાખલ કરી છે. આગળની તપાસે માધવપુરા પોલીસે હાથ ધરી હતી. પોલીસ સુત્રોના કહેવા મુજબ માધવપુરા વિસ્તારમાં દરિયાખાન ઘુમ્મટના છાપરામાં યુવતી તેના પતિ સાથે ભાડાના મકાનમાં છેલ્લા આઠ મહિનાથી રહે છે અને ઘરે બેઠા કપડાના દોરા કાપવાનું કામ કરે છે. યુવતી પોતાના ઘરે એકલી હતી અને શર્ટમાં દોરા કાપવાનું કામ કરતી હતી ત્યારે તેનો મકાન માલીક દાઉદ શેખ આવી પહોંચ્યો હતો. યુવતી કઈ વીચારે તે પહેલા દાઉદે તેને બાથમાં ભીડી લીધી હતી અને કહેવા લાગ્યો હતો કે તું મારી જોડે લગ્ન કરી લે નહીં તો હું મરી જઈશ.



ત્યારપછી યુવતીએ વાતનો ઈન્કાર કરતા દાઉદે તેની પાસે રહેલી છરી કાઢી હતી અને પોતાના હાથમાં મારવા લાગ્યો હતો. આ દરમિયાન યુવતીનો નાનો ભાઈ ઘરે આવી જતા દાઉદે તેને પણ કહ્યું હતું કે, તારી બહેન જોડે મારા લગ્ન કરાવી દે નહિતર હું મરી જઈશ. દાઉદ પોતાની જાત પર છરીઓ મારતો હોવાથી યુવતી અને તેના ભાઈએ બળનો ઉપયોગ કર્યો હતો. બન્ને ભાઈ-બહેને દાઉદને પકડી લીધો હતો અને છરી ફેંકાવી દીધી હતી. જેથી દાઉદ ઉશ્કેરાયો હતો અને યુવતીના ભાઈનો હાથ મરોડીને ફેંટો મારવા લાગ્યો હતો. દાઉદ હુમલો કરી રહ્યો હતો ત્યારે યુવતીએ બુમાબુમ કરી દીધી હતી જેથી તે ત્યાથી નાસી ગયો હતો. બાદ યુવતી તેના ભાઈ સાથે ઘરને લોક મારીને માતાના ઘરે પહોંચી ગયા હતા.

ત્યારે યુવતી તેની માતા અને બહેનો સાથે ઘરમાં હાજર હતી ત્યાં પણ દાઉદ આવી પહોંચ્યો હતો. ત્યાં પણ યુવતીના પરિવાર સાથે બબાલ કરીને કહેવા લાગ્યો હતો કે, તેના મારી સાથે લગ્ન કરાવી દો. દાઉદે યુવતીની માતા અને બહેનો સાથે મારમારી કરવાની શરૂ કરી દીધી હતી. તે દરમિયાન યુવતીના પિતા આવી જતા તેમણે દાઉદને ધક્કો મારીને ઘરની બહાર કાઢી મુક્યો હતો. આસપાસના લોકો ભેગા થઈ જતા દાઉદ ત્યાથી નાસી ગયો હતો જ્યારે યુવતીએ પોલીસ કંટ્રોલ રૂમમાં ફોન કરી દીધો હતો. ઘટનાની જાણ થતાની સાથે પોલીસની ટીમ તાત્કાલીક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. પોલીસે દાઉદ વિરૂદ્ધ ગુનો નોંધીને તેને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા હતા.

---

વધુ એક પ્રેમકહાનીનો આવી ગયો પ્રેમિકાના આપઘાત સાથે કરૂણ અંત

# પ્રીતિની પ્રીત લગ્ન સુધી ન પહોંચતા આપ્યો જીવ

## મહિલા કોન્સ્ટેબલને સાથી કોન્સ્ટેબલ યુવાન સાથે પ્રેમ હતોઃ પણ લગ્ન ન થતાં કર્યો આપઘાતઃ પોલીસમેન પ્રેમી સામે દુષ્પ્રેરણાનો ગુનો નોંધી કરવામાં આવી ધરપકડ

રાજકોટ, તા. ૩૦

પ્રણય, પ્રેમ, પ્રીતના રસ્તે અનેક પ્રેમી-પ્રેમીકાઓની જિંદગી બરબાદ થઇ ગઇ છે. અનેક પ્રેમકહાનીનો કરૂણ અંત આવી ચુક્યો છે. આ વચ્ચે એક ચોંકાવનારી ઘટના સામે આવી છે જેમાં પ્રીતિ નામની મહિલા કોન્સ્ટેબલને સાથે જ નોકરી કરતાં પોલીસમેન સાથે પ્રીત થઇ ગઇ હતી. બંને એકમેકના પ્રેમમાં પાગલ થયા હતાં અને લગ્નના બંધને બંધાવવાના વચતો આપ્યા હતાં. પરંતુ સમય આવતાં પ્રેમી પોલીસમેને લગ્નની ના કહી દેતાં મહિલા કોન્સ્ટેબલે આપઘાત કરી લીધો છે. આ કિસ્સામાં આપઘાતની દુષ્પ્રેરણા મામલે પોલીસમેન સામે ગુનો નોંધીફ તેની ધરપકડ કરવામાં આવી છે.

પોલીસ કર્મચારી યુવતિ અને પોલીસ કર્મચારી યુવાનની આ પ્રેમકહાનીનો પ્રેમિકા એટલે કે મહિલા કોન્સ્ટેબલના આપઘાત સાથે કરૂણ અંત આવ્યો છે. વિગતો જોઇએ તો આ બનાવ ભરૂચનો છે. ભરૂચમાં મહિલા પોલીસ કોન્સ્ટેબલના આપઘાત કેસમાં નવો



વળાંક આવ્યો છે. આ કેસમાં એક સહકર્મી પોલીસકર્મીની ધરપકડ કરવામાં આવી છે.લગ્નના વચનોથી બંધાયેલા પ્રેમમાં લગ્ન નહી થતા હોવાના કારણે મહિલા કોન્સ્ટેબલે આત્મહત્યા કરી હોવાનું ખુલ્યું હતું.

ભરૂચ એસપી કચેરીની એલઆઇબી કચેરીમાં ફરજ બજાવતી મહિલા પોલીસ કોન્સ્ટેબલ પ્રીતિ પરમારે તાજેતરમાં પોલીસ હેડક્વાર્ટર્સ સ્થિત પોતાના રૂમમાં ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. આ ઘટનાથી પોલીસ બેડામાં ચકચાર મચી ગઈ હતી. આ મામલે ભરૂચ શહેર બી ડિવિઝન પોલીસ મથકે આપઘાતનો ગુનો નોંધી તપાસ શરૂ કરવામાં આવી હતી. પોલીસે પ્રીતિના સહકર્મીઓ, પરિચિતો અને તેના મોબાઈલ ફોનની ઝીણવટભરી તપાસ કરી હતી. તપાસ દરમિયાન સામે આવ્યું કે પ્રીતિ પરમારનો ભરૂચ પોલીસમાં જ ફરજ બજાવતા સંદીપ ગોહિલ નામના પોલીસકર્મી સાથે છેલ્લા દોઢ વર્ષથી પ્રેમ સંબંધ હતો.

બંને વચ્ચે લગ્ન કરવાની વાતો થતી હતી અને સંદીપે પ્રીતિને લગ્નના વચનો પણ આપ્યા હતા. બંનેના સમાજ અલગ હોવાને કારણે લગ્ન શક્ય ન હોવાનું સ્પષ્ટ થતાં પ્રીતિ માનસિક રીતે ભાંગી પડી હતી. લગ્નના સપના તૂટવા અને પ્રેમ સંબંધમાં નિરાશા મળવાને કારણે તેણે આત્મહત્યાનું પગલું ભર્યું હોવાનું જાણવા મળ્યું છે. આ મામલે બી ડિવિઝન પોલીસે સંદીપ ગોહિલ વિરૂધ્ધ આપઘાત માટે દુષ્પ્રેરણા સહિતની કલમો હેઠળ ગુનો નોંધી તેની ધરપકડ કરી વિશેષ કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસબેડામાં આ ઘટનાએ ચકચાર જગાવી દીધી છે.

---

શેરીએ ગલીએ અમુક તત્વો એવા હોય છે જે બીજા માટે બની જાય છે ત્રાસરૂપ

# અહિથી કેમ નીકળ્યો કહી યુવાનનો ભાંગ્યો હાથ

## યુવાને આ અમારી સોસાયટીનો રસ્તો છે એવો જવાબ વાળતાં બે શખ્સને ગમ્યું નહિ અને તૂટી પડ્યાઃ માથે જતાં ધમકી દીધી કે-હવે પછી સામુ બોલીશ તો જીવતો નહિ મુકીએઃ બી-ડિવીઝન પોલીસે દાખલ કરી ફરિયાદઃ બીજા બનાવમાં પાણીના ભુંગળા મામલે પાડોશીઓ વચ્ચે થઇ મારામારી

રાજકોટ, તા. ૩૦

શહેરમાં શેરીએ ગલીએ અને ગમે ત્યારે સરાજાહેર અમુક તત્વો લુખ્ખાગીરી આચરીને પોલીસને પડકાર ફેંકતા હોય છે. આવા તત્વો જે તે સોસાયટી મહોલ્લાના રહેવાસીઓ માટે પણ માથાનો દુઃખાવો બનેલા હોય છે. દરમિયાન શહેરના ભગવતીપરામાં રહેતાં યુવાનને તે દિકરાને સ્કૂલે મુકીને ઘરે જતો હતો ત્યારે સોસાયટીના ખુણે બે શખ્સે દાદાગીરી આચરી હતી અને આ યુવાન ગાળો દઇ અહિથી કેમ નીકળે છે? કહી એક શખ્સે પકડી રાખી બીજાએ લાકડાનો ધોકો ફટકારી હાથ ભાંગી નાંખી ખૂનની ધમકી આપી દીધી હતી!

વિગતો પર નજર કરીએ તો બંને જણાએ યુવાનને ધોકાથી ધોકાવ્યો હતો અને માથે જતાં એવી ધમકી દીધી હતી કે જો હવે પછી સામે બોલીશ તો જાનથી મારી નાંખશું . યુવાને હાથમાં પ્લાસ્ટર પાટો બંધાવ્યા બાદ, સારવાર બાદ જાણ કરતાં આ ઘટના બારામાં બી-ડિવીઝન પોલીસે ભગવતીપરા અયોધ્યા પાર્ક-૨માં રહેતાં સરફરાજભાઇ સુલેમાનભાઇ જુણેજા નામના સાડત્રીસ વર્ષના યુવાની ફરિયાદ પરથી એજાદ દાઉદભાઇ



મુડદે અને અજાણ્યા સામે ગુનો નોંધ્યો હતો અને બંનેને પકડી લેવા તજવીજ શરૂ કરી હતી.

આ ઘટના બારામાં સરફરાજભાઇએ જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહુ છું અને એલ્યુમિનીયમ બારીનો વેપારી કરુ છું. ગત એકવીસમીના સવારે સાડા આઠેક વાગ્યાની આસપાસ હું મારા ૭ વર્ષના દિકરાને મોડર્ન સ્કૂલે મુકીને પરત મારા ઘરે જતો હતો તે દરમ્યાન અયોધ્યા પાર્ક શેરીના ખુણે પહોચતા ત્યા એજાદ દાઉદભાઈ મુડદે તથા તેની સાથે એક અજાણ્યો શખ્સ એક સફેદ કલરનુ એક્સેસ નંબર જીજે૨૭ડીઝેડ-૦૨૩૮ લઈને ઉભા હતાં. હું ત્યાંથી નીકળતાં એઝાદ મને અચાનક ગાળો આપવા લાગેલ અને કહેલ કે તુ અહીંથી કેમ નીકળે છે?

કારણ વગર જ મને ગાળો દઇ આવો સવાલ પુછાયો હોઇ જેથી મે તેને જવાબ આપતાં કહેલ કે આ અમારી સોસાયટીની શેરી છે અને હું મારા ઘરે જાવ છું. આ સાંભળી એઝાદની સાથે રહેલા શખ્સે મને પાછળથી પકડી રાખેલ અને આ એજાદે તેના હાથમા રહેલ લાકડાનો ધોકો મારા ડાબા હાથમા મારી દીધો હતો. હું બચવા માટે સોસાયટી અંદર ભાગી ગયો હતો.

એજાદ ધોકો લઇ મારી પાછળ દોડ્યો હતો. પરંતુ લોકો ભેગા થઇ જતાં તે અને સાથેનો શખ્સ ભાગી ગયા હતાં. જતાં જતાં પણ મને ધમકી આપી હતી કે આ વખતે તો તું બચી ગયો છો, હવે પછી સામે બોલીશ તો મારી જ નાંખશું. મને હાથમાં વધારે દુઃખાવો થતો હોઇ જેથી સારવાર માટે સરકારી હોસ્પિટલમાં દાખલ થયો હતો. અહિ ડોક્ટરે નિદાન કરી મારા હાથમાં ફ્રેકચર હોવાનું કહ્યું હતું અને પ્લાસ્ટર પાટો બાંધી દીધો હતો. બાદમાં રજા અપાતાં મેં ફરિયાદ નોંધાવી હતી. તેમ વધુમાં સરફરાજભાઇએ કહેતાં બી-ડિવીઝન પોલીસ સ્ટેશનના ઇન્સપેકટરએસ. એસ. રાણેના માર્ગદર્શન હેઠળ હેડકોન્સ. વાય. એન. મકવાણાએ એફઆઇઆર દાખલ કરી તપાસ હાથ ધરી હતી.

મારામારીની બીજી ઘટનામાં સેફ્ટી ટેન્કનું ભુંગળુ ફીટ કરવા મામલે મનહરપરામાં પાડોશીઓ વચ્ચે જામી પડી હતી. ભાવનગર રોડ ફાયર બ્રિગેડ પાસે મનહરપરા શેરી નં. ૫માં રહેતાં બેતાલીસ વર્ષના મુમતાઝબેન હુશેનભાઇ ખીરા ઉપર પાડોશમાં રહેતાં બાલા નાગજીભાઇ ભરવાડ, કાનાભાઇ, મનુબેન સહિતે લોખંડના પાઇપથી હુમલો કરી માર મારતાં ઇજા થતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં.

હુમલામાં ઘાયલ થયેલા મુમતાઝબેને કહ્યું હતું કે અમે અમારા ઘરની સેફ્ટી ટેન્કનું ભુંગળુ નજીકના સરકારી ખરાબા તરફ કાઢ્યું હોઇ આ બાબતે પાડોશીઓએ ઝઘડો કરી માથાકુટ કરી હતી અને હુમલો કર્યો હતો. આ બનાવમાં સામા પક્ષે મનહરપરાના કાનજી કલાભાઇ કારેઠા કે જેની ઉમર વીસ વર્ષની છે તે પણ સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ થયો હતો. તેણે પોતાના પર કાસમ, હુશેનભાઇ, આમીન સહિતે પાઇપથી હુમલો કર્યાનું કહ્યું હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે બંને એન્ટ્રી થોરાળા પોલીસ સ્ટેશનમાં નોંધાવતા આગળ કાર્યવાહી કરવામાં આવી હતી.

---

મોટે ભાગે રિક્ષાનો ચાલક અને સાગ્રીતો ચલાવે લૂંટ પણ અહિ ઉલ્ટુ થયું

# રિક્ષાચાલક સાથે સૃષ્ટિ વિરૂધ્ધનું કૃત્ય આચરી લૂંટ

## બે સગા ભાઇ અને એક સગીર મુસાફરના સ્વાંગમાં બેઠાઃ અવાવરૂ જગ્યાએ પહોંચ્યા બાદ ચાલકે ભાડુ માંગતા જ છરો કાઢી ધોકાવી બળજબરી આચરીઃ વિડીયો પણ ઉતારી રોકડ, ફોન લૂંટી લીધાઃ રીઢા ગુનેગાર સહિત ત્રણેયને પોલીસે દબોચી લીધા

રાજકોટ, તા. ૩૦

મોટે ભાગે એવુ બનતું હોય છે કે રિક્ષાચાલક અને તેની ગેંગ મુસાફરોને લૂંટતી હોય છે. પણ એક ચોંકાવનારી ખળભળાટ મચાવતી ઘટનામાં રિક્ષાચાલકને ત્રણ હવસખોર લૂંટારા ભેટી ગયા હતાં. રિક્ષા ભાડે બાંધી ત્રણ શખ્સો ચાલકને અવાવરૂ જગ્યાએ લઇ ગયા હતાં. આ પછી ત્રણેયએ તેની સાથે બળજબરીથી સૃષ્ટી વિરૂધ્ધનું કૃત્યુ આચરી તેનો વિડીયો પણ બનાવ્યોહ તો અને લૂટ ચલાવી હતી. પોલીસ સમક્ષ આ ઘટના જાહેર થતાં તુરત જ પોલીસ હરકતમાં આવી હતી અને એક સગીર તથા બે સગા ભાઇઓ સહિત ત્રણ હવસખોરને દબોચી લઇ કાર્યવાહી કરી હતી.

ચકચાર જગાવતી અને ઘટનાની વિગતો પર નજર કરીએ તો બનાવ સુરતના ઉત્રાણ વિસ્તારમાં બન્યો છે. એક ઘટનામાં રિક્ષા ચાલકને ગ્રાહકના સ્વાંગમાં ત્રણ યુવકોએ એકાંત જગ્યાએ લઈ જઈને લૂંટી લીધો હતો અને સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચરી તેનો વીડિયો પણ બનાવ્યો હતો. આ ક્રૂર કૃત્યમાં મોટા વરાછાથી અમરોલી વિસ્તારમાં ફર્યા બાદ રાત્રે મહાદેવ ફાર્મ પાસેના એકાંત સ્થળે રિક્ષા ચાલક કૃષ્ણપાલ બધેલ પર હુમલો કરી તેના કપડાં ઉતારાવી અત્યાચાર કરવામાં આવ્યો તેમજ ગાળો બોલાવડાવી એકવીસ હજારની મત્તા લૂંટી લેવાઈ હતી. આ ઘટનાને ઉત્રાણ પોલીસે ગંભીરતાથી લઇ ઝડપથી હાથ ધરી ૩૬ કલાકની અવિરત સીસીટીવી કેમેરાની તપાસ, હ્યુમન ઈન્ટેલિજન્સ અને ટેકનિકલ સર્વેલન્સના આધારે ત્રિપુટીને ઝડપી લીધી હતી.

ઝડપાયેલા આ હવસખોર લૂંટારૂઓમાં બે સગા ભાઈઓ વિજય ઉર્ફે વિરાજ અને અર્જુન ભોજવીયા સાથે એક પંદર વર્ષીય સગીર કિશોર સામેલ છે. આરોપીઓ સામે અગાઉ પણ અપહરણ સહિત અનેક ગુના નોંધાયેલા હોઇ ત્રણેયની વધુ તપાસ થઇ રહી છે. પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સરથાણા સીમાડા ગામ પાસે




દિવાળી નગર સોસાયટીમાં રહેતો યુવક રિક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. તાજેતરમાં સાંજે ગ્રાહકનાં સ્વાંગમાં આશરે વીસથી પચ્ચીસ વર્ષીય ત્રણ યુવકો અમરોલી વિસ્તારમાં કામ હોવાનું કહી બેઠા હતાં. મોટા વરાછાથી વિવિધ વિસ્તારમાં રિક્ષામાં ફર્યા બાદ રાત્રે સવા આઠેક વાગ્યાનાં અરસામાં મોટાવરાછા રિંગરોડ સ્થિત મહાદેવ ફાર્મની બાજુમાં એકાંત સ્થળે ઉતરી ગયા હતાં.

મંજીલે પહોંચાડ્યા બાદ રિક્ષા ચાલકે ભાડુ માંગતાં માથાનાં ભાગે છરો મારી કપડા ઉતારાવી એક યુવકે સૃષ્ટિ વિરુદ્ધનો કૃત્ય આચરી વીડિયો ઉતારી લીધો હતો. ઉપરાંત, વીડિયોમાં ભરવાડ તથા મુસ્લિમ સમાજને ઉદ્દેશી ગાળો બોલાવડાવી તેનો વીસ હજારનો મોબાઈલ અને ભાડાની એક હજારની રોકડ મળી કૂલ એકવીસ હજારની મત્તા લુંટી લીધી હતી. ત્યારબાદ રિક્ષાચાલકનાં હાથ બાંધી દઈ રિક્ષામાં બેસાડી એક સાગરીતે રિક્ષા ચલાવી સીમાડાનાકા ખાતે ઉતારી ત્રણેય મળતીયા ભાગી ગયા હતાં. આ બનાવ મામલે રિક્ષા ચાલક કૃષ્ણપાલ બધેલ દ્વારા માથામાં વાગ્યું હોવાથી સારવાર બાદ ઉત્રાણ પોલીસ મથકમાં અજાણી ત્રિપુટી વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ફરિયાદ સંદર્ભે ત્રિપુટી પૈકીનાં વિજય ઉર્ફે વિરાજ મેઘજીભાઈ ભોજવીયા જાતે દેવીપુજક અને તેનાં ભાઈ અર્જુન દેવીપુજક જે બંને ભરવાડ વાસ, કાપોદ્રા, સુરત ખાતે રહે છે અને મુળ વતન ગામ-ધારપીપળા, તા, રાણપુર, જી. બોટાદ છે તેની ધરપકડ કરાઇ છે. સાથે એક સગીર આરોપી પણ છે.

ઘટનાની વિગતો જણાવતાં ડીસીપી લખધીરસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે, આ ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખી સ્થાનિક ઉત્રાણ પોલીસ સ્ટેશનની અલગ-અલગ ટીમો બનાવવામાં આવી. આ સાથે ઝોન-૫ એલસીબીની પણ ટીમ બનાવવામાં આવેલી અને અજાણ્યા શખસો કે જેણે આ કૃત્ય કર્યું છે. તેની ઓળખ કરવા તેમજ તેને અરેસ્ટ કરવા માટેના વિવિધ પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતાં. હ્યુમન ઇન્ટેલિજન્સ તેમજ ટેકનીકલ સર્વેલન્સના આધારે વિવિધ ટીમો દ્વારા ત્રણ આરોપીની ઓળખ કરવામાં આવી અને ટૂંક જ સમયમાં તેઓની ધરપકડ પણ કરવામાં આવી છે. ત્રણ શખસો પૈકી એક કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર છે.

આ ઉપરાંત બે શખસો વિજય ભોજવિયા તેમજ તેનો ભાઈ અર્જુન ભોજવિયા, બંનેની ધરપકડ કરી રિમાન્ડ મેળવવામાં આવ્યા છે. ભૂતકાળમાં વિજય વિરૂધ્ધ અમરેલી પોલીસ સ્ટેશનમાં અપહરણનો પણ ગુનો દાખલ થયેલ છે, આ ઉપરાંત સુરત શહેરમાં પણ અલગ પોલીસ સ્ટેશનોમાં તેના વિરૂધ્ધ ગુના દાખલ થયા છે. વધુ કોઇ ગુના આચર્યા છે કે કેમ? તેની તપાસ થઇ રહી છે.

# પેન્ડિંગ ફાઈલોનો ૭ દિ'માં કરો નિકાલ

## મુખ્યમંત્રી-નાયબ મુખ્યમંત્રી સાથે બેઠક બાદ મ્યુનિ. કમિશનર સુમેરાએ મિટિંગ યોજી આપ્યો આદેશ




રાજકોટ, તા.૩૦
મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા ગઈકાલે ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી સાથે બેઠક યોજી પરત આવ્યા બાદ તુરંત જ આજે અરજન્ટ મિટિંગ યોજી પેન્ડિંગ ફાઈલોનો સાત દિવસની અંદર નિકાલ કરવા કડક આદેશ આપી દીધો હતો. કમિશનર તુષાર સુમેરાએ આજે મહાનગરપાલિકાની કાર્યક્ષમતામાં વધુ સુધારો લાવવા, વહીવટી પ્રક્રિયાઓમાં ગતિ લાવવા તથા શહેરના સર્વાંગી વિકાસ અને સ્વચ્છતાને નવી દિશા આપવા હેતુસર ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરો શાખાધિકારીઓ તેમજ ત્રણેય ઝોનના વોર્ડ ઓફિસર્સ સાથે વિસ્તૃત રિવ્યુ બેઠક આજે સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે યોજી હતી. આ બેઠકમાં વિવિધ સ્તરે પેન્ડિંગ રહેલી ફાઈલો, આવનાર વર્ષના વિકાસ કાર્યો, આગામી બજેટ આયોજન તથા સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૬ માટેની તૈયારી અંગે વિગતવાર ચર્ચા અને સમીક્ષા કરવામાં આવી હતી

મહાનગર પાલિકાના વિવિધ વિભાગોમાં નાગરિકો દ્વારા કરવામાં આવતી અરજીઓ અને સેવાઓના ઝડપી અને સમયસર નિકાલ થાય તેમજ સેવાઓના વિલંબને કારણે નાગરિકોને પડતી હાલાકી દુર થાય તે માટે મ્યુનિસિપલ કમિશનર દ્વારા સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી. મ્યુનિસિપલ કમિશનરે દરેક વિભાગના કાર્યોની ઊંડાણપૂર્વક સમીક્ષા કરી હતી. મહાનગરપાલિકાના તમામ વિભાગોના વિવિધ સ્તરે રહેલી પેન્ડીંગ ફાઈલોના નિકાલ અંગે સમીક્ષા કરવામાં આવી હતી. અને,આવી તમામ પેન્ડીંગ ફાઈલોનો એક અઠવાડિયામાં ફરજિયાત નિકાલ કરવાની સ્પષ્ટ સુચના આપવામાં આવી હતી

વોર્ડ ઓફિસરોને ત્રણ દિવસમાં વોર્ડ સ્તરે સંબંધિત વિભાગોના અધિકારીઓ સાથે સંકલન કરી પેન્ડીંગ ફાઈલોનો નિકાલ કરવા જવાબદારી આપવામાં આવી છે. તમામ પાંચ નાયબ મ્યુનિસિપલ કમિશનરોને એક અઠવાડિયામાં પોતાના ઝોન અને ફાળવેલા વિભાગોની પેન્ડીંગ ફાઈલોના નિરાકરણ અંગે સુચના આપી હતી. એક અઠવાડિયા બાદ મ્યુનિસિપલ કમિશનર ઝોન લેવલે પેન્ડીંગ ફાઈલોના નિકાલ અંગે રીવ્યુ લેશે.

આ ઉપરાંત તમામ નાયબ મ્યુનિસિપલ કમિશનરોને સંબંધિત વિભાગોના અધિકારીઓ સાથે સંકલન કરી ફાઈલોના સમયસર નિકાલ તેમજ ફાઈલ ટ્રેકિંગની વ્યવસ્થા કરવા માટે ૪૮ કલાકમાં એક્શન પ્લાન તૈયાર કરી મ્યુનિસિપલ કમિશનર સમક્ષ રજુ કરવા સુચના આપવામાં આવી હતી. નિયત સમયમર્યાદા કરતાં વધુ સમય સુધી પેન્ડિંગ રહેલી ફાઈલો અંગે જવાબદારી નક્કી કરી સંબંધિત શાખા અધિકારીઓને ઝડપી અને ગુણવત્તાપૂર્ણ નિકાલ માટે તાકીદ કરી હતી. આ ઉપરાંત, દરેક વિભાગે પોતાની પેન્ડિંગ ફાઈલોનું શાખા વાઈઝ સાપ્તાહિક રિવ્યુ કરી નિકાલ અંગેના પગલાં લેવાની અને તેની માહિતી ઉચ્ચ અધિકારીઓને રજૂ કરવાની સૂચના આપવામાં આવી.

તમામ ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર તથા સંલગ્ન અધિકારીઓને પોતાના ઝોનમાં પ્રગતિ હેઠળના વિકાસ કાર્યોની ફરજિયાત રૂબરૂ સ્થળ સમીક્ષા કરવાની સૂચના આપવામાં આવી હતી મહાનગરપાલિકાની હેલ્પલાઈન નંબર- ૧૫૫૩૦૪, વોટ્સએપ ચેટબોટ અને વેબસાઈટ પર નોંધાયેલી ફરિયાદોમાંથી દસ ફરિયાદો રેન્ડમ ચેક કરી તેની સ્થળ તપાસ કરવા અને નાગરિકો સાથે જન સંવાદ કરી સ્થળ પર ફરિયાદોના નિકાલની ખરાઈ કરી નિરાકરણ લાવવા, ત્રણેય ઝોનના નાયબ મ્યુનિસિપલ કમિશનર અને વોર્ડ ઓફિસર્સને આદેશ આપવામાં આવ્યો હતો.

મહાનગરપાલિકા દ્વારા આગામી વર્ષના બજેટ આયોજનને અનુલક્ષીને, શહેરમાં હાલ ચાલી રહેલા તથા બાકી રહેલા વિકાસ કાર્યોની સમીક્ષા કરી, સમયસર અને ગુણવત્તાપૂર્વક પૂર્ણ કરવા પર મ્યુનિસિપલ કમિશનરે વિશેષ ભાર મુક્યો હતો.

બેઠકમાં સ્વચ્છતા વિષયને મુખ્ય એજન્ડા તરીકે લેવામાં આવ્યો હતો. ગયા વર્ષે સ્વચ્છતા સર્વેક્ષણમાં રાજકોટ શહેરે ૩૭મા ક્રમેથી નોંધપાત્ર પ્રગતિ કરી ૧૯મા ક્રમે સ્થાન મેળવ્યું છે, તે બાબતનું વિશેષ ઉલ્લેખ કરી આ પ્રગતિને આગળ વધારવા અને સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૬માં રાજકોટ શહેરને અગ્રેસર શહેર તરીકે સ્થાન અપાવવા આગામી ૪૮ કલાકમાં ઝોન લેવલે સ્વચ્છ સર્વેક્ષણની માર્ગદર્શિકા અનુસાર તમામ નાયબ મ્યુનિસિપલ કમિશનરશને સંબંધિત અધિકારીઓ સાથે સંકલન કરી એક્શન પ્લાન બનાવી નક્કર કામગીરીનું આયોજન કરી મ્યુનિસિપલ કમિશનર સમક્ષ રજુ કરવા જણાવવામાં આવ્યું હતું. સ્વચ્છતા સંબંધી નાગરિકોના પ્રશ્નો, ફરિયાદો અને સૂચનોને સ્થળ પર સમજી તેના ઝડપી નિકાલ માટે અધિકારીઓને દૈનિક બે કલાક સેનિટેશન રીવ્યુ માટે ફરજીયાત ફેરણી (ફીલ્ડ વિઝિટ) કરવા કમિશનરે આદેશ આપ્યો હતો. સાથોસાથ , ફેરણી (ફીલ્ડ વિઝીટ) અંગેની કામગીરીના દૈનિક GPS Location સાથેના અહેવાલ મ્યુનિસિપલ કમિશનરને આપવા અંગે સુચના આપવામાં આવી હતી

વધુમાં ડોર ટુ ડોર વેસ્ટ કલેક્શન કામગીરીમાં કોઈપણ ઘર, મહોલ્લા, શેરીઓ બાકી ન રહી જાય અને રાજકોટ શહેરમાં સ્વચ્છતા માટે વાસ્તવિક કામગીરી થાય તે બાબત પર કમિશનર દ્વારા ભાર મુકવામાં આવ્યો હતો. સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૬ જનભાગીદારી અન્વયે નાગરિકોના પ્રતિભાવ અને ફીડ બેકમાં સંપૂર્ણ માર્ક્સ પ્રાપ્ત થાય તે દિશામાં કામગીરી કરવા સુચના આપી હતી. સ્વચ્છતાની જવાબદારી માત્ર સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ પૂરતી મર્યાદિત ન રાખતા, મહાનગરપાલિકાના તમામ વિભાગોને સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૬ અંતર્ગત જવાબદારી નક્કી કરી કાર્ય કરવા સ્પષ્ટ સૂચના આપી આ સંદર્ભે તમામ વિભાગોની ભૂમિકા, કામગીરી અને જવાબદારીઓ નિર્ધારિત કરતો વિસ્તૃત ઓર્ડર આગામી બે દિવસમાં જાહેર કરવામાં આવશે, તેવી જાણ કરવામાં આવી હતી

બેઠકમાં ત્રણેય ઝોનના વોર્ડ ઓફિસર્સને પેન્ડિંગ ફાઈલોના નિકાલ તેમજ સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૬ માટે વોર્ડ વાઈઝ નોડલ અધિકારી તરીકે જવાબદારી સોંપવામાં આવી હતી. વોર્ડ સ્તરે સ્વચ્છતા સર્વેક્ષણની માર્ગદર્શિકા મુજબ કામગીરી પર ખાસ દેખરેખ રાખવાની જવાબદારી સોંપવામાં આવી હતી જેમાં નિયમિત અને અસરકારક સ્વચ્છતા કામગીરી, બ્યુટીફિકેશન અને શહેરી સૌંદર્યીકરણ, ન્યૂસન્સ પોઈન્ટ્સની ઓળખ અને નિકાલ, ડોર ટુ ડોર વેસ્ટ કલેક્શન અને કચરાનું સેગ્રીગેશન, વિઝિબલ ક્લીનલીનેસ જાળવવી, નાગરિકોના પ્રતિસાદ (પબ્લિક ફીડબેક) એકત્રિત કરવો સમગ્ર વર્ષ દરમિયાન IEC એટલે કે (Information, Education Communication) પ્રવૃત્તિઓનું આયોજન કરી તેનો અમલ કરવાનો રહેશે.

# તમે શું કરો છો એની અમને બધી ખબર : CM

## રાજકોટનાં મેયર, સ્ટેન્ડિંગ ચેરમેન અને કમિશનરને મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીએ ખખડાવી નાખ્યા



રાજકોટ, તા. ૩૦
રાજકોટના મેયર, સ્ટેન્ડિંગ ચેરમેન અને કમિશનરને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલનું તેડું આવતાં ગઈકાલે બન્ને પદાધિકારીઓ અને કમિશનર ગાંધીનગર પહોંચ્યા બાદ મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીએ પદાધિકારીઓ અને અધિકારીઓના કલાસ લીધા હતા અને, મહાનગર પાલિકાના નવા વર્ષના બજેટનો અમલ શરૂ થાય તે પહેલા મહત્વના પ્રોજેક્ટ હાથ પર લેવા માટે અને ગુજરાત રાજ્યના બજેટ સંદર્ભે રાજકોટ સહિત રાજ્યની તમામ મહાનગરપાલિકાના મેયર, સ્ટેન્ડિંગ ચેરમેન અને કમિશનર સાથે બેઠક યોજીને વિકાસકામોની ચર્ચા કરી હતી. મુખ્યમંત્રી સાથે બેઠક પહેલા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સાથે બેઠક યોજાઈ હતી. જાણવા મળ્યા મુજબ, મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીએ રાજકોટના મેયર, ચેરમેન અને કમિશનરને સંકલનમાં રહીને કામ કરવા માટે સલાહ આપી હતી. નાયબ મુખ્યમંત્રીએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે તમે શું કરો છો તેની અમને બધી ખબર છે. ખરાબ રોડ રસ્તાને કારણે તમારા કોઇ સંબંધીનું મૃત્યુ થાય તો તમે કેવી લાગણી અનુભવો ?' પ્રજાની સમસ્યાઓ દુર થવી જ જોઇએ. અને કોઈ ફરિયાદ આવવી ન જોઈએ.

મેયર નયનાબેન પેઢડીયા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીન ઠાકર અને કમિશનર તુષાર સુમેરાને મુખ્યમંત્રીનું તેડું આવ્યા બાદ ગઈકાલે તેઓએ ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સાથે બેઠક કરી હતી. રાજકોટ સહિત ગુજરાતની આઠ મહાનગરપાલિકાઓના મેયર, મ્યુનિસિપલ કમિશનર અને સ્ટેન્ડિંગ ચેરમેનને મુખ્યમંત્રીએ બોલાવ્યા હતા. આ ઉચ્ચસ્તરીય બેઠકમાં રાજકોટના વિકાસકાર્યો ઉપરાંત લાંબા સમયથી પડતર પ્રશ્નો અંગે ચર્ચા કરવામાં આવી હતી.


મહાનગર પાલિકાની ચૂંટણી નજીક આવી રહી છે. ત્યારે, મુખ્યમંત્રી દ્વારા તમામ મહા નગરોના પદાધિકારીઓ સાથેની આ બેઠક ઘણી મહત્વની બની રહી હતી. ખાસ કરીને રાજકોટ મહાનગર પાલિકા દ્વારા કરોડોનાં ખર્ચે ચાલતા પ્રોજેક્ટ્સની ગતિ અને વહીવટી અવરોધો દૂર કરવા માટે આ બેઠકમાં ચર્ચા થઈ હતી. રાજકોટ મહાનગર પાલિકાનું બજેટ હવે

નજીકના દિવસોમાં જ રજુ થવાનું છે. અને રાજ્યના બજેટની પણ તૈયારીઓ શરૂ થઇ ગઇ છે ત્યારે, ગઇકાલે મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી સાથેની બેઠકમાં મહાનગરપાલિકાના વર્ષ ૨૦૨૫-૨૬ના બજેટની બાકી રહેલી યોજનાઓ અને જે યોજનાઓ શરૂ થઇ છે તે ક્યાં તબકકે છે તેની ચર્ચા કરવામાં આવી હતી. મુખ્યમંત્રીએ પ્રજાને પડતી મુશ્કેલીનો ઉલ્લેખ કરીને જે યોજનો શરૂ થઈ છે તે તુરંત પુરી કરવા અને જે યોજનાઓ પાઇપલાઇનમાં છે તે આગળ વધારવા માટે અધિકારીઓ અને પદાધિકારીઓને સુચના આપી હતી. અને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે, પબ્લિક હેરાન થાય તેવું કોઈ કામ કરવાનું નથી.

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલ સાથે બેઠક પહેલાં મેયર, ચેરમેન અને કમિશનર નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીને મળ્યા હતા. નાયબ મુખ્યમંત્રીએ રાજકોટ મહાનગરપાલિકાના બાકી રહેલા પ્રોજેક્ટ વિશે વિગતો જાણી હતી અને શાસકો તેમજ કમિશનરને સંકલનમાં રહીને કામ કરવા પર ભાર મુક્યો હતો. તેઓએ કમિશનર અને પદાધિકારીઓને સ્પષ્ટ કહ્યું હતું કે 'તમે શું કરો છો એની અમને બધી ખબર છે. ખરાબ રોડ રસ્તાને કારણે કે કોઈ પણ યોજનાના અધુરા કામને કારણે પબ્લિક હેરાન થવી ન જોઈએ. ખરાબ રોડ રસ્તાને કારણે તમારાં કોઈ સગા વહાલાનું મૃત્યુ થાય તો તમે શું કરશો ? તેવો વેધક સવાલ તેમણે કર્યો હતો અને, તેઓએ રોડ રસ્તા ડ્રેનેજ સહિતના કામો માટે મોટી રકમનું બજેટ ફાળવવામાં આવે છે ત્યારે, આવા કામને અગ્રતા આપી પ્રજાની મુશ્કેલી દુર કરવા અને પ્રજાલક્ષી કામ ઝડપથી પુરા કરવા માટે પણ તાકીદ કરી હતી.

# આજે ૨૦૦થી વધુ વિસ્તારોને 'નલ સે જલ' નહીં

## મનપાના વોટર વર્ક્સ વિભાગ દ્વારા અલગ અલગ કામગીરી માટે વોર્ડ નંબર ૪-૫-૭ અને ૧૪ માં પાણી વિતરણ બંધ રહેશે



રાજકોટ, તા.૩૦
મહાનગરપાલિકાના વોટર વર્ક્સ વિભાગ દ્વારા બેડી ફિલ્ટર પ્લાન્ટ પર મેઈન પંપ હાઉસથી ઈ.એસ.આર તરફની હેડર લાઈનમાં ડકટ ફૂટ બેન્ડમાં લીકેજ હોવાથી તથા મેઈન પમ્પ હાઉસ તથા જયુબેલી પમ્પ હાઉસ લાઈનને જોડતો ઈન્ટરસેપ્ટર વાલ્વનું રીડ્યુસર લીકેજ હોવાથી જરૂરી લીકેજ રીપેરીંગ, વાલ્વ બદલવાની કામગીરી તથા જીલ્લા ગાર્ડન પરના GSRની સફાઈ કામગીરી માટે આવતીકાલ તા.૩૧નાં રોજ એક દિવસ માટે શટડાઉન રખાયું છે. આથી, બેડી ફિલ્ટર પ્લાન્ટ હેડવર્કસ, ગ્રીનલેન્ડ હેડવર્કસ તથા જિલ્લા ગાર્ડન હેડવર્કસ હેઠળના વોર્ડ નંબર ૪-૫-૭ અને ૧૪ (પાર્ટ) ના વિસ્તારોમાં પાણી વિતરણ બંધ રહેશે, જે વોર્ડ વિસ્તારોમાં પાણી બંધ રહેવાનું છે તે આ મુજબ છે.

વોર્ડ નંબર ૧ ૪ (બેડી હેડવર્કસ): વેલનાથ પરા, સાગર પાર્ક, સાઈ પાર્ક ,કબીર ધામ, સ્કાય રેસીડેનસી, રાજ લક્ષ્મી , સોહમ નગર, રાધિકા પાર્ક, આર ડી રેસીડેન્સી, સિદ્ધિ વિનાયક પાર્ક, ઓમ પાર્ક, હરી નગર, સુખ સાગર પાર્ક, અર્જુન પાર્ક, શિવમ પાર્ક, બજરંગ પાર્ક, સીતારામ પાર્ક, શાંતિ બંગલો, સરદાર એવન્યુ, સીતારામ પાર્ક સૂચિત, ઘનશ્યામ નગર, આનંદ એવન્યુ, સેટેલાઈટ પાર્ક, રાધા મીરા પાર્ક, શ્રી વાટીકા, આસ્થા વેન્ટીલા, ઈન્દ્રપ્રસ્થ ૧ તથા ૨, વૈદિક વિહાર, બ્રહ્માણી પાર્ક ૧ થા ૨, રામ પાર્ક, રાજ રેસીડેન્સી, ઠાકોર દ્વાર ૧ તથા ૨, જય,ગુરુદેવ પાર્ક, પંચવટી સોસાયટી, વ્રજભૂમી રેસીડેન્સી, શ્રી રેસીડેન્સી, રિયાન રેસીડેન્સી, રાજમોતી રેસીડેન્સી, શક્તિ પાર્ક, પુષ્કરધામ રેસીડેન્સી, જયસન પાર્ક , રોયલ રેસીડેન્સી, સંગીતા પાર્ક,૫૪/૧-૨-૩, પચ્ચીસ વારીયા, જય જવાન જય કિશાન સોસાયટી, ઉત્સવ પાર્ક, ધારા એવન્યુ, ચંદ્ર પાર્ક, જય પ્રકાશ નગર, સુખ સાગર પાર્ક,અંબિકા પાર્ક, હરી સાગર પાર્ક, મારુતી નંદન, યોગી પાર્ક, આનંદ પાર્ક, અભિરામ પાર્ક, તેજ રેસી, કલ્પતરુ, શિવ ધારા- સી, સ્વસ્તિક વિલા , સિલ્વર પાર્ક, સદગુરુ પાર્ક, ક્રાંતિ માનવ સેવા સ્મશાન , મફતીયાપરા, લાલપરી, વિનાયક ફ્લેટ, ૨૫ વારીયા એકતા સોસાયટી, બદરી પાર્ક, શિવમ પાર્ક, રામ પાર્ક ,અલી કાદર પાર્ક, વંદે માતરમ પાર્ક,.પરસોતમ પાર્ક.ભગવતી પરા,ગાંધી સ્મૃતિ, નંદનવન, શાંતિનગર, શિવમ પાર્ક ૩, નુર રેસિડેન્સી, એ.જી.પાર્ક, શિવમ પાર્ક, બુરહાની પાર્ક, કેશવ પાર્ક, સુખ સાગર, અંબિકા પાર્ક, ખોડલ પાર્ક ડી,મકવાણા સોસાયટી, નકલંક પાર્ક,ગોપાલ રેસિડેન્સી,સિલ્વર પાર્ક,નંદ નગર, આરાધના પાર્ક, સોમનાથ વિલા, કલ્પતરુ, જાનલ પાર્ક,

વોર્ડ નંબર ૫ : ગ્રીનલેન્ડ હેડવર્કસ-અલકા પાર્ક, ભગીરથ સોસા., ગાંધી સ્મૃતિ સોસા-૧-૨, ગ્રામલક્ષ્મી સોસા., ગ્રીનગોલ્ડન પાર્ક, ગુજરાત સોસા., ગુલાબવાડી, હનુમાન પરા, હરિદ્વાર પાર્ક, ખોડીયાર પાર્ક, કોહિનૂર પાર્ક, એલ.પી.પાર્ક, લાખેશ્વર સોસા., લાલપરી મફતીયાપરા, માલધારી સોસા., મંછાનગર ખાડો, મનહર સોસા., મણીનગર, માર્કેટિંગ યાર્ડ હુડકો ક્વાર્ટર, મારૂતીનગર-૧-૨-૩, મીરા પાર્ક, નારાયણ નગર, નરસિંહ નગર, નવાગામ આવાસ યોજના, નવાગામ શક્તિ સોસા. ૫૬ ન્યુ ગાંધી સ્મૃતિ સોસા., ન્યુ શક્તિ સોસા., પટેલ પાર્ક, પેડક સંસ્થા, પ્રજાપતિ નગર, રામપાર્ક, રાધે પાર્ક, રઘુવીર પાર્ક, રણછોડનગર, રણછોડ વાડી-૧-૨, રત્નદીપ સોસા., સદગુરુ રણછોડ નગર, સંતકબીર સોસા., સરદાર પટેલ કોલોની, સેટેલાઇટ પાર્ક, શિવમ નગર, શિવનગર, શિવ સૃષ્ટી સોસા.-૧-૨-૩, શ્રીરામ સોસા., શ્યામપાર્ક, સિધ્ધિ વિનાયક સોસા., સીતારામ નગર, વ્રજભૂમિ, માલધારી સોસા., વલ્લભ નગર, વાલ્મીકી આવાસ યોજના, વૃન્દાવન સોસા., ઝરીયા સોસા.

વોર્ડ નંબર ૭ જીલ્લા ગાર્ડન હેડવર્કસ : કરણપરા, પ્રહલાદ પ્લોટ, રામનાથ પરા, દિવાનપરા, હાથીખાના, કોટક શેરી. વર્ધમાન નગર.રઘુવીર પરા, સોની બજાર, ધર્મેન્દ્ર રોડ, ખત્રી વાડ, લાખાજીરાજ રોડ વગેરે વિસ્તાર

વોર્ડ નંબર ૧૪ : લક્ષ્મીવાડી, ગુંદાવાડી, કેવડા વાડી, લલુડી વોકડી, બાપુનગર, બાપુનગર સ્લમ ક્વાર્ટર, ગોવિંદ પરા, કોઠારીયા કોલોની (પાર્ટ), પુજારા પ્લોટ (પાર્ટ), સોરઠીયા વાડી, જયરાજ પ્લોટ, કુંભારવાડા, હાથીખાના (પાર્ટ), સોરઠીયા પ્લોટ, ઘાંચીવાડ, નવયુગપરા, મીલપરા (પાર્ટ).

# જંગલેશ્વરના રહીશોની કલેક્ટરને આજીજી

## થોડો વધુ સમય આપવા માંગ : રેવન્યુ તંત્ર નથી થતું ટસ્નું મસ



રાજકોટ, તા. ૩૦
હાલ જે વિગતો મળી રહી છે તે મુજબ રેવન્યુ વિભાગ દ્વારા જંગલેશ્વર સહિતના આજી નદીના કાંઠે વસતા જે વિસ્તારો છે અને તેમાં પણ જ્યારે રિવરફ્રન્ટ નો પ્રોજેક્ટ હાથ ઉપર લેવામાં આવ્યો છે ત્યારે તમામ થયેલા દબાણ અને દૂર કરવા માટેના હાલ પગલાંઓ લેવાના રવિન વિભાગ દ્વારા શરૂ કરી દેવામાં આવ્યા છે મળતી માહિતી મુજબ કલેક્ટર દ્વારા અંતિમ નોટિસો પણ મામલતદાર હસ્તે પાઠવી દેવામાં આવી છે જેના ભાગરૂપે હાલ વસતા લોકોમાં અને અસરગ્રસ્તોમાં ભારે રોષ ભભૂકી ઉઠ્યો છે અને તેમના દ્વારા કલેક્ટર તંત્રની આ કાર્યવાહી રોકવા માટેની અનેકવિધ તૈયારીઓ પણ શરૂ કરી દેવામાં આવી હોવાનું પણ હાલ જાણવા મળ્યું છે.

શહેરના જંગલેશ્વર, રાધેક્રિષ્ના-વેલનાથ સોસાયટી, યોગેશ્વર ચોક અને નડાદાનગર વિસ્તારમાં સરકારી જમીન પર અનઅધિકૃત રીતે ખડકાયેલા ૧૩૫૮ જેટલા મકાનોના ડિમોલીશન માટે કલેક્ટર તંત્ર દ્વારા આખરી નોટીસ ફટકારાતા અસરગ્રસ્તોની હાલત કફોડી બની જવા પામી છે. કલેક્ટર તંત્રની આ કાર્યવાહી સામે અસરગ્રસ્તોએ વિશાળ સંખ્યામાં ગઇકાલે કલેક્ટર કચેરી ખાતે ઉમટી પડી.

આ મામલે જિલ્લા કલેક્ટર ડો. ઓમપ્રકાશને આવેદનપત્ર પાઠવી આ વિસ્તારમાં ડિમોલીશન પર રોક લગાવી તેમના મકાનો રેગ્યુલાઇઝ કરી આપવા ઉગ્ર રજૂઆત કરી હતી. અસરગ્રસ્તોએ જણાવ્યું હતું કે તેઓએ આ વિસ્તારમાં ૫૦ થી ૬૦ વર્ષથી વસવાટ કરી રહ્યા છે તેઓની પાસે ૪૦ વર્ષ જુના લાઇટ બીલ, વેરા બીલ અને અન્ય સરકારી પુરાવાઓ છે.

ત્યારે તેઓના મકાનો રેગ્યુલાઇઝ કરી આપવા આવશ્યક છે, બાળકોની પરીક્ષાઓનો સમયે જ ડિમોલીશનની હાથ ધરાયેલી કાર્યવાહી સામે તેઓએ ભારે આક્રોશ વ્યકત કર્યો હતો. તેઓએ વિશેષમાં આ રજૂઆતમાં જણાવ્યું હતું કે આ વિસ્તારમાં તમામ સમાજના લોકો શાંતિપૂર્ણ રીતે વસવાટ કરી રહ્યા છે. ડિમોલીશનને અટકાવવા માટે અગાઉ પણ રાજકોટ પૂર્વ વિભાગના મામલતદાર સમક્ષ રજૂઆત કરવામાં આવી છે. તેમ છતાં તેઓની માંગણી કલેક્ટર તંત્ર દ્વારા હજુ સુધી ધ્યાનમાં લેવામાં આવી નથી. આ રજૂઆત સમયે અનેક અસરગ્રસ્તો રડી પડ્યા હતા. કલેક્ટર તંત્ર દ્વારા ડિમોલીશનની કાર્યવાહી પર રોક લગાવી તેમના મકાનો રેગ્યુલાઇઝ કરી આપવાનું સૂર અસરગ્રસ્તોએ વ્યકત કર્યો હતો.

મળતી માહિતી મુજબ અગાઉ પણ આ જ વિસ્તારના રહેવાસીઓ દ્વારા કલેક્ટરને રજૂઆત કરવામાં આવી હતી પરંતુ જે વિગત સામે આવી રહી છે તેને ધ્યાને લેતા એ વાત તો સ્પષ્ટ થઈ ચૂકી છે કે હાલ કલેક્ટર ડિમોલિશન કરવા પર મક્કમ મન રાખીને બેઠા છે. અને તંત્રમાંથી પણ છૂટો દોર મળ્યો હોય તેઓ ખાસ જાણવા પણ મળ્યું છે ત્યારે હાલ અસરગ્રસ્તો સુ પગલાં લેશે અને તંત્ર ક્યારે ડિમોલિશન કરશે તે હવે જોવાનું રહ્યું. જો જંગલેશ્વરનું ડિમોશન થાય તો રેવન્યુ તંત્ર અને મહાનગરપાલિકા નું સૌથી મોટું ડીમોલિશન થશે તેવું પણ જાણકાર વર્તુળો ચરચી રહ્યા છે. બીજી તરફ અસરગ્રસ્તો નું કહેવું છે કે તંત્રએ વૈકલ્પિક વ્યવસ્થા રહેવા માટે કરવી જોઈએ જે ખૂબ અગત્યની છે.

# લેન્ડગ્રેબિંગ બેઠકમાં ૪૩માંથી ૩૩ કેસ ડ્રોપ

## સુનાવણીમાં કલેકટરે પાંચ અરજદારોને રૂબરૂ સાંભળ્યા : એકપણમાં FIR નહીં




રાજકોટ, તા. ૩૦
લેન્ડ ગ્રેબિંગ બેઠકમાં હાલ સૌથી મોટો અને જો સળગતો પ્રશ્ન હોય તો તે એ છે કે જેટલા કેસ સુનાવણી અર્થે લેવામાં આવતા હોય તેમાં વધુમાં વધુ કેસને ડ્રોપ કરી દેવામાં આવે છે ત્યારે ગઈકાલે સુનાવણી અર્થે લેવામાં આવેલા ૪૩ કેસોમાંથી ૩૩ કેસને ડ્રોપ કરી દેવામાં આવ્યા હતા જેમાંથી બે કેસ પેન્ડિંગ રાખવામાં આવ્યા છે. હાલ જે વિગતો મળી રહી છે તે મુજબ મહત્વનું એ છે કે આટલા બધા કેસ પેન્ડિંગ કયા કારણસર રાખવામાં આવે છે પરંતુ સરકારી કામગીરીની પરિભાષા પર જો ચર્ચા કરવામાં આવે તો તે સ્પષ્ટ છે કે હાલ અપૂરતા દસ્તાવેજોના પગલે આ તમામ કેસને બાકી રાખવામાં એટલે કે પડતા મૂકી દેવામાં આવી રહ્યા છે જેનાથી રેવન્યુ વિભાગનો સમય પણ વ્યર્થ થઈ રહ્યો છે.

રાજકોટ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે ગઇકાલે જિલ્લા કલેક્ટર ડો. ઓમપ્રકાશના અધ્યક્ષ સ્થાને આયોજીત કરાયેલ લેન્ડગ્રેબીંગની બેઠકમાં ૪૩ કેસોમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. આ સુનાવણી દરમ્યાન એક પણ કેસમાં પોલીસ ફરિયાદનો નિર્ણય લેવામાં આવેલ નથી. જ્યારે આઠ કેસોમાં સમાધાન થવા પામેલ હતું. જ્યારે ૩૩ જેટલા કેસો ડ્રોપ કરવામાં આવેલ હતા.

આ ઉપરાંત બે કેસ પેન્ડીંગ રાખવાનો નિર્ણય આ બેઠકમાં લેવામાં આવ્યો હતો. અહીં ઉલ્લેખનીય છે કે સરકારી જમીનો પર પેસકદમી અને પારકી મીલ્કતો હડપ કરવાના સતત વધતા જતાં કિસ્સાઓમાં અરજદારોને યોગ્ય ન્યાય મળે તેમજ દોષિતો સામે કાયદાનો સિકંજો કસાઇ તે માટે આ લેન્ડગ્રેબીંગનો કાયદો રાજ્ય સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવેલ છે.

પરંતુ લેન્ડગ્રેબીંગના માત્ર જુજ કેસોમાં જ પોલીસ ફરિયાદનો નિર્ણય લેવામાં આવી રહ્યો છે. મોટા ભાગના કેસો પડતા મુકવામાં આવી રહ્યા છે અને આ લેન્ડગ્રેબીંગની બેઠકમાં અમુક કેસોમાં સમાધાન થઇ જાય છે. બેઠકમાં એક પણ કેસમાં ફરિયાદ દાખલ કરવામાં નિર્ણય કમીટીને યોગ્ય નહીં જણાતા પોલીસ ફરિયાદનો નિર્ણય લેવામાં આવેલ ન હતો. જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર લેન્ડ ગ્રેબિંગ ની બેઠકો યોગ્ય રીતે યોજવામાં આવે અને ખરા અર્થમાં આરોપીઓને દંડ થાય તે ખૂબ જરૂરી છે. જો આ કામગીરીમાં જરા પણ ચૂક રાખવામાં આવશે તો ઘણા ખરા કેસોને ડ્રોપ કરવામાં આવશે જે હાલ થઈ રહ્યા છે.